સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# દિલ્હી બ્લાસ્ટ કેસ : જમ્મુ-કાશ્મીરમાં ઠેક ઠેકાણે છાપા

## કુલગામ અને શોપિયામાં પોલીસની આતંકવાદ વિરોધી મોટી કાર્યવાહી, ૨૦૦થી વધુ ઠેકાણાઓ પર તપાસ

શ્રીનગર, તા. ૧૨

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામેની કાર્યવાહી વધુ તીવ્ર બની રહી છે. પોલીસે બુધવારે કુલગામ અને શોપિયા જેવા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યા હતા. આ ઓપરેશનનો હેતુ પાકિસ્તાનથી કાર્યરત જમ્મુ અને કાશ્મીર મૂળ (JKNOP) ના સંબંધીઓની શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધવા, શંકાસ્પદ વ્યક્તિઓની માહિતી એકત્રિત કરવાનો અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા કડક બનાવવાનો હતો. કુલગામમાં, પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી (JEI) સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ મોટા ઓપરેશનમાં, કુલગામ પોલીસે જિલ્લામાં ૨૦૦ થી વધુ JEI ઠેકાણાઓ પર દરોડા પાડ્યા અને ઘરની તપાસ હાથ ધરી. દરમિયાન, પોલીસે શોપિયા જિલ્લામાં જમાત-એ-ઈસ્લામી સભ્યો અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (OGW) સહિત શંકાસ્પદ રાષ્ટ્ર વિરોધી તત્વોને



નિશાન બનાવીને મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. પોલીસે જણાવ્યું હતું કે આ ઓપરેશનનો હેતુ વિસ્તારમાં વિધ્વંસક પ્રવૃત્તિઓને રોકવાનો હતો.

આ પહેલાં, શોપિયામાં ચેકિંગ દરમિયાન સેંકડો વાહનોનું ચલણ કાપવામાં આવ્યું હતું. શોપિયાન પોલીસે એક X-પોસ્ટમાં લખ્યું છે કે, "રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને રોકવા માટે જિલ્લામાં શોધ અને વાહન ચેકિંગ વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. ઉલ્લંઘન અને માલિકીનું ટ્રાન્સફર ન કરવા બદલ સેંકડો લોકોને ચલણમાં લેવામાં આવ્યા હતા."

તાજેતરમાં, આતંકવાદી નેટવર્કને તોડી પાડવા માટે રામબન અને બાંદીપોરામાં પણ વ્યાપક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આતંકવાદી અને વિધ્વંસક પ્રવૃત્તિઓના નેટવર્કને તોડી પાડવા માટે બાંદીપોર પોલીસે પાકિસ્તાન અને પીઓકેથી કાર્યરત જમ્મુ અને કાશ્મીરી નાગરિકો સામે કાર્યવાહી કરી હતી. નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા અને સિમ કાર્ડનો દુરુપયોગ અટકાવવા માટે પોલીસે જિલ્લામાં સિમ કાર્ડ વિક્રેતાઓની ચકાસણી કરી. વિક્રેતાઓને યોગ્ય KYC પ્રક્રિયાઓનું પાલન કરવા અને સચોટ રેકોર્ડ જાળવવા માટે સંવેદનશીલ બનાવવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

## દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટના નવા સીસી ટીવી ફુટેજ મળ્યાં

### ડો. સાહીને દેશભરમાં બોમ્બ વિસ્ફોટોની યોજના બનાવી હતી

નવી દિલ્હી, તા. ૧૨

૧૦ નવેમ્બરના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટ અંગે મહત્ત્વપૂર્ણ ખુલાસાઓ સામે આવ્યા છે. આ કેસમાં ધરપકડ કરાયેલા ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલના સભ્ય ડૉ. શાહીન શાહિદે તેના સાથી આતંકવાદી ડૉક્ટરો સાથે મળીને દેશભરમાં હુમલાઓનું કાવતરું ઘડ્યું હોવાની કબૂલાત કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, શાહીને પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો હતો કે તે છેલ્લા બે વર્ષથી વિસ્ફોટકો એકઠા કરી રહી હતી. વિસ્ફોટના દિવસે ૨૦ કાર લાલ કિલ્લા સુધી પહોંચતા પહેલા દિલ્હીના ઘણા વિસ્તારોમાંથી પસાર થઈ હતી. કાર બપોરે ૨:૩૦ વાગ્યે કનોટ પ્લેસ પહોંચી હતી અને થોડીવાર પછી ત્યાંથી નીકળી ગઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકવાદી, અલ ફલાહ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ડૉ. ઉમર નબી, દિલ્હી-એનસીઆર અને પુલવામામાં સતત દરોડાને

અનુસંધાન પાના ૭ પર

## બિહારના શુક્રવારે જાહેર થનારા પરિણામો પુર્વે એક્ઝીટ પોલની રસપ્રદ સ્થિતિ

# એનડીએ ફરી શાસક : મહાગઠબંધન કમજોર પડી !

### તમામ એક્ઝીટ પોલમાં બિહાર પુનરાવર્તનના માર્ગે હોવાનો સંકેત

### જો કે ભાજપનું મોટાભાઈનું પદ જોખમમાં હોવાનો બે પોલનો ઈશારો

નવી દિલ્હી, તા. ૧૨

આગામી સમયના રાજકીય પ્રવાહોમાં નિર્ણાયક સાબીત થઈ શકનાર બિહાર વિધાનસભા ચૂંટણીના બન્ને તબકકામાં રેકોર્ડબ્રેક મતદાન બાદ જાહેર થયેલા એક્ઝીટ પોલમાં રાજયમાં ફરી એક વખત એનડીએની સરકાર બની રહી હોવાનું ચિત્ર સ્પષ્ટ થતા જ હવે શુક્રવારના પરિણામો તેજ ટ્રેન્ડ પર આવે છે કે કેમ તે વધુ સસ્પેન્સ સર્જાયુ છે.સૌથી મહત્વનું રાજયમાં ૨૦ વર્ષ બાદ પણ નીતીશકુમાર જ હજું વિનિંગ ફેકટર છે તે પણ સાબીત થયા. આ એક્ઝીટ પોલના આધારે દર્શાવાઈ રહ્યું છે. તમામ એક્ઝીટ પોલમાં એનડીએ ૨૪૩ બેઠકોની વિધાનસભામાં ૧૪૦-૧૬૦ બેઠકોની આસપાસ હશે અને મહાગઠબંધનમાં રાજદના સારા દેખાવ છતા પણ તે ૭૩ થી૧૦૨ બેઠકોની આસપાસ હશે તે ચિત્ર બની રહ્યું છે.

તો બિહારમાં ત્રીજા ફેકટર તરીકે જનસુરાજ પાર્ટી અને તેના પોલીટીકલ બોસ પ્રશાંત કિશોરના પક્ષને ખાતુ ખોલવાની તક પણ ન મળે અથવા તે વધુમાં વધુ ૧૦ બેઠકો જીતી શકે છે તે દ્રશ્ય સર્જાયુ છે.આમ જો નિશ્ચિત બને તો સૌથી મહત્વનું નિતીશકુમાર હવે ચુંટણી પછી મુખ્યમંત્રી પદ પર નહી હોય અથવા ઓછા સમય માટે હશે તે અટકળોને વિરામ મળે તે રીતે જનતાદળ (યુ) કમાન્ડીગ પોઝીશનમાં હશે. હવે એનડીએમાં ભાજપ-જનતાદળ-કેટલી બેઠકો જીતી શકે છે.તેના પર રસપ્રદ ચર્ચા શરૂ થઈ છે અને તેમાં અનેક એક્ઝીટ પોલ અલગ અલગ આંકડા દર્શાવે છે. બન્ને પક્ષો ૧૦૧-૧૦૧ બેઠકો પર લડયા હતા. જેમાં -સ્છઈના એક્ઝીટ પોલમાં ભાજપને ૬૮-૭૨ અને જનતા દળ યુ ને ૫૫-૬૦ બેઠકોનો અંદાજ અપાયા છે.

૨૦૨૦માં ભાજપ એડવેન્ટેજ સ્થિતિમાં હતો હવે તે જીતી શકે છે કે કેમ તેના પર નજર છે. આ પરિણામો મુજબ વધારે મતદાનથી એનડીએને ફાયદો થયો છે. ૫૧% મતો એનડીએને ગયા છે અને મહાગઠબંધનને જાતિ આધારિત મતોનો પણ લાભ મળ્યો નથી.જો કે સિમાંચલમાં ૭૮% મુસ્લીમ મતદારો મહાગઠબંધન સાથે રહ્યા પણ તેનો મોટો લાભ સીટમાં રહ્યો નથી તેનું કારણ આ જોડાણના મુસ્લીમ પક્ષોમાં અસદુદીન ઓવેસી અને જનસુરાજે જે ભાગ પડાવ્યો તેનો લાભ એનડીએને તેની સરસાઈ વધારવામાં મળ્યો છે.

જો કે મે-મેટ્રોનના ઓપીનીયન પોલમાં જનતાદળ (યુ)ને સૌથી વધુ ૬૭-૭૫ બેઠકો મળશે અને ભાજપને

અનુસંધાન પાના ૭ પર

# મુંબઈ એરપોર્ટ પર ત્રણ દિવસમાં ૧૪ કરોડનું સોનું અને ડ્રગ્સ જપ્ત

### ડ્રગ્સ, સોનું તથા વિદેશી ચલણ સામે ૭ મુસાફરો ઝડપાયા

નવી દિલ્હી, તા. ૧૨

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ એક મોટું ઓપરેશન હાથ ધર્યું ટીમે રૂપિયા ૧૩.૮૪ કરોડનું ડ્રગ્સ અને સોનું જપ્ત કર્યું. ૬ થી ૯ નવેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન કસ્ટમ અધિકારીઓએ રૂપિયા ૧૩.૮૪ કરોડ મૂલ્યના માદક દ્રવ્યો અને સોનું જપ્ત કર્યું હતું, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ જપ્તીના સંદર્ભમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સ્થળોએથી આવતા છ મુસાફરોની ધરપકડ કરવામાં આવી હતી.

ચોક્કસ ગુપ્ત માહિતી અને પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે, મુંબઈ કસ્ટમ અધિકારીઓએ બેંગકોક, ફુકેટ અને નૈરોબીથી આવતા ઘણા મુસાફરોને અટકાવ્યા હતા. બેંગકોકથી આવતા એક મુસાફરને રૂપિયા ૨.૮૭ કરોડ મૂલ્યના ૨.૮૭૩ કિલોગ્રામ શંકાસ્પદ હાઈડ્રોપોનિક નીદણ સાથે પકડવામાં આવ્યો હતો.

ફુકેટથી આવતા બે મુસાફરોને રૂપિયા ૪.૦૨ કરોડ મૂલ્યના ૪.૦૨૨ કિલોગ્રામ હાઈડ્રોપોનિક નીદણ સાથે પકડવામાં આવ્યા હતા. બેંગકોકથી આવતા બે વધુ મુસાફરોને ૩.૯૯૯ કિલોગ્રામ સમાન પદાર્થ સાથે પકડવામાં આવ્યા હતા, જેની કિંમત રૂપિયા ૩.૯૯ કરોડ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બેંગકોકથી આવતા અન્ય એક મુસાફર પાસેથી રૂપિયા ૨.૯૪ કરોડની કિંમતનું ૨.૯૪૬ કિલોગ્રામ હાઈડ્રોપોનિક નીદણ મળી આવ્યું હતું. તે જ દિવસે એક અલગ ઘટનામાં, કસ્ટમ અધિકારીઓએ નૈરોબીથી આવતા એક મુસાફર પાસેથી રૂપિયા ૩૭.૭૪ લાખની કિંમતનું ૩૫૮ ગ્રામ પીગળેલું ૨૨-કેરેટ સોનું જપ્ત કર્યું હતું.

ટ્રોલી બેગમાં છુપાયેલા ડ્રગ્સ, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક

અનુસંધાન પાના ૭ પર

# કોંગ્રેસને ઝટકો : પીઢ નેતા શકીલ અહેમદનું રાજીનામું

### બિહાર ચૂંટણી પૂર્ણ થતાજ શકીલ અહેમદે કોંગ્રેસ છોડી દીધી

નવી દિલ્હી, તા. ૧૨

બિહાર વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી ડો. શકીલ અહમદે કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મોકલી આપ્યું અને જણાવ્યું કે તેમણે આ નિર્ણય "ભારે હૃદયે" લીધો છે.

પોતાના રાજીનામા પત્રમાં ડો. શકીલ અહમદે એક ભાવુક વાત લખી. તેમણે કહ્યુ, હું આજે પણ કોંગ્રેસની વિચારધારા અને સિદ્ધાંતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું. મારા રાજીનામાનો અર્થ એ નથી કે હું કોઈ અન્ય પાર્ટીમાં જોડાઈ રહ્યો છું... મારા જીવનનો છેલ્લો વોટ પણ કોંગ્રેસને જ જશે."

ડો. શકીલ અહમદના આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ બિહાર કોંગ્રેસ એકમમાં ચાલી રહેલા આંતરિક મતભેદો અને રાજ્યના નેતૃત્વ પ્રત્યેનો અસંતોષ માનવામાં આવે છે. તેમના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ છેલ્લા કેટલાક સમયથી સંગઠનમાં પોતાની સતત ઉપેક્ષાથી નારાજ હતા.

બિહારના મધુબની સાથે સંબંધ ધરાવતા ડો. શકીલ અહમદ

અનુસંધાન પાના ૭ પર

# ભૂટાનમાં વિશ્વ શાંતિ કાર્યક્રમમાં સહભાગી થતા વડાપ્રધાન મોદી

## ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્મે વાંગચૂક સાથે મોદીની મુલાકાત

નવી દિલ્હી, તા. ૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે થિમ્ફુમાં ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકને મળ્યા. તેમણે વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવમાં ભાગ લીધો. પ્રધાનમંત્રીએ મહામહિમ ચોથા રાજાને તેમની ૭૦મી જન્મજયંતિ પર અભિનંદન આપ્યા અને ભારત સરકાર અને લોકો વતી તેમના સતત સારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ પાઠવી. તેમણે ભારત-ભૂટાન મિત્રતાને વધુ મજબૂત બનાવવા



માટે તેમના નેતૃત્વ, સલાહ અને માર્ગદર્શન માટે ચોથા રાજાનો આભાર માન્યો. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી. આ સંદર્ભમાં, તેમણે બંને દેશોના લોકોને નજીક લાવતા સહિયારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંબંધો પર ભાર મૂક્યો. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર તેમની મુલાકાતનો ફોટો પોસ્ટ કર્યો અને લખ્યું, "મહામહિમ ચોથા રાજા સાથે સારી મુલાકાત થઈ. ભારત-

અનુસંધાન પાના ૭ પર

# ઇસ્લામાબાદ વિસ્ફોટ અંગે પાક. વડાપ્રધાનનો ભારત પર આરોપ

### ભારતે પાક.ના આરોપોને ફગાવી દીધા

નવી દિલ્હી, તા. ૧૨

પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ કોર્ટ સંકુલમાં થયેલા આત્મઘાતી હુમલામાં ૧૨ લોકો માર્યા ગયા અને ૩૬ ઘાયલ થયા. આ પછી, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ભારતને દોષી ઠેરવ્યું. જોકે, ભારતના વિદેશ મંત્રાલયે પાકિસ્તાની વડા પ્રધાનના આરોપોનો કડક જવાબ આપ્યો છે. "ભારત સ્પષ્ટપણે વિકૃત પાકિસ્તાની નેતૃત્વ દ્વારા લગાવવામાં આવી રહેલા પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢે છે," ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું. "દેશમાં ચાલી રહેલા લશ્કરી પ્રેરિત બંધારણીય ભંગાણ અને સત્તા હડપથી તેના લોકોનું ધ્યાન હટાવવા માટે ભારત વિરુદ્ધ ખોટા નિવેદનો ઘડવાની પાકિસ્તાનની એક સારી રીતે ઘડાયેલી યુક્તિ છે. આંતરરાષ્ટ્રીય સમુદાય વાસ્તવિકતાથી સારી રીતે વાકેફ છે અને પાકિસ્તાનની ભયાવહ અને દિશાવિહીન યુક્તિઓથી ગેરમાર્ગે દોરાશે નહીં."

પાકિસ્તાન વારંવાર વિશ્વ સમક્ષ પોતાને શરમજનક બનાવે છે. પાકિસ્તાન એકમાત્ર એવો દેશ છે જેને અપમાનિત કરવા માટે બીજા કોઈની જરૂર નથી.

અનુસંધાન પાના ૭ પર

# જી-૭ વિદેશી મંત્રીઓની બેઠકમાં ભાગ લેતા વિદેશમંત્રી એસ.જય શંકર

### એસ.જયશંકરે ફ્રાન્સ, બ્રાઝિલ, યુકે એ જર્મનીના સમકક્ષો સાથે મુલાકાત કરી

નવી દિલ્હી, તા. ૧૨

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ૭૭ વિદેશ મંત્રીઓની બેઠકમાં અનેક દેશોના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરી. વિદેશ મંત્રી એસ. જયશંકરે કેનેડાના નાયગ્રામાં ફ્રાન્સ, બ્રાઝિલ, યુનાઈટેડ કિંગડમ અને જર્મનીના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો કરી. વિદેશ મંત્રી જયશંકરે ફ્રાન્સના વિદેશ મંત્રી જીન-નોએલ બારોટ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી અને બહુપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા પર ભાર મૂક્યો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું, "આપણી વ્યૂહાત્મક ભાગીદારીનો અભ્યાસ કર્યો. બહુપક્ષીય અને દ્વિપક્ષીય સ્વરૂપોમાં આપણા સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી."

તેમણે બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિએરા સાથે પણ મુલાકાત કરી અને કહ્યું, "આજે બપોરે બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિએરા સાથે મુલાકાત કરવાનો આનંદ થયો. મેં અમારા દ્વિપક્ષીય સહયોગમાં તાજેતરની પ્રગતિની પ્રશંસા કરી. અમે વેપાર, રોકાણ, આરોગ્ય અને ટેકનોલોજી સહયોગને વધારવા માટે સક્રિયપણે તકો શોધી રહ્યા છીએ."

યુકેના વિદેશ મંત્રી યવેટ કૂપર સાથેની વાતચીતમાં એસ. જયશંકરે કહ્યું, "આજે કેનેડામાં G7 વિદેશ

અનુસંધાન પાના ૭ પર

# નાણામંત્રી રૂા. ૫૦ લાખ સુધી કમાનારને મોટી રાહત આપશે!

નવી દિલ્હી, તા. ૧૨

આગામી વર્ષે તા.૧ ફેબ્રુઆરીના રજુ થનારા કેન્દ્રીય બજેટની તૈયારી નાણા મંત્રાલયમાં શરૂ થઈ ગઈ છે અને હવે કેન્દ્ર સરકાર નવા ટેક્ષ રીજીમ જેમાં તમામ કરમુક્તિનો અંત લાવવામાં આવ્યો છે તેને આગળ વધારી રહી છે. મોદી ૩.૦નું આ બજેટનું મહત્વ ટેરીફ કરારની જે કોઈ ફળભુતી આપશે તેનો પણ પડઘો પાડશે.

પણ સૂત્રોના જણાવ્યા મુજબ નવા ટેક્ષ રીજીમમાં વ્યક્તિગત કરવેરામાં જેમાં વાર્ષિક રૂા.૧૨.૭૫ લાખની આવક કરમુક્ત છે તેમાં ટેક્ષ સ્લેબમાં મોટા ફેરફાર કરશે. વિવિધ ઉદ્યોગ અને વ્યાપાર સંગઠનોએ હવે જયારે રૂા.૧૨.૭૫ લાખ સુધીની આવક કરમુક્ત હશે તે નિશ્ચિત કર્યુ છે તે સમયે વ્યક્તિગત કર સ્લેબમાં મોટા ફેરફાર હાલ રૂા.૨૪ લાખથી વદુની આવક ધરાવનાર પર 30% જે સ્લેબ છે તેને હવે રૂા.૫૦ લાખ સુધી લઈ જશે.

આમ રૂા.૫૦ લાખથી વધુ કમાનારા માટે 30% ટેક્ષ પરંતુ રૂા.૩૦ લાખ સુધી કમાનાર માટે ૨૦% આમ આ વર્ગને ડબલ રાહત રૂા.૬ લાખ મુક્તિ મર્યાદા વધે અને

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાની યુર્નિવસિટીઓ વિદેશી વિદ્યાર્થીઓ પર નભે છે : ટ્રમ્પ

### વિદેશી વિદ્યાર્થીઓના મુદ્દે ટ્રમ્પનો યુ -ટર્ન

નવી દિલ્હી, તા. ૧૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી વિદ્યાર્થીઓ અંગેના પોતાના વલણ પર યુ-ટર્ન લીધો છે. ટ્રમ્પે કહ્યું છે કે વિદેશી વિદ્યાર્થીઓને યુનાઈટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરવાની મંજૂરી ચાલુ રાખવી જોઈએ, કારણ કે તેઓ ફક્ત દેશની શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવતા નથી પરંતુ યુનિવર્સિટીઓની નાણાકીય સુખાકારીને પણ ટેકો આપે છે.

ફોક્સ ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે જો ચીન અને અન્ય દેશોમાંથી આવતા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી કરવામાં આવે તો અમેરિકામાં લગભગ અડધી કોલેજો બંધ કરવી પડશે.ટ્રમ્પે કહ્યું, "આપણે દુનિયાભરમાંથી આવતા અડધા વિદ્યાર્થીઓને રોકી શકતા નથી. આમ કરવાથી આપણી કોલેજ અને યુનિવર્સિટી સિસ્ટમને ભારે નુકસાન થશે. હું એવું નથી ઈચ્છતો. મારું માનવું છે કે વિદેશી દેશોના વિદ્યાર્થીઓ હોય તે સારું છે, અને હું દુનિયા સાથે સારા સંબંધો જાળવવા માંગુ છું."દેશની યુનિવર્સિટીઓમાં યહૂદી વિરોધી અને ડાબેરી વિચારોને રોકવાના ઉદ્દેશ્યથી, અમેરિકાએ આ વર્ષે મે મહિનામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યુ પ્રથમ વખત બંધ કર્યા હતા.ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકા આવતા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા પ્રોફાઈલની ચકાસણી કડક બનાવવા જઈ રહ્યું હોવાથી, અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ વિશ્વભરના અમેરિકી દૂતાવાસોને વિદ્યાર્થી વિઝા માટે નવા ઈન્ટરવ્યુ શેડ્યૂલ ન કરવાનો આદેશ જાહેર કર્યો છે.



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રકૃતિ-આયુષ કોન્ક્લેવ ૨૦૨૫ યોજાયો

## વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો : સાંસદ પરષોત્તમભાઇ રૂપાલાજી

સુરત, તા.૧૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રકૃતિ આધારિત જીવનશૈલી, આયુર્વેદ અને વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી મંગળવાર, તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, એસ.આઈ.ઈ.સી.સી. કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'પ્રકૃતિ– આયુષ કોન્ક્લેવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવમાં મુખ્ય મહેમાન તરીકે લોકસભા સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલાજી ઓનલાઈન જોડાયા હતા અને તેમણે કાર્યક્રમ માટે ચેમ્બર ઓફ કોમર્સને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો. અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય ડો. લોકેશ મુનીએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યુ હતું, જ્યારે અતિથિ વકતા તરીકે હરીદ્વારના શ્રી ભાગીરથી ધામ અને શ્રી ક્રિષ્ણયન ગૌરક્ષા શાળાના વડા સ્વામી શ્રી અશોકાનંદજી (અમૃત પ્રકાશજી)એ ધ્યાન અને યોગ વિષે માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં તણાવભર્યા જીવન વચ્ચે પ્રકૃતિ સાથે જોડાવું અત્યંત જરૂરી બની ગયું છે. આ કોન્ક્લેવના માધ્યમથી સમાજમાં હેલ્ધી લિવિંગ, નેચરલ હીલિંગ અને આયુષ આધારિત થેરાપી વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આપણા દેશની પ્રાચીન આરોગ્ય પરંપરા આયુર્વેદ અને યોગ દ્વારા આરોગ્ય, અધ્યાત્મ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્થાપિત કરવાનો હતો. આચાર્ય ડો. લોકેશ મુનીએ જણાવ્યું હતું કે, માનવીને મનુષ્ય શરીર મળ્યું છે, તેનો ઉપયોગ સારા ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કરવો જોઈએ. અત્યારે લોકો માત્ર અર્થ અને કામની પાછળ દોડી રહયા છે. તેઓએ ધર્મ અને મોક્ષને બાજુએ મૂકી દીધા છે. લોકોએ અધ્યાત્મ અને ભૌતિકતાની વચ્ચે સંતુલન લાવવું પડશે. એના માટે લોકોએ ધ્યાન અને યોગ કરવા પડશે. લોકોએ પ્રકૃતિનું સન્માન કરવાનું શીખવું પડશે. લોકો ભૌતિક શિક્ષા પર ધ્યાન આપે છે ત્યારે તેઓએ શારીરિક શિક્ષા પર પણ ધ્યાન આપવાની જરૂર છે. સ્વામી શ્રી અશોકાનંદજીએ જણાવ્યું હતું

અનુસંધાન પાના ૭ પર

# લાંચ કેસમાં જીએસટી નાયબ એકાઉન્ટન્ટના જામીન નામંજૂર

## આરોપી કપીલ જૈનનો જેલવાસ લંબાયો

વાપી, તા.૧૨

વાપીમાં જી એસ ટી અને સેન્ટ્રલ એક્સાઈઝની કચેરીમાં આસી એકાઉન્ટન્ટ ઑફિસર ફૂલછોડનું બીલ મંજૂર કરવા પેટે રૂપિયા બે હજારની લાંચ લેતા ઝડપાયા હતા. તેમણે જામીન ઉપર મુકત થવા રેગ્યુલર જામીન અરજી કરી હતી તે વાપીની થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરતા આ લાંચિયા અધિકારે હજી વધુ જેલવાસો કરવાનો વારો આવ્યો છે.

વાપી ખાતે ફુલ છોડનો વેપાર કરતા મોહિત શાંતિલાલ ચૌધરીને વાપી જી એસ ટી અને સેન્ટ્રલ એક્સાઈઝની કચેરીમાં ફુલ છોડ લગાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો જે કામ એમણે પૂર્ણ કર્યું હતું જો કે તે પછી તેમના દ્વારા મુકાયેલ નિયમાનુસારની બિલના નાણાં તેમને મળ્યા ન હતા તેથી તેમણે વાપી જી એસ ટી અને સેન્ટ્રલ એક્સાઈઝની ઓફિસમાં આસી એકાઉન્ટન્ટ ઑફિસર કપિલ જૈનને મળી પોતાના કામનું બિલ મંજૂર કરવા કહેતા આરોપીએ તેને રૂપિયા બે હજારની લાંચ આપવા કહ્યું હતું. પરંતુ ફરિયાદીએ લાંચ આપવી ન હોય તેથી એન્ટી કરપ્શન બ્યુરો વલસાડને ફરિયાદ આપતા છટકું ગોઠવ્યું હતું અને ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ લાંચ લેતા ઝડપાયા હતા. આરોપી અધિકારીને કોર્ટ જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલ્યા હોય નવસારી સબ જેલમાં રાખવામાં આવ્યા હોય તેમણે જામીન ઉપર મુકત થવા રેગ્યુલર જામીન અરજી વાપીની થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટમાં રજૂ કરી હતી. જે સામે સરકારી વકીલ રાકેશ ચાંપાનેરિયાની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી વિદ્વાન ન્યાયાધીશ પુષ્પા સૈની એ આરોપીના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.




# ભારત સરકારના નીતિ આયોગનો પ્રોજેક્ટ યુનિવર્સિટીએ પૂર્ણ કર્યો

## મોનીટરીંગ એન્ડ ઇવેલ્યુશન કેપેસીટી બિલ્ડીગ ઓફ યુનિવર્સિટીસનો સંશોધન આધારિત પ્રોજેક્ટ પૂર્ણ

સુરત, તા.૧૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભારત સરકારનાં નીતિઆયોગ દ્વારા ''મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુશન કેપેસીટી બિલ્ડીગ ઓફ યુનિવર્સિટીસ(રાઉન્ડ-૨)'' નો પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં સમગ્ર ભારતભરમાંથી ૧૪ રાજ્યોની પસંદ કરેલ યુનિવર્સિટીઓ સામેલ થઇ હતી. જેમાં ગુજરાત રાજ્યમાંથી આ સંશોધન કાર્ય પૂર્ણ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગની પસંદગી થઇ હતી. જેના ભાગરૂપે ભારત સરકારની પ્રાથમિક/માધ્યમિક શિક્ષણ અને આરોગ્યની સેવાઓને લગતી ૪ મહત્વકાંક્ષી યોજનાઓ જેમાં (૧) PM POSHAN YOJANA (મધ્યાહન ભોજન યોજના),(૨) રાષ્ટ્રીયબાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK), (૩) રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ (RKSK), (૪) સમગ્રશિક્ષા અભિયાન (SSA)નો ગુજરાતનાં પસંદ કરાયેલ ૪ જીલ્લાઓ વલસાડ,નવસારી,તાપી અને ડાંગમાં આવેલ સરકારી ગ્રાન્ટ-ઇન-એઇડ અને ખાનગી શાળાઓનાંસંદર્ભમાં ઉપરોક્ત યોજનાઓનાં અમલીકરણનું મૂલ્યાંકન અર્થશાસ્ત્ર વિભાગનીપ્રોજેક્ટટીમ દ્વારા વિગતે હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં આ યોજનાઓ સાથે સંકળાયેલ શાળાનાં આચાર્ય, શિક્ષકો, વાલીઓ, શાળા સંચાલન સમિતિનાં સભ્યો, રસોઈયા અથવા હેલ્પર અને બ્લોક એજ્યુકેશન ઓફિસરોનાં નીતિ આયોગ દ્વારા તૈયાર કરેલ પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને પ્રત્યક્ષ મુલાકાત લઈને ઉપરોક્ત યોજનાઓનાં અમલીકરણ સંદર્ભે મંતવ્યો તેમજ હકીકતલક્ષી માહિતી પ્રોજેક્ટ ટીમ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી.આ પ્રોજેક્ટની એક ખાસ વાત એ છે કે સમગ્ર માહિતી પેપરલેસ, ડીજીટલ GPRS આધારિત'KOBO' ટૂલબોક્સ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી. પ્રસ્તુત ટૂલબોક્સ કઈ રીતે ઉપયોગમાં લેવું તે અંગેની સમગ્ર તાલીમ અર્થશાસ્ત્ર વિભાગનાં પસંદ કરાયેલ કુલ ૧૦ અનુસ્નાતકનો અભ્યાસકરતા તેમજ પી.એચ.ડી.નું સંશોધન કરતા સંશોધનાર્થીઓને તેની તાલીમ નીતિ આયોગનાં નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી. આ સંશોધન પ્રોજેક્ટનો એક અગત્યનો હેતુ અનુસ્નાતક અને સંશોધન કરતા વિદ્યાર્થીઓમાં ક્ષમતાવર્ધન કેવી રીતે થાય તેનો રહેલો હતો. જેના ભાગરૂપે નીતિ આયોગ

અનુસંધાન પાના ૭ પર



# લવાછા સ્મશાન ભૂમિ વિકાસ કરવા ગ્રામ્યજનોની માંગણી

## આસપાસના ઉદ્યોગોને દાન માટે જાહેર અપીલ

સિલવાસા, તા.૧૨

સિલવાસા દાદરા નગર હવેલી ની વચ્ચે લવાછા ગામ ની ખાડી કિનારે આવે મહાદેવ મન્દિર ગુજરાત રાજ્ય ની હદ વિસ્તાર માં આવે છે. જ્યાં આવેલ સ્મશાન ભૂમિ ની સ્થાપના ૧૯૮૧માં રામેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા કરવા માં આવી. લગભગ ચાર (૪)એકર માં ફેલાયેલા વિસ્તાર ની સ્મશાન ભૂમિ માં આસપાસ માં વસવાટ કરતા ૪૦(ચાલીશ )ગામો ના લોકો માં થતા મૃતકો ના મૃતદેહ ના અગ્નિ સઁસ્કાર ત્યાં કરવામાં આવતા હોય. સાથે મૃતકો ની આત્મા ની શાંતિ માટે ક્રિયા કર્મ ની વિધિવત પૂજા કરી મહાદેવ ના સાનિધ્ય માં કરી તેમની મુક્તિ માટે પ્રાર્થના કરતા હોય છે.લવાછા ગામ ની આસપાસ માં ઉદ્યોગો આવેલા છે. અત્રે ઉલ્લેખનીય વાત એમ છે કે? આ સ્મશાન ભૂમિ નો વિકાસ જરૂરી બન્યો છે. કારણ ચોમાસા ની ઋતુ માં લોકો ના મૃત દેહ ના અગ્નિ સઁસ્કાર માટે ભારે મુશીબત નો સામનો કરવો પડતો હોય છે.જ્યાં ગેસ દ્વારા મૃત દેહ ના અગ્નિ સંસ્કાર થાય એવી ગામ લોકો એ આશા વ્યક્ત કરી છે. જેમાં પ્રસાસન, ગ્રામ્ય વિસ્તાર ના સરપંચ તેમજ ઉદ્યોગપતી ઓ તેમજ એન. જી. ઓ. દ્વારા સ્મશાન માં ગેસ સગડી ની સુવિધા માટે આગળ આવી માતબર દાન ની રકમ આપે ગામ લોકો એ નમ્ર અરજ કરી છે.

# ધારાસભ્ય મહેશ કસવાલાના પ્રયાસોથી સડક યોજનાના ૩૪.૯૫ કરોડના કામો મંજૂર થયા

## સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ૧૯ નવા રોડ બનશે

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સઘન પ્રયાસોને પરિણામે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી સડક યોજના હેઠળ સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ગામો માટે રૂા.૩૪.૦૫ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. આ ગ્રાન્ટ મંજૂર થવાથી બંને તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં માર્ગ અને માળખાકીય સુવિધાઓનો કાયાકલ્પ થશે.આ યોજના હેઠળ સાવરકુંડલાના તેમજ લીલીયાના ૧૯ નવા રોડ જેમાં રીસફેસિંગ તથા આનુંસંગિક બનશે.

ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું કે તેમણે સાવરકુંડલા અને લીલીયાના વિકાસ માટે આટલી મોટી ગ્રાન્ટ મંજૂર કરી છે. કૃષ્ણગઢ, મીતીયાળા, વંડા, મેકડા, જાંબુડા,વીજપડી,આંબરડી દોલતી, ફીફાદ,ઘોબા,પીપરડી, મઢડા, આંકોલડા મેકડા ડેડકડી પીઠવડી ભેન્કરા, સીમરણ,જીરા, નાના ભામોદ્રા ગામોની કનેક્ટિવિટી અટકશે નહીં અને નાગરિકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે.

આ ગ્રાન્ટ અમારા વિસ્તારના લોકોની સુખાકારી અને વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સરકાર ગ્રામીણ વિસ્તારોના વિકાસ માટે કટિબદ્ધ છે અને આ યોજના તેનો ઉત્તમ દાખલો છે.''

આ વિકાસ કાર્યોની મંજૂરીથી સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી છવાઈ છે અને આશા છે કે આ કામો ઝડપથી પૂર્ણ થશે, જેનાથી આ વિસ્તારના લોકોના જીવનધોરણમાં સકારાત્મક પરિવર્તન આવશે.

# 'ગ્રીન ટ્રી' વિકાસ, ટેકનોલોજી અને એકતાનું ઝળહળતું પ્રતિક

## 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઉજાગર કરતું 'ગ્રીન ટ્રી' પ્રકાશ અને પ્રગતિનું અનોખું પ્રદર્શન

સુરત, તા.૧૨

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતના એકતા નગર ખાતે ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના પરિસરમાં ભવ્ય ભારત પર્વ–૨૦૨૫નું આયોજન થયું છે. આ પ્રથમ વખત છે કે ભારત પર્વ દિલ્હીની બહાર યોજાઈ રહ્યો છે, અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ ગુજરાતે આ પર્વને ભવ્યતા આપી છે.આ પર્વ દરમિયાન દેશની વિવિધતામાં એકતાનું પ્રતીક દર્શાવતા સાંસ્કૃતિક, ટેકનોલોજીકલ અને દેશભક્તિપ્રેરિત કાર્યક્રમોનું આયોજન થયું છે.ભારત પર્વ–૨૦૨૫ના થીમ પેવેલિયનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાકાર થયેલા વિવિધ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ અને વિકાસના પ્રતિકોને અનોખી રીતે રજૂ કરવામાં આવ્યા છે. આ પેવેલિયનનું મુખ્ય આકર્ષણ 'ગ્રીન ટ્રી' છે, જે વિકસિત ભારતના સ્વપ્નને પ્રતિકાત્મક રીતે વ્યક્ત કરે છે. પ્રકાશિત ઈન્સ્ટોલેશન સ્વરૂપે ઉભેલા આ ગ્રીન ટ્રી દ્વારા ભારતના સર્વાંગી વિકાસની દિશા અને પ્રગતિનો દ્રષ્ટિકોણ રજૂ થયો છે. આ દશ્યાવલિએ દેશભક્તિ, આર્ટ અને ટેકનોલોજીનો અદભુત સંગમ સર્જ્યો છે, જે દેશ-વિદેશના પ્રવાસીઓને અદ્ભુત અનુભૂતિ કરાવે છે. 'ગ્રીન ટ્રી' ઈન્સ્ટોલેશનમાં વડાપ્રધાનશ્રીના દુરંદેશી વિઝન હેઠળ સાકાર થયેલા રાષ્ટ્રીય સ્તરના માઈલસ્ટોન પ્રોજેક્ટ્સને પ્રકાશિત રીતે રજૂ કરવામાં આવ્યા છે, જેમ કે સુરત ડાયમંડ બુર્સ, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, તેજસ ફાઈટર જેટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ઓપરેશન સિંદુર, લક્ષદ્વીપ વિકાસ, શ્રી રામ જન્મભૂમિ મંદિર, સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી, મહાકુંભ–૨૦૨૫, INS વિક્રાંત, સોનમર્ગ ટનલ, વિઝિંજામ આંતરરાષ્ટ્રીય બંદર અને અટલ સેતુ જેવા પ્રોજેક્ટ્સ.આ તમામ પ્રોજેક્ટ્સ વડાપ્રધાનશ્રીના ''વિકસિત ભારત''ના વિઝનને સાકાર કરનારા પ્રતીકાત્મક તબક્કાઓ તરીકે ઝળહળે છે.ભારત પર્વના સમગ્ર પરિસરમાં પ્રકાશ, સંગીત અને ટેકનોલોજીનું સંકલન દેશભક્તિની લહેર ફેલાવે છે. ''ગ્રીન ટ્રી'' માત્ર એક કળાત્મક ઈન્સ્ટોલેશન નથી, પરંતુ ભારતના વિકાસ, પ્રગતિ અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતિક છે.એમાં દર્શાવેલા દરેક પ્રોજેક્ટ વડાપ્રધાનશ્રીના નેશન બિલ્ડિંગ વિઝનનો દશ્યરૂપ સાકાર સ્વરૂપ છે, 'ગ્રીન ટ્રી' એટલે ભારતના સપનાનું વિકસિત વટવૃક્ષ. એકતા નગર ખાતે ભારત પર્વ દરમિયાન દેશના વિવિધ રાજ્યોની લોકકળા, સંગીત, નૃત્ય

અનુસંધાન પાના ૭ પર

# આજે જનજાતિય ગૌરવ રથ યાત્રા ઝંખવાવ અને વાડી ખાતે આવશે

## સાંસદ પ્રભુભાઈ વસાવા રથનું સ્વાગત કરશે

સુરત, તા.૧૨

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની રાજ્યમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ખૂબ ઉત્સાહભેર ઉજવણી થઇ રહી છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા યોજાઈ રહી છે. આજે તા.૧૨મીએ અરેઠ, તડકેશ્વર, નાની નરોલી, મોસાલી(માંગરોળ), વાંકલ, ઝંખવાવ, વાડી ખાતે આવી પહોંચશે. જે અંતર્ગત ૨.૩૦ વાગ્યે વાડી ખાતે ભ્રમણ કરશે. આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, રમતગમત રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીત, સાંસદ પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યો ગણપતભાઈ વસાવા અને કુંવરજીભાઈ હળપતિ, અગ્રણીઓ સહિત નગરજનો અને ગ્રામજનો રથનું ભવ્ય સ્વાગત કરશે.



નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ આજરોજ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા ડેપ્યુટી કમિશનર ડેપ્યુટેશન દ્વારા અગાઉ જે ૮૦ ઓર્ડર સેનેટરી સબ ઇન્સ્પેક્ટરના કાઢવામાં આવ્યા હતા. તે આજરોજ રદ કરવામાં આવ્યા હતા.આ કેસના પીટીશનર સુરત સુધરાઇ કામદાર સ્ટાફ યુનિયનના હોદ્દેદારો તથા પેતિતીઓનરોએ આ બાબતે આજરોજ સાંજે મુખ્ય કચેરી મુગલીસરા ખાતે ભેગા થઈ ખુશી વ્યક્ત કરી હતી અને મહાનગરપાલિકાના પ્રવેશદ્વાર બહાર ફટાકડા ફોડીને આનંદ ઉત્સવ વ્યક્ત કર્યો હતો.

# લોકકળાની લોકપ્રિય ઝલક કઠપુતળીની રમઝટથી ઝૂમી ઉઠ્યું એકતાનગર

## રાજસ્થાનની પરંપરાગત કઠપુતળી કળાએ ભારત પર્વમાં વિલસતી સંસ્કૃતિ અને એકતાનું રંગીન પ્રતિબિંબ આપ્યું

સુરત, તા.૧૨

''એક ભારત, શ્રેષ્ઠ ભારત'' ના ધ્યેયને જીવંત બનાવતા ભારત પર્વ–૨૦૨૫માં લોકકળા અને આધુનિક સંસ્કૃતિનો અદભૂત સંગમ જોવા મળ્યો છે. એકતા નગરના સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પરિસરમાં યોજાયેલા આ ભવ્ય પર્વમાં રાજસ્થાનની કઠપુતળી કળાએ સૌનું મન જીતી લીધું છે. રંગબેરંગી વેશભૂષા, પરંપરાગત સંગીત અને જીવંત પાત્રોની રમઝટ વચ્ચે ભારતની પ્રાચીન કળાએ ફરી એક વાર પોતાની ઓળખ નોંધાવી છે. મૂળ રાજસ્થાનના નાગોર જિલ્લાના અને હાલ અમદાવાદમાં વસતા પવનભાઈ હરીભાઈ ભાટ તથા તેમના કાકા મહિપાલભાઈ નારણભાઈ ભાટ છેલ્લા પચ્ચીસ વર્ષથી કઠપુતળી કળાને જીવંત રાખી રહ્યા છે. પવનભાઈએ જણાવ્યું કે, ''દાદા–

અનુસંધાન પાના ૭ પર



# ઝાલાવાડ મુસ્લિમ મુલતાની જમાતનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

## સાંસદ ચંદુભાઈ સિહોરાની શિક્ષણ વિશે માર્ગદર્શન સાથે પ્રેરક ઉપસ્થિતિ

સુરત, તા.૧૨

સમસ્ત ઝાલાવાડ મુલતાની સમાજ દ્વારા આયોજિત તેજસ્વી તારલા સન્માન સમારોહનું ભવ્ય આયોજન ધ્રાંગધ્રા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આ વિસ્તારનાં લોકપ્રિય સાંસદ ચંદુભાઈ સિહોરા, પીર એ તરીકત હજરત બાબા બાપુ, જાણીતા શિક્ષણવિદ ડૉ. મેરૂભાઈ ટમાલીયા, મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગરનાં માનદ મંત્રી ડો. જયશ્રીબેન દેસાઈ, પ્રોફેસર ડૉ. નસરીનબેન શેખ, મલ્ટી ડોટ્સનાં કો.ફાઉન્ડર અસ્લમભાઈ મુલતાની, સામાજિક અગ્રણી ઈમ્તિયાઝભાઈ મુલતાની સહિત ખૂબ મોટી સંખ્યામાં સમાજનાં આગેવાનો, વડીલો, શ્રેષ્ઠીઓ તથા પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.




આ પ્રસંગે ધોરણ ૧૦, ધોરણ ૧૨ તથા વિવિધ વિદ્યાશાખામાં ડિગ્રી મેળવેલ કુલ ૧૬૧ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે હજ અને ઉમરાહની મુબારક સફર પર જઈ આવનાર તમામ હાજી સાહેબોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતાં. નિવૃત્ત શ્રેષ્ઠ કર્મયોગી એવાં મિત્રોને પણ સન્માનિત કરીને નિવૃત્તિની શુભેચ્છા આપવામાં આવી હતી. આ તકે સાંસદ ચંદુભાઈ સિહોરાએ શિક્ષણનું મહત્વ, સ્વદેશી વસ્તુઓનો જીવનમાં ઉપયોગ, રાષ્ટ્રગાન વંદે માતરમની ૧૫૦ મી જન્મ જયંતિની શૌર્યસભર ઉજવણી અને એનાં મૂલ્ય વિશે ખૂબ ઉમદા વાતો કરી હતી. ડો. જયશ્રીબેન દેસાઈ, ડો. મેરૂભાઈ ટમાલીયા તેમજ ડો. નસરીનબેન શેખ દ્વારા બાળકોને મૂલ્યલક્ષી બાબતો, વ્યસન મુક્તિ તેમજ કારકિર્દી નિર્માણ બાબતે ખૂબ જ પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સૌને સ્વદેશી વસ્તુઓનો જીવનમાં ઉપયોગ, વ્યસનમુક્તિ તથા સ્વચ્છતા વિશે સંકલ્પબદ્ધ કરવામાં આવ્યા હતાં. દાતાશ્રીઓ દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતાં. પ્રારંભે સમાજનાં મંત્રી ઈલ્યાસભાઈ મુલતાનીએ સૌને આવકાર્યા હતાં, જ્યારે સમાજનાં ઓડિટર રસિદભાઈ મુલતાનીએ આભારવિધિ આટોપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઝાલાવાડ મુલતાની સમાજનાં પ્રમુખ યાસીનભાઈ મુલતાનીએ કર્યું હતું.

# માહિતી વિભાગ અને બ્લડ બેંક દ્વારા રક્તદાન મહાદાનનો સંદેશો અપાયો

## ૧૧:૧૧:૧૧:૧૧:૧૧નો અનોખો સેવાકીય સંયોગ

સુરત, તા.૧૨

અંકશાસ્ત્રમાં '૧૧:૧૧' એ શુભ અને સકારાત્મક સમય માનવામાં આવે છે. તેમજ અંકજ્યોતિષો દ્વારા તેને એન્જલિક નંબર કેહવામાં આવે છે. નવી શરૂઆત અને સામૂહિક ચેતનાના પ્રતિક સમાન આ વિશેષ દિન, સમય-ક્ષણે કરાયેલા કાર્યની અસર ખૂબ પ્રભાવી અને લાંબા સમય સુધી રહે એવી માન્યતા છે.

સુરત માહિતી વિભાગ અને સ્મીમેર બ્લડ બેન્કના ૧૧ કર્મચારીઓએ ૧૧/૧૧/૨૦૨૫ દિવસે સવારે ૧૧:૧૧ કલાકે રચાતા વિશિષ્ટ સંયોગને 'રક્તદાન એ જ મહાદાન' સાથે જોડી સમાજમાં રક્તદાનનો પ્રેરક સંદેશ પાઠવ્યો છે. ૧૧ તારીખે, ૧૧માં મહિને(નવેમ્બર), ૧૧ વાગ્યે અને ૧૧ મિનિટે સ્મીમેર બ્લડબેન્કના ૧૧ કર્મચારીઓ અને ૧૧ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. સંકટ સમયમાં માનવજીવનની રક્ષા માટે 'રક્ત' અમૂલ્ય બની જાય છે. હાલ દિવાળીની રજાઓમાં સૌરાષ્ટ્રવાસીઓ અને અન્ય રાજ્યોના પરપ્રાંતીય લોકો વતન ગયા હતા, આ સમયગાળા દરમિયાન સુરતમાં રક્તદાન કેમ્પો યોજાયા ન હતા, જેથી શહેરમાં રક્તની અછત પ્રવર્તી રહી છે, ત્યારે સુરત માહિતી વિભાગ અને સ્મીમેર બ્લડ બેન્કના કર્મચારીઓએ રક્તદાન કરી આગામી સમયમાં નિયમિતપણે રક્તદાન કરવાનો સંકલ્પ કર્યો હતો.

# વિશ્વમાં ૧૦ પૈકી બેને પીવાનું પાણી મળતું નથી



વિશ્વમાં દર વર્ષે ૩ અબજ લિટર પીવાના પાણીનું વેચાણ પ્લાસ્ટીકની બોટલમાં થાય છે. નવેસરના આંકડા મુજબ વિશ્વમાં ૧.૫ અબજ નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી હજુ પણ મળી રહ્યું નથી. પીવાના પાણીને લઈને વિશ્વભરના નિષ્ણાંતોમાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. આજની વધતી જતી જનસંખ્યા, ઉદ્યોગિકરણ, શહેરીકરણને કારણે પીવાના શુદ્ધ તથા સુરક્ષિત પાણીની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થઈ રહ્યો છે. આ સમસ્યાનો આભાસ ૬૦ વર્ષ પહેલાં જ જાણીતા વૈજ્ઞાનિક અલ્બર્ટ આઈન્સ્ટાઈનને થઈ ગયો હતો જેથી આઈન્સ્ટાઈને આગાહી કરી હતી કે પાણીના મામલે પણ વિશ્વયુદ્ધ છેડાઈ શકે છે. વધતુ જતુ પ્રદૂષણના લીધે જળ પ્રદૂષિત થઈ રહ્યું છે અને પાણીજન્ય રોગોનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. દેશના ભૂગર્ભ જળમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ, આર્સેલિક, લેડ જેવા ઝેરી તત્ત્વોનું પ્રમાણ વધી રહ્યું છે જેના લીધે ભારતના અમુક રાજયમાં બિમારીઓ ફેલાઈ રહી છે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ જેવા મોટા શહેરોમાં નળ અને વાલ્વમાં લિકેજના લીધે ૧૭થી ૪૪ ટકા પાણી ગટરમાં વ્યર્થ થઈ જાય છે. ભારતના કેટલાક રાજયોમાં આજે પણ મહિલાઓ પીવાના પાણી માટે ચારથી છ કિલોમીટર પગપાળા ચાલીને જાય છે. બ્રસ કરતી વેળા પણ ચકલી ખુલી રહી જાય તો પાંચ મિનિટમાં આશરે ૨૫થી ૩૦ લિટર પાણીનો બગાડ થઈ જાય છે. નાહવા માટે તબનો ઉપયોગ કરતા ૩૦૦થી ૫૦૦ લિટર પાણીનો બગાડ થાય છે. સામાન્ય રીતે નાહવાથી ૧૦૦થી ૧૫૦ લિટર પાણીનો ખર્ચ થાય છે. વિશ્વમાં ૧૦ વ્યકતિ પૈકી બે વ્યકતિને પીવા માટેનું શુદ્ધ પાણી મળતું નથી. પ્લાસટિકના ખાલી બોટલો નદીઓ, જમીનો અને તળાવોને પ્રદૂષિત કરે છે. મનુષ્યોને દરરોજ ત્રણ લીટર અને પશુઓને ૫૦ લીટર પાણીની જરૂર પડે છે. પળથ્વી ગ્રહ ઉપર ૭૦થી વધુ ભાગ પાણીનો છે જેમાં એક અબજ ૪૦ ઘન કિલોમીટર પાણી છે પરંતુ પાણીની આ વિશાળ માત્રામાં પીવાલાયક પાણીનું પ્રમાણ ખૂબ ઓછું છે. ૫૭.૩ ટકા પાણી દરિયાનું છે જે ખારું પાણી છે. માત્ર ૨.૭ ટકા પાણી પીવા લાયક છે. જે પૈકી ૭૫.૨ ટકા ભાગ ધ્રુવીય ક્ષેત્ર છે અને ૨૨.૬ ટકા ભૂગર્ભ જળના સ્વરૂપમાં છે. દુનિયામાં ઉપસથિત કુલ પીવાલાયક પાણીમાં માત્ર એક ટકા પાણીનો ઉપયોગ સરળતાથી મળે છે. પાણી કોઈપણ રીતે ન બગડે તે માટે તમામ પ્રયાસ કરવા જોઈએ. દર વર્ષે ૨૨ માર્ચના દિવસે વિશ્વ જળ દિવસ મનાવવામાં આવે છે. ૨૨મી માર્ચ ૧૯૯૨ના દિવસે બ્રાઝિલના રિયોડીઝાનેરો શહેરમાં એક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પરિષદના છેલ્લા દિવસે એટલે કે ૨૨મી માર્ચ ૧૯૯૨ના દિવસે પાણી સંબંધિત ઘોષણા કરવામાં આવી હતી અને ૨૨મી માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કરાયો હતો.





# ડિફરન્ટ હેમલાઇન આપે સ્માર્ટ લુક

કુર્તામાં અલગ અલગ ટાઈપની હેમલાઈન હોય છે. હેમલાઈન એટલે કુર્તોની લેન્થ જ્યાં પૂરી થાય તેને હેમલાઈન કહેવાય. હાલમાં અલગ અલગ ટાઈપની હેમલાઈન ડ્રેસમાં જોવા મળે છે. તમે તમારા બોડી ટાઈપ મુજબ તમે હેમલાઈનની પસંદગી કરી શકો, અલગ હેમલાઈન સિલેક્ટ કરતી વખતે તમારી બોડીનું ખાસ ધ્યાન રાખવું. તમારી લંબાઈ મુજબ હેમલાઈન સિલેક્ટ કરવી. ચાલો જાણીએ કયા ડ્રેસમાં કઈ ટાઈપની હેમલાઈન પહેરી શકાય.

ટોપ્સ- ટોપ્સમાં ઈન્ડિયન અને વેસ્ટર્ન એમ બન્ને ટાઈપના ટોપ્સ આવે છે. ઈન્ડિયન ટોપ્સ એટલે ક ડેનિમ પર પહેરવાની કુર્તી. કુર્તીની હેમલાઈનમાં જો હેમલાઈન વેરીએશન જોવું હોય તો સેમીફોર્મલ ટોપ્સ પહેરી શકાય. જેમકે, લીનનના ટોપ્સ. અલગ હેમલાઈન ફ્લોઈ ફેબ્રિકમાં પણ વધારે સારી લાગે છે. ફ્લોઈ ફેબ્રિકમાં પેટર્નનો ફોલ સારો આવે છે અને થોડા ફેન્સી લગાય છે. ફ્લોઈ ટોપ્સમાં એસિમેટ્રિકલ હેમલાઈન ખૂબ જ સુંદર લુક આપે છે.

આ ટોપ્સની લેન્થ હીપ સુધી હોય છે. આ ટોપ્સ તમે ડેનીમ કે જેગિંગ સાથે પણ પહેરી શકો. વેસ્ટર્ન ટોપ્સમાં હેમલાઈનથી જ શો આવે છે. જેટલી હેમલાઈન ફેન્સી હશે તેટલો લુક વધારે સારો આવશે. જો તમારી હાઈટ સારી હશે તો એસિમેટ્રિકલ હેમલાઈન સારી લાગશે. તમારા પર એ પેટર્ન અને સ્ટાઈલ ઊઠીને આવશે.

કુર્તા- કુર્તામાં પણ હેમલાઈન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઓવરઓલ કુર્તો આખો પ્લેન હોય પરંતુ માત્ર હેમલાઈનને કારણે આકર્ષિત લાગે છે. ઘણા કુર્તાની લેન્થ આગળથી ઓછી અને પાછળથી લાંબી હોય છે. અથવા તો બંને બાજુથી લાંબી અને વચ્ચેનો ભાગ થોડો ઉપર હોય છે.

આ લુક સાથે પ્લાઝો અને સિગાર પેન્ટ બન્ને સારા લાગે છે. જેટલી હેમલાઇન ફેન્સી હશે તેટલો જ સારો લુક આવશે.પ્યોર શિફોન અને જોર્જેટના કુર્તામાં માત્ર એક જ સાઈડ હેમલાઇન ડ્રોપ થયેલી હોય છે. આ ડ્રેસ સાથે બ્રોડ બોટમ પ્લાઝો અથવા સિગાર પેન્ટ્સ સારા લાગે છે. આ બધા બોટમ સાથે તમે હાઈ હિલ્સ પહેરી એક સ્ટાઈલિશ લુક આપી શકો.

ડ્રેસ- ડ્રેસમાં એ સિમેટ્રિકલ હેમલાઇન એક સ્ટાઈલિશ લુક આપે છે. ફ્લોરલ પ્રિન્ટમાં ઓને સાઈડ ડ્રોપ હેમલાઇન એક બીચ વેરનો લુક આપે. કોઈ સિલ્ક કે લિનન ડ્રેસમાં નોર્મલ હેમલાઇન ફોર્મલ લુક આપે છે તો એજ સિલ્ક અને લિનન ફેબ્રિકમાંથી બનેલા ડ્રેસમાં અસીમેટ્રીક હેમલાઇન એક પાર્ટી લુક આપે છે.તમને કૈક હટકે પહેરવું છે તો ડ્રેસમાં એસીમેટ્રિક હેમલાઇન વાળા ડ્રેસ જ પહેરવા જેથી કરી સ્ટાઈલિશ લુક આવે. જયારે હેમલાઇન એસીમેટ્રિક હોય ત્યારે નેકલાઇન અને સલીવેશમાં પણ વેરિએસન એવું જરૂરી છે તોજ ઓવરઓલ લુક બેલેન્સ થશે. જેમકે, કલોઝ નેક સાથે ગોલ્ડન કે બેજ કલરનો અને વન સાઈડ ડ્રોપ હેમલાઇન પહેરી શકાય.જો તમે ફ્લોરલ પ્રિન્ટ પહેરવા માગતા હોવ તો વન સાઈડ ડ્રોપ હેમલાઈન સાથે વન સાઈડ શોલ્ડરવાળો ડ્રેસ પહેરી શકાય, બીજી સાઈડ શોલ્ડર પર એક સ્ટ્રીંગ આપી શકાય. (સાવ પ્લેન ફેબ્રિકમાંથી બનેલા ડ્રેસમાં પણ જો સિમ્પલ હેમલાઈન બદલવાથી ઘણો ફરક પડે છે. અથવા તો કોઈ પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનેલો ડ્રેસ હોય અને એમાં કોઈ બીજી પેટર્ન ન આપવી હોય તો માત્ર હેમલાઇન અલગ આપી ડ્રેસનો લુક બદલી શકાય.સ્લીવ્સ- આખો ડ્રેસ પ્લેન હોય પરંતુ સ્લીવ્સમાં જો આકર્ષીય હેમલાઇન હોય તો આખા ડ્રેસનો ઉઠાવ સારો આવે છે. જેમકે, સ્લીવ્સમાં સ્કોલોંપ્સ હેમ લાઈન ખૂબ જ સુંદર લાગે છે. સ્કોલોંપ્સ એટલે નાના કે મોટા હાફ સર્કલ. આ સ્ટાઈલ ખૂબ જ જૂની હોવા છતાં આઉટ ઑફેંશ થતી નથી. અને સ્લીવ્સની હેમલાઈનમાં આપવાથી એક ડેલિકેટ લુક આવે છે.

લોંપ્સ સાથે સ્લીવ્સના શેપમાં પણ થોડો ફેરફાર કરી શકાય. જેમેક સ્લીવ્સમાં કી હોલ આપીને પણ સ્કોલોંપ્સ આપી શકાય. ફુલ સ્લીવ્સ આપીને આગળનો ભાગ ૨ ઈંચ ઉપર રાખવો અને પાછળથી ફુલ લેન્થ જ રાખવી. આ અલગ ટાઈપનો શેપ આપીને સ્કોલોંપ્સ આપી શકાય. જેથી આખી હેમલાઇન અલગ લાગે. ઓવર લેપિંગ સ્લીવ્સ પણ સારી લાગે.

જો આગળથી સ્લીવ્સ જોઈએ તો શેપ અલગ લાગે. હેન્કરચીફ હેમલાઇન પણ સારી લાગે. હેમલાઈનમાં ત્રિકોણ શેપ પણ આપી શકાય. આ રીતે હેમલાઈનમાં વેરિએશન આપીને અલગ લુક આપી શકાય.

દુપટ્ટા- દુપટ્ટા જેટલા સિમ્પલ હોય તેટલા જ સુંદર લાગે છે. પરંતુ જો હેમલાઇન થોડું વેરિએશન આપીયે તો આખો લુક અલગ થઈ જાય છે જેમકે, દુપટ્ટાની હેમલાઇન પર ફ્રિલ કે ફ્રિન્જિસ નાખીને અલગ લુક આપી શકાય. ફ્રિલ અને ફ્રિન્જીસની લેન્થ તમારા આઉટફિટ અને તમારા બોડી પ્રમાણે રાખવી. જો ફ્રિલ કે ફ્રિન્જિસ એડ ન કરવા હોય તો દુપટ્ટાની હેમલાઈનને અલગ શેપ એટલેકે સ્કોલોંપ્સ અને ત્રિકોણ શેપ આપી શકાય. અથવા તો કોઈ કોન્ટ્રાસ્ટ કલરની લેસ મૂકી શકાય.

# આંખોની રોશનીએ દગો આપ્યો, પણ હૈયાની હામે જીવનમાં રોશની પાથરી

આપણે ઘણા એવા લોકોને જોઈએ છીએ, જે પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરતી વખતે પોતાના ભાગ્યને દોષ આપે છે. એ જ વખતે કોઈ હાથ વિનાની વ્યક્તિને પગનો ઉપયોગ કરીને આપણી જેમ જ રોજિંદું જીવન જીવતા જોઈએ ત્યારે નાનીનાની વાતમાં રોદણાં રડતાં લોકો કેટલા વામણા લાગે!ગુજરાતી ભાષાના દિગ્ગજ કવિ ઉમાશંકર જોશીએ લખેલી બે પંક્તિ આત્મવિશ્વાસ અને આત્મગૌરવના પ્રતીક સમાન છે, જેમકેપ

ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયું, મસ્તક ને હાથ;
બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું !

આવી જ એક બહાદુર લાડકીની વાત જાણીએ, જેણે આંખોની રોશની મંદ થયા પછીં છજીની પરીક્ષા પાસ કરીને પોતાનું જીવન તો રોશન કર્યું જ સાથે હવે એ આજે દેશના ભવિષ્યમાં અજવાળા પાથરવાનું કામ કરી રહી છે. ઔં છજી ઓફિસરનું નામ છે પૂર્ણા સુંદરી મુરૂગેશનપપૂર્ણા ખૂબ જ મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે. પિતા એક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરે છે. સાધારણ પરિવારમાં પિતાની નોકરી ઘરના ખર્ચ પૂરા કરવાનો એકમાત્ર સ્રોત હતી. તેનો જન્મ થતાં પરિવાર બહુ ખુશ હતો, કેમકે ઘરે લક્ષ્મીની પધરામણી થઈ હતી, પરંતુ તેમને ખબર નહોતી કે થોડાં વર્ષો પછી તેમની પુત્રીની દુનિયામાં અંધકાર છવાઈ જશે.પૂર્ણાએ પાંચ વર્ષની ઉંમર સુધી અન્ય સામાન્ય બાળકોની જેમ શિક્ષણ લીધું. પણ તે પછી તેની આંખોનો ઉજાસ ધીમેધીમે ઓછો થતો ગયો. ત્યારે તે માત્ર પહેલા ધોરણમાં હતી. સમય વીતતો ગયો, અને માત્ર બે વર્ષમાં તેને આંખે દેખાતું સંપૂર્ણ બંધ થઈ ગયું. આટલી નાની ઉંમરમાં દીકરીની આંખે અંધકાર વ્યાપી જાય તો માતા-પિતાના હૃદયને માત્ર આઘાત જ નથી લાગતો, પણ દીકરીના ભવિષ્યનું શું થશે તેની ચિંતાનો પહાડ પણ તૂટી પડે છે.

આપણા સમાજમાં ખાસ કરીને દીકરીઓના ભવિષ્યની વધુ ચિંતા થાય એ સહજ છે. તેમાં પણ જેની દ્રષ્ટિ જતી રહી હોય, તેવી દીકરીના ભવિષ્યમાં લગ્ન કેમ કરાવીશું? તે કોના સહારે રહેશે-કેમ જીવશે? જેવા અનેક સવાલોનું પ્રશ્નોપનિષદ રચાઈ જાય.જોકે પૂર્ણાએ આટલી નાની ઉંમરમાં પણ પોતાના જીવનમાં આવેલી આટલી મોટી ઉપાધિને પડકાર ફેંકવાનું નક્કી કર્યું હતું. તેની હિંમત જોઈને માતા-પિતા પણ અચંબામાં પડી ગયાં હતાં. પરિવારે તેનું શિક્ષણ ન અટકે તે માટે તેને જ્યાં ખાસ ધ્યાન આપી શકે તેવા શિક્ષકો હોય તેવી સ્કૂલમાં દાખલ કરી હતી.

નિયમિત વર્ગોમાં હાજરી આપવા ઉપરાંત, પૂર્ણાને પાઠ વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા માટે ખાસ સત્રો પણ હતા. રેકોર્ડ કરેલા વિષયો સાંભળીને પૂર્ણા શિક્ષણ લેતી હતી. તેના માટે માતા-પિતા અને શિક્ષકો પાઠ રેકોર્ડ કરી આપતા હતા. ફક્ત શિક્ષણમાં જ નહી, શિક્ષકોએ તેને અભ્યાસેતર પ્રવૃત્તિઓથી પણ આ જ રીતે પરિચય કરાવ્યો. પૂર્ણા વક્તૃત્વમાં પારંગત હતી અને તે સારી ગાયિકા પણ હતી. તેણે જિલ્લા અને રાજ્ય સ્તરે અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈને એવોર્ડ્સ પણ જીત્યા.

નાની હતી ત્યારથી જ પિતા તેને વર્તમાનપત્રોમાંથી સમાચાર વાંચી સંભળાવતા હતા. તેમાંથી તેને જાણ થઈ કે જિલ્લા કલેક્ટર એટલે શું. લોકસેવામાં કામ કરતા અધિકારીઓના કાર્યથી તેના કુમળા માનસ પર ખાસ્સો પ્રભાવ પડ્યો. તેને સમજાયું કે એ લોકો કેટલું મહત્ત્વનું અને દેશ માટે કેટલું જરૂરી કામ કરે છે. તે ઉંમરે જ તેના મનમાં એ સપનું રોપાયું કે તે પણ તેમના જેવી બની શકે તો?

શાળાનું શિક્ષણ પૂરું કાર્ય બાદ પૂર્ણાએ જ્યારે અંગ્રેજી વિષય સાથે બીએનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે તેણેં છજી અધિકારીઓનાં કાર્યોની નોંધ લેવાનું શરૂ કર્યું. મિત્રો અને શિક્ષકોએ પણ તેને તેના સપનાના માર્ગે આગળ વધવામાં મદદ કરી.

આ તરફ પૂર્ણાએ UPSC ની પરીક્ષા માટે સખત મહેનત સાથે તૈયારી પણ શરૂ કરી દીધી. વાંચવાના વખા હોય તેવામાં આવી અઘરી પરીક્ષાની તૈયારી કરવાનું કેટલું મુશ્કેલ હશે તે સમજી શકાય તેવી વાત છે, છતાં તે હિંમત હારી નહી.

૨૦૧૬માં તેણે પહેલી વખત જાહેર સેવા આયોગની પરીક્ષા આપી ત્યારે પ્રિલીમ્સ પણ પાસ ન કરી શકી. તેમ છતાં પૂર્ણાએ હાર્યા વિના બીજા પ્રયાસની તૈયારી શરૂ કરી દીધી. સાથે તે બેંકમાં ક્લાર્કની નોકરી પણ કરતી હતી. નોકરી સાથે પરીક્ષાની તૈયારી કરવી પડતી હોવાથી રાતના ઉજાગરા કરવા પડતા હતા. બીજા પ્રયાસમાં પણ તે નિષ્ફળ ગઈ. તેના ત્રીજા પ્રયાસમાં માત્ર ૧૩ માર્કના કારણે તે પાછળ રહી ગઈ.

ચોથા પ્રયાસ માટે પૂર્ણાએ પોતાના લોહીપાણી એક કરી નાખ્યા. ઓડિયો ફાઈલ્સ દ્વારા સાંભળી-સાંભળીને તૈયારી કરવી એ એવરેસ્ટ સર કરવા જેવું અઘરું કામ હતું, પણ પૂર્ણા હતી. એને સંપૂર્ણા બનવું હતું અને આખરે તેની મહેનત રંગ લાવી. ૨૦૧૯માં જીઝ પરીક્ષાનાં પરિણામ જાહેર થયા. પૂર્ણાએ ૨૮૬મો રેન્ક મેળવ્યો.

# અતિ મહત્ત્વના વિટામિન-સી અને ઈ

વિટામિન કે જીવન સત્વ ભોજનના અવયવ છે. જે બધા જ જીવોને અમુક માત્રામાં આવશ્યક છે. રાસાયણિક રૂપથી એ કાર્બનિક યૌગિક છે. શરીર દ્વારા પર્યાપ્ત માત્રામાં સ્વય ઉત્પન્ન નથી થતાં, તેને ભોજનમાં લેવા આવશ્યક છે. વિટામિન કાર્બનિક દ્રવ્ય જે ખાદ્ય વસ્તુમાં ઉપલબ્ધ છે શારીરિક પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. બે પ્રકારના વિટામિન છે જે એક પાણીમાં ધુલનશીલ છે, બીજા વસામાં ધુલનશીલ છે. વિટામિન-સી એલ એસ્કોબિક અમ્લ માનવ અને વિભિન્ન અન્ય પશુ-પ્રજાતિઓને માટે અત્યંત આવશ્યક પોષકતત્ત્વ છે. લગભગ બધા જ જીવોમાં આંતરિક પ્રણાલી દ્વારા નિર્માણ થાય છે. વિશેષ પ્રજાતિ જેવી કે સ્તનપાયી ચામાચિડીયું, વાનર અને માનવ આંતરિક રીતે નથી બનાવી શકતું. ફળો અને શાકભાજી દ્વારા તેને લેવું પડે છે. વિટામિન-સી રોજબરોજ લેવું પડે છે. શરીર તેનો સગ્રંહ લાંબો સમય સુધી નથી કરી શકતું.

વિટામિન-સી શરીરની મૂળભૂત રાસાયણિક ક્રિયાઓમાં યૌગિકોનું નિર્માણ અને સહયોગ કરે છે. જેમ કે તંત્રિકાઓને સંદેશો પહોંચાડવાનું કે કોશિકાઓમાં ઊર્જા પહોંચડાવાનું. હાડકાને જોડવાવાળું કોલાજેમ નામક પદાર્થ, રક્તવાહિની, લિગામેંટ્સ, કાર્ટિલેજ આદિ અંગોના નિર્માણ માટે વિટામિન-સી એ વાંછિત છે. આ વિટામિન કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરે છે લોહ તત્ત્વો બનવાનો આધાર છે.માનવને પ્રતિદિન એસી મિલીગ્રામની આવશ્યકતા છે. વધુ પડતું વિટામિન-સી પથરીનું કારણ બને છે. પણ સારા ખાદ્ય પદાર્થનું વધુ વિટામિન-સી વધુ પડતો નુકસાન નથી કરતું.

વિટામિન-સીની ઊણપ કે કમી થી

૧) ઘા રૂઝાતા નથી.

૨) હાડકાં બનવાની પ્રક્રિયા ખોરવાય છે. હાડકાંમાં દુખાવો, પીડા થાય, વાંકાચૂકા બની જાય, કાર્ટિલેજ નબળું થતું જાય.

૩) સિરમ અલ્કલાઈન ફોસ્ફેટ બનવાની પ્રક્રિયા અટકી જાય.

૪) ગેંગરીન થાય.

૫) અસ્થિચય ક્રિયામાં તીવ્ર ઘટાડો થાય છે.

૬) શ્ર્વાસ ચડે છે.

૭) ચામડી સૂકી થાય, ત્વચાના રોગો.

૮) વાળ ખરવા માંડે.

૯) સ્કર્વી નામક રોગ થાય, પ્રતિકારક શક્તિ ઘટી જાય, હાડકાં તૂટે ત્યારે જોડવામાં લાંબો સમય લાગે. સ્નાયુની અંદર અને ચામડી નીચે હંમેશાં રક્તસ્રાવ થાય. મોઢાની આંતરત્વચામાંતી રક્તસ્રાવ થાય. રક્તવાહિની તૂટી જાય. આંખોના રેટિનામાં રક્તસ્રાવ થાય. મગજના ભાગમાં રક્તસ્રાવ થાય. ઝાડામાં ઊલટીમાં લોહી નીકળે. દાંતના પેઢામાં સોજો આવે. ત્યાંથી રક્તસ્રાવ થાય.






૧૦) સતત શરદી રહ્યા કરે.

૧૧) શર્કરા વધી જાય અને થાક લાગે.

૧૨) એલર્જી થાય.

૧૩) માસિક ધર્મના રોગો જલદી સારા ન થાય.

૧૪) મસ્તિષ્ક સંબંધી રોગો થાય.

૧૫) હાઈટલ હર્નિયા, સારણગાંઠ, આર્થરાઈટીસ જેવી બીમારી થાય.

૧૬) નાના આંતરડામાં ચાંદા થાય.

આ બધા જ રોગોમાં વિટામિન-સી યુક્ત ખોરાક લેવાથી ઝડપથી ફાયદો થાય.

વિટામિન-સી

કેલેટિંગ એજંટ તરીકે કામ કરે છે. જ્યારે સીસાનું ઝેર ચડે તેને નાબૂદ કરે છે. સ્લફોનોમાઈડ દવાની આડઅસર નાબૂદ કરે. એક્સ-રેની આડઅસર નાબૂદ કરે.વિટામિન-સી ગરજ પૂરી કરવી બહુ સરળ છે. ફળો અને શાકભાજીનો ભરપૂર ઉપયોગ કરવો.

૧) ૧૦૦ ગ્રામ આમળામાં ૬૦૦ મિ.ગ્રા. જેટલું વિટામિન-સી છે. એક મોટો આમળો આખા દિવસની ગરજ પૂરી કરે.

૨) જામફળમાં ૨૦૦ મિ.ગ્રા.થી ૧૦૦ ગ્રામ જેટલું વિટામિન-સી છે. એટલે એક જામફળથી કામ થઈ શકે. જામફળથી શરદી જલદી મટી જાય છે. પ્રાકૃતિક ચિકિત્સામાં ઠંડુ-ગરમ એવું કાંઈ હોતું નથી, પરંતુ ઝેરી અને બિનઝેરી જરૂર હોય છે. તો જામફળ નિશ્ર્ચિંત રીતે ખાઈ શકાય છે. જામફળ પ્રકૃતિ એ નિર્માણ કરેલું ઝેર વગરનું ઉત્પાદન છે.૩) ટમેટામાં વિટામિન-સી ૩૯ મિ.ગ્રાથી ૧૦૦ ગ્રામ જેટલા પ્રમાણમાં છે. દરરોજ એક મોટું ટમેટું ખાઈ લેવાથી આ ગરજ સહજ રીતે પૂરી શકાય.

વિટામિન-સી યુક્ત આહાર વિશે જાણવું જરૂરી છે. જેમકે લીંબું, સંતરા, મોસંબી, પપનસ, કીવી, ઓરગોનિક દ્રાક્ષ, ફણસ, મૂળાના પાન, ગાજરપાન, બીટના પાન, કોબી, બટેટાના પાન, કમળ-દાંડી, તાંદળજા ભાજી, સરગવાના પાન, ફૂલ, પાલક, સેલરીભાજી, શક્કરિયા, પપૈયુ, બ્રોકલી, વટાણા, લીલી તુવેર, ઘરનું માખણ, છાસ, પનીરનું પાણી.

વિટામિન ઈ (અલ્ફા ટોકોફેરોલ)

વિટામિન ઈની ઊણપથી સ્ત્રીઓમાં વાઝીયા પણું, પુરુષોમાં નંપુસકતા અને શુક્રાણુ દોષ ઉત્પન્ન થાય. ચામડી પર જલદી રીકલ આવી જાય છે. ચામડીનું તેજ ઓછું થાય છે.

આ વિટામિન ઘણા પ્રાકૃતિક તેલ અને તેલીબિયામાંથી સહજ મળી રહે છે. તેલ પ્રાકૃતિક હોવા જોઈએ. રીફાઈન્ડ કરેલા ન હોવા જોઈએ.

સૂરજમુખી બીજ, પીનટ, પીકેન, હેઝલનટ, અખરોટ, પમકીન સીડ, બદામ, મગફળી, તલ, નારિયેળનું તેલ, ઘઉંના જવારાનું તેલ, બધા જ રંગના મરી જેમ કે લાલ મરી, સફેદ મરી, પીળા અને લીલા મરીમાંથી મળે છે. બધી જાતના થુલા, ફણગાવેલા ધાન્ય, કાકડી, ટમેટાં, શક્કરિયા.આહારમાં વિટામિનની કમીથી શારીરિક પોષણ અવરોધાય છે. ભોજન સંતુલિત ન હોવાથી કે વધુ પડતા જંકફૂડ કે કેમિકલયુક્ત આહારથી વિટામિનની જરૂરિયાત પૂરી થતી નથી. બાહય વાસી ખોરાકને કારણે વિટામિનમાં ઘસારો થાય છે. પ્રાકૃતિક આહાર જ શરીરને મજબૂત રીતે ચલાવે છે. વિટામિનની ગોળી ફક્ત સરફેસ પર કામ કરે છે. તે ધુલનશીલ નથી અને ગોળીઓની આડ-અસરથી નવી બીમારીનો જન્મ થાય છે.

તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૧૨ નવેમ્બર ૨૦૨૫**

# વ્યવહાર રદ પણ ઈરાદાનું શું?

રાજકારણમાં આવે અને સત્તા મળે એ પછી માલેતુજાર થવાનું મોટું માધ્યમ જમીનને લગતા વ્યવહારો છે. ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં એક પ્રકરણે ઝંઝાવાત સર્જ્યો છે. રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના પુત્ર પાર્થની કંપની એમેડિયા એન્ટરપ્રાઈઝીસ એલએલપીને પૂણેમાં સરકારી માલિકીની ૪૦ એકર જમીન રૂા. ૩૦૦ કરોડમાં વેચવાના સોદા મુદ્દે થયેલા ગેરવ્યવહાર બાબતે અજિત પવારે બીજા દિવસે કહ્યું છે કે, આ સોદો રદ કરાયો છે અને માત્ર વેચાણ કરાર બનાવાયો હતો, અંતિમ વ્યવહાર થયો નહોતો અને એક પણ પૈસાની લેવડદેવડ થઈ નથી. વળી, આ મામલામાં બે પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી એફઆઈઆરમાંથી એકમાં પણ પાર્થનું નામ નથી, પણ તેના પાર્ટનર અને પિતરાઈ દિગ્વિજય પાટિલનું નામ છે. વિરોધી પક્ષોએ હુમલો બોલાવતાં કહ્યું છે કે, દિગ્વિજય પાટિલ પાસે કંપનીનો એક ટકા શેર છે, છતાં તેનું નામ એફઆઈઆરમાં છે, પણ ૯૯ ટકા શેર ધરાવતા પાર્થનું નામ નથી. જમીન ખરીદીનો વ્યવહાર રદ કરવાથી રૂા. ૧૮૦૦ કરોડના મૂલ્યનો પ્લોટ સાવ રૂા. ૩૦૦ કરોડમાં મેળવવાનો તથા સ્ટેમ્પ ડ્યૂટીમાં સરકારને નુકસાન થાય એવું પગલું અને એનાથી પણ ઉપર સરકારી જમીનનો સોદો કરવાની દિશામાં લેવાયેલાં પગલાં અને તેની પાછળનો આશય ગુનાહિત કેવી રીતે ન હોઈ શકે? એવો પ્રશ્ન ઊભો થાય છે. તહેસીલદારથી લઈને રજિસ્ટ્રાર જેવા અધિકારીઓને આ મામલામાં સસ્પેન્ડ કરાયા છે, મોટાં માથાંને બચાવવા માટે કાર્યવાહીનો દેખાડો થઈ રહ્યો હોવાની ચર્ચાએ પણ વેગ પકડ્યો છે. મહેસૂલ ખાતા દ્વારા સઘન ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી છે અને તેનો વિસ્તૃત અહેવાલ એકાદ મહિનામાં આવવાની ખાતરી મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આપી છે. જો કે, પાર્થનું નામ એફઆઈઆરમાં કેમ નથી, એ પ્રશ્નના જવાબમાં બાવનકુળેએ કહ્યું છે કે, જેમણે આ કરાર પર સહી કરી છે, એમના જ નામ એફઆઈઆરમાં છે. હજી એક દિવસ પહેલાં અજિત પવારે પુત્ર પાર્થની કંપનીના જમીન સોદા અંગે કહ્યું હતું કે, આવું કંઈક ચાલી રહ્યું છે એવી વાત ત્રણ-ચાર મહિના પહેલાં મારા કાને આવી હતી, ત્યારે મેં કહી દીધું હતું કે, આવું બધું મને નહીં ચાલે, પણ છોકરા મોટા થઈ જાય એ પછી બિઝનેસના નિર્ણયો જાતે લેતા હોય છે. જો કે, શુક્રવારે પવારે કહ્યું કે, ૪૦ એકરની આ જમીન સરકારી કબજામાં હતી અને આ જમીન ખરીદવા માટેનો માત્ર કરાર થયો છે. પાર્થ, એમેડિયા કે મારા પરિવારના કોઈ સભ્યે વેચનારને કોઈ રકમ આપી નથી અને ન તો જમીનનો તાબો લેવાયો છે. આ વ્યવહાર પૂર્ણ જ નથી થયો. પાર્થને કદાચ ખબર જ નહોતી કે આ જમીન સરકારી માલિકીની છે. મુખ્યપ્રધાન ફડણવીસે તપાસના આદેશ આપ્યા છે. જો કે, આ આખા મામલામાં એકથી વધુ સ્તરે ઢીલ થઈ છે અથવા કરાઈ છે. સરકારી માલિકીની જમીનનાં વેચાણના કરારની નોંધણી થઈ ગઈ ત્યાં સુધી મહેસૂલ ખાતાએ પગલું લીધું નહીં અને ઉપરથી સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત પણ આપી. કાં તો અમલદારો સરકારથી મોટા થઈ ગયા છે અને કાં તો સરકારમાં કોઈના ઈશારે આ બધું થયું છે.

# ગુજરાત એટીએસની કાર્યવાહી : આતંકનું સ્વરૂપ બદલાયું

દિલ્હીમાં લાલ કિલ્લા પર હુમલો થયો એ પહેલાંના બે દિવસ દરમ્યાનના બનાવો ઈંગિત કરે છે કે, આતંકવાદીઓ ભારતને અસ્થિર કરવા માટે, આપણા સુખચેન હણી લેવા માટે પૂરા સક્રિય છે. કાશ્મીરમાં ૩૭૦ની કલમ દૂર થયા પછી નાપાક આતંકીઓના હાથ થોડા હેઠા જરૂર પડ્યા છે, પણ દેશ દુનિયામાં કટ્ટર વિચારસરણીવાળા લોકો યુવાનોને બહેકાવવાનું - ઉશ્કેરવાનું કામ આયોજનબદ્ધ રીતે કરી રહ્યા છે. જમ્મુ-કશ્મીર પોલીસે ફરીદાબાદ (હરિયાણા)થી લખનઉ સુધી અભિયાન ચલાવીને ૨૯૦૦ કિલો વિસ્ફોટક પદાર્થ કબજે કર્યો અને બે ડોક્ટર મુજમ્મિલ શકીલ તથા શાહીન શાહીદની ધરપકડ કરી. મુજમ્મિલ પાસેથી ૩૬૦ કિ.ગ્રા. વિસ્ફોટક અને એસોલ્ટ રાયફલ મળી આવી. શાહીન પાસેથી તો એ.કે. ૪૭ અને કારતૂસ કબજે લેવાયા. આ દર્શાવે છે કે, ઉચ્ચ શિક્ષિત યુવક-યુવતીઓ વધુ કટ્ટરતા સાથે માનવતાવિરોધી પ્રવૃત્તિમાં ગળાડૂબ બની રહ્યા છે. દેશ માટે આ ગંભીર ચિંતાનો વિષય છે. શિક્ષણ હંમેશાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે, એક સમજ કેળવે, દૃષ્ટિને સમરસ બનાવે પણ નઠારાં પરિબળો શિક્ષિતોને કટ્ટરવાદના કાળા ઈરાદા સાથે ભ્રમિત કરી રહ્યા છે... ગુજરાત એટીએસએ પણ સફળ ઓપરેશન ચલાવીને દેશને મોટી હોનારતમાંથી ઉગારી લીધો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું એ મુજબ આતંકવાદીઓનું લક્ષ્ય લખનઉ સ્થિત આર.એસ.એસ.નું મથક હતું. સદ્નસીબે કાવતરું નિષ્ફળ ગયું, પણ કદાચ આતંકીઓ સફળ થયા હોત તો એ દેશની શાંતિને પલિતો ચાંપવા સમાન લેખાયું હોત. એજન્સીઓના જણાવ્યા મુજબ પકડાયેલા આરોપીઓમાં પણ એક ડોક્ટર છે, જેણે રિસિન નામના ખતરનાક જૈવિક ઝેરનું પરીક્ષણ કર્યું હતું. રિસિનનો ઉપયોગ આતંકવાદના જૈવિક હથિયાર તરીકે કરવામાં આવે છે. એટીએસના જણાવ્યા અનુસાર દેશમાં તેનો પ્રયોગ થયો હોત તો એ સૌથી ભીષણ આતંકવાદી ઘટના હોત. વળી એ ઝેરને પ્રસાદમાં મેળવી દેવાયું હોત તો હજારોનાં મોત થયાં હોત. આ ઘટના એ વાત પણ પુરવાર કરે છે કે, આતંકવાદીઓ હવે પરંપરાગત પદ્ધતિ મૂકીને રાસાયણિક જૈવિક હથિયારોની દિશામાં આગળ વધી રહ્યા છે. આતંકવાદનો ચહેરો હવે સાયબર, રાસાયણિક અને વૈચારિક રૂપ લઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ઉત્તરપ્રદેશ, ગુજરાત અને કર્ણાટક જેવાં રાજ્યો આતંકી સંગઠનના નિશાને રહ્યા છે. ગુજરાત વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય છે. ઝડપભેર પ્રગતિ થઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ મજબૂત અને મક્કમ છે. અત્યાર સુધી આતંકવાદ એટલે બોમ્બ ધડાકા, ગોળીબાર જેવા હુમલા, પણ હવે ટેકનોલોજીના પ્રવેશ પછી ઈરાદા વધુ કટ્ટર થયા ને સિસ્ટમ બદલાઈ છે. આપણે પારંપરિક આતંક સામે લડાઈમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે, પણ નવો ખતરો ટેકનિકલ અને વૈચારિક એમ બન્ને સ્તરે છે. આતંકવાદી પકડાયાના બનાવને સતર્કતામાં ઊણપ કહીને મૂકી દેવાને બદલે રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિની સમીક્ષા અવશ્ય માની શકાય. આતંકવાદની બદલાતી પદ્ધતિ મુજબ તેની પ્રકૃતિ સમજીને આકરાં પગલાં લેવાની આવશ્કતા છે.

**કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી પણ આવા જ હુંકાર કરાયેલા.**

# દિલ્હીમાં બ્લાસ્ટ, હવે આતંકવાદનો કાયમી ઉપાય જરૂરી

## કેન્દ્ર સરકારે પાકિસ્તાનને પાઠ ભણાવવાની સાથે સાથે દેશમાં પણ સપાટો બોલાવવો જરૂરી છે

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું પછી એવા દાવા કરાયેલા કે, આપણાં લશ્કરે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓને અને પાકિસ્તાનના લશ્કરને એવો પાઠ ભણાવ્યો છે કે, પાકિસ્તાનનું લશ્કર ભારત પર આતંકવાદી હુમલો કરાવતાં પહેલાં હજાર વાર વિચાર કરશે ને આતંકવાદીઓ તો ભારતમાં હુમલા કરવાનું સપને પણ નહીં વિચારે. મોદી સરકારના મંત્રીઓ અને ભાજપના નેતા ડંફાશો મારતા હતા કે, હવે પાકિસ્તાન ખો ભૂલી જશે. ઓપરેશન સિંદૂરની સફળતાનો

જોરશોરથી આખા દેશમાં જશ્ન મનાવાયેલો. ભારતે પાકિસ્તાન સામે યુદ્ધમાં જીત મેળવી હોય એવો માહોલ પેદા કરી દેવાયેલો. આ વાતને છ મહિના પણ થયા નથી ત્યાં દિલ્હીમાં આતંકવાદી હુમલો થઈ ગયો ને ૧૩ લોકોનાં ઢીમ ઢળી ગયાં. દિલ્હીમાં લાલ કિલ્લામાં ભારતના લશ્કરની છાવણી છે અને લાલ કિલ્લો આપણા ગૌરવનું પણ પ્રતિક છે કેમ કે આપણા વડા પ્રધાન લાલ કિલ્લા પરથી પ્રવચન આપે છે. આતંકવાદીઓએ આ લાલ કિલ્લા સામે જ કાર ઉડાવીને હાહાકાર કરી નાંખ્યો. દિલ્હીની ૧૦ નવેમ્બરની સાંજને રક્તરંજિત કરી નાખી. કાશ્મીરના ડો. મોહમ્મદ ઉંમરે લાલ કિલ્લા પાસે કરેલા આત્મઘાતી હુમલામાં ડો. ઉમરની કારના તો ફૂરચા ઊડી જ ગયા પણ બીજી ચાર કારના પણ ફૂરચા ઊડી ગયા. નજરે જોનારાં લોકોના કહેવા પ્રમાણે, બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, મતૃકોના શરીરના પણ ફુરચેફુરચા ઊડી ગયા હતા અને તેમનાં અંગો હવામાં ઉછળીને જમીન પર પટકાયાં હતાં. સત્તાવાર રીતે મૃતકોનો આંકડો ૧૩ ગણાવાય છે પણ મૃતકોનાં અંગો એ હદે ક્ષતવિક્ષત થઈ ગયાં કે, તેમની ઓળખ પણ શક્ય નથી બની. આ કારણે બ્લાસ્ટમાં મરાયેલાં લોકોનો આંકડો મોટો હોવાની પૂરી શક્યતા છે. ઘાયલ થયેલાં લોકોમાં પણ ઘણાં એ હદે ગંભીર રીતે ઘાયલ થયેલાં છે કે તેમની ઓળખ જ થઈ નથી શકી. આપણે ઈચ્છીએ કે તમામ ઘાયલો મોતને મહાત આપીને જીંદગીનો જંગ જીતે પણ આપણે ઈચ્છેલું બધું થતું નથી એ જોતાં મૃત્યુનો આંક વધે એવી પૂરી શક્યતા છે.

આપણા નિર્દોષ નાગરિકોની આ રીતે હત્યા થાય એ મુદ્દો બહુ મોટો છે ને તેના જેટલો જ મહત્ત્વનો મુદ્દો આ હુમલા દ્વારા આતંકવાદીઓ અને આતંકવાદીઓના આકા પાકિસ્તાને આપણને આપેલો મેસેજ છે. બલ્કે પાકિસ્તાને ભારતને સીધી રીતે પડકાર જ ફેંકી દીધો છે કે, તમારામાં તાકાત હોય તો અમારા પાલતુ આતંકવાદીઓને રોકી બતાવો અને સાફ કરી બતાવો. અત્યાર સુધી પાકિસ્તાન કાશ્મીરમાં આતંકવાદી હુમલા કરાવતું પણ આ વખતે સીધું દેશની રાજધાનીમાં ઘૂસીને લાશો ઢાળી છે તેથી પાકિસ્તાને સીધો ભારતના આત્મગૌરવ પર ઘા કર્યો છે. ભારત આ પડકારનો શું જવાબ આપશે એ ખબર નથી પણ આખા દેશની નજર હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર છે. ઓપરેશન સિંદૂર પછી ૧૧ મેના રોજ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધન કરતી વખતે પાકિસ્તાન પર વધુ એક લશ્કરી વિજયનો દાવો કર્યો હતો. મોદીએ ચેતવણી પણ આપી હતી કે, હવે પછી ભારતમાં ફરી આતંકવાદી હુમલો થયો તો તેનો જવાબ આ રીતે જ લશ્કરી ભાષામાં પાકિસ્તાન પર આક્રમણ કરીને આપવામાં આવશે. મોદીના હુંકારને બરાબર છ મહિના થયા ને પાકિસ્તાને ફરી આતંકવાદી હુમલો કરાવીને સ્પષ્ટ કરી દીધું છે કે, ભારત ગમે તે કરે ને ગમે તે બોલે પણ અમે સુધરવાના નથી, અમે ભારતમાં આતંકવાદ ફેલાવવાનું ચાલુ રાખીશું. ભારતના નિર્દોષ નાગરિકોની હત્યાઓ કરવાનું ચાલુ રાખીશું. દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટ થયો એ ઘટના બહુ મોટી છે છતાં આપણા સાહેબ નરેન્દ્ર મોદી તો રાબેતા મુજબ ભૂતાનના બે દિવસના પ્રવાસે ઉપડી ગયા. આપણા ગૃહ મંત્રી અમિત શાહ અહીં દોડાદોડી કર્યા કરે છે ને બેઠકો કર્યા કરે છે જ્યારે મોદી સાહેબ ભૂતાનમાં ઠંડક માણી રહ્યા છે. ભૂતાનમાં જઈને મોદી સાહેબે હુંકાર કરી નાખ્યો કે, દિલ્હી બ્લાસ્ટના કોઈ પણ ષડયંત્રકારને છોડવામાં નહીં આવે.

કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી પણ આવા જ હુંકાર કરાયેલા. એ વખતે ભારતીય લશ્કરે ઓપરેશન સિંદૂર હાથ ધરીને ચમકારો બતાવેલો પણ પછી અચાનક મોદી સરકારે યુદ્ધવિરામ સ્વીકારીને ઓપરેશન સિંદૂરનો વીંટો વાળી દીધેલો ને પાકિસ્તાનને સરળતાથી જવા દીધું હતું. ભારત જીતતું હતું છતાં યુદ્ધવિરામ કેમ સ્વીકારાયો એ સવાલનો જવાબ હજુ મળ્યો નથી પણ એ મુદ્દો અલગ છે.

દિલ્હીના હુમલા પરથી સ્પષ્ટ છે કે, હવે હુંકાર કરવાના ને વાતોનાં વડાં કરવાના દિવસો જતા રહ્યા છે. પાકિસ્તાન સામે આર યા પારની લડાઈ લડી લેવાનો સમય આવી ગયો છે. પાકિસ્તાન જરાય રહેમને લાયક નથી અને ભારત પાકિસ્તાન દ્વારા પોષાતા આતંકવાદનો કાયમી ઉકેલ નહીં લાવે તો આ રીતે આપણા નિર્દોષ નાગરિકો મરતા રહેશે. આપણે સર્જિકલ સ્ટ્રાઈક સહિતનાં નાનાં નાનાં પગલાં ભર્યા કરીએ છીએ તેના કારણે પાકિસ્તાન આપણને નબળું માની બેઠું છે. પાકિસ્તાનનો આ ભ્રમ દૂર કરવાનો સમય પણ આવી ગયો છે. પાકિસ્તાનને ધોળે દિવસે તારા બતાવવા જરૂરી છે. આપણા નાગરિકોના મનમાં એક સવાલ એ પણ ઊભો થયો છે કે, આતંકવાદીઓ ખુલ્લેઆમ આપણા ઘરમાં ઘૂસીને લોકોને મારે છે પણ આપણે એ જ ભાષામાં જવાબ કેમ નથી આપી શકતા ? આપણે આતંકવાદી હુમલાના જવાબમાં સર્જિકલ સ્ટ્રાઈક્સ કરી છે ને મિલિટરી ઓપરેશન પણ કરીએ છીએ પણ એ બધું આતંકવાદી હુમલા પછી થાય છે. આતંકવાદીઓ હુમલો કરે ને આપણાં લોકોને મારે તેની રાહ જોયા કરીએ છીએ. તેના બદલે એક વારમાં જ બધું પૂરું કરી નાખવું જોઈએ.

કેન્દ્ર સરકારે પાકિસ્તાનને પાઠ ભણાવવાની સાથે સાથે દેશમાં પણ સપાટો બોલાવવો જરૂરી છે કેમ કે પાકિસ્તાન ભારતમાં રહીને કામ કરતા ગદ્દારોના જોરે જ લાશો ઢાળે છે. દિલ્હી બ્લાસ્ટમાં કાશ્મીરના ડોક્ટરે આત્મઘાતી હુમલો કર્યાનું બહાર આવ્યું છે. આ ડોક્ટરની સાથે ફરીદાબાદના ત્રણ ડોક્ટરો સંડોવાયેલા હતા ને તેમની પાસેથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો મળ્યા છે. આટલા જંગી પ્રમાણમાં વિસ્ફોટકો ભારતમાં કઈ રીતે ઘૂસી જાય છે એ વિચારવાની જરૂર છે. તેના એક દિવસ પહેલાં ગુજરાતમાંથી ત્રણ આતંકી પકડાયેલા. બીજેથી પણ આતંકીઓ પકડાય જ છે. સવાલ એ છે કે, આ દેશના ગદ્દારોને આપણે કેમ પકડીને સાફ નથી કરી શકતા? કેમ કે એનઆઈએ, સીબીઆઈ વગેરે એજન્સીઓ રાજકારણીઓને ને સોશ્યલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સને સાણસામાં લેવામાં શક્તિ વેડફે છે જ્યારે ખરી જરૂર આ દેશનું ખાઈને દેશનું ખોદતા ગદ્દારોને સાફ કરવાની છે.

**મોતનો આ સામાન આવ્યો ક્યાંથી? કેવી રીતે? આ પ્રશ્નોના જવાબ તપાસ અહેવાલમાં મળશે પણ જવાબ નહી**

# પાકિસ્તાનનો હાથ : પુરવાર કરવાની જરૂર છે?

- પાકિસ્તાનનો કોઈ હાથ કે પગ નથી ! દિલ્હીમાં આતંકી વિસ્ફોટ અને નિર્દોષ નાગરિકોનાં મોતથી જાણે પાકિસ્તાની ફિલ્ડ માર્શલ પોતાની તાજપોશી' ઊજવી રહ્યા છે. પાકિસ્તાની સંવિધાનમાં સુધારો કરાવીને મુનીર બેતાજ બાદશાહ બન્યા છે.

દિલ્હીમાં લાલ કિલ્લાની સામે થયેલા વિસ્ફોટ પાછળ આતંકવાદીઓના હાથ અને પાકિસ્તાની નાપાક ભેજાંનું કરતૂત હોવા વિષે કોઈ શંકા ન હોવી જોઈએ. આ ભયાનક કાવતરાં પાછળ પાકિસ્તાન હોવાનો આક્ષેપ કરવાની ઉતાવળ આપણી સરકાર કરે નહીં તે સમજી શકાય છે, પણ આપણે - લોકો જાણે છે. ઓપરેશન સિંદૂર પછી વડાપ્રધાન મોદીએ પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી (કે ધમકી) આપી હતી કે, હવે જો ભારત ઉપર આતંકી હુમલો થશે તો તે પાકિસ્તાની આક્રમણ લેખાશે અને - ભારત તેનો જવાબ આપશે. હવે આ હુમલા પાછળ પાકિસ્તાન હોવાની હકીકત હોવા છતાં પુરાવા જરૂરી છે. ભારત સરકાર જો પાકિસ્તાનને જવાબદાર ગણાવે તો પણ લશ્કરી જવાબ આપવાની ઉતાવળ નહીં થાય કારણ કે મુનીરની દલીલ - બચાવ હશે કે, ભારતીય લોકોએ જ આતંકી હુમલો - વિસ્ફોટ કર્યો છે. પાકિસ્તાનનો કોઈ હાથ કે પગ નથી ! દિલ્હીમાં આતંકી વિસ્ફોટ અને નિર્દોષ નાગરિકોનાં મોતથી જાણે પાકિસ્તાની ફિલ્ડ માર્શલ પોતાની 'તાજપોશી' ઊજવી રહ્યા છે. પાકિસ્તાની સંવિધાનમાં સુધારો કરાવીને મુનીર બેતાજ બાદશાહ બન્યા છે. તમામ - સર્વોચ્ચ સત્તાધીશ બનીને પાકિસ્તાની અણુશસ્ત્રોના માલિક - નિયામક બની બેઠા છે ! દિલ્હી ઉપર હુમલો કરીને જાણે ઓપરેશન સિંદૂરનો બદલો લઈ રહ્યા હોય એવી છાપ પાડે છે ! અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ દુનિયામાં લોકશાહીની દુહાઈ આપતા ફરે છે અને પાકિસ્તાનમાં મુનીર સાથે હાથ મિલાવે છે. શાંતિ એવોર્ડનો ગોળ એમની કોણીએ ચોંટાડયો છે ! લાલ કિલ્લા ખાતેના વિસ્ફોટમાં જે દારૂગોળો વપરાયો છે અને લગભગ ત્રણ હજાર કિલો વિસ્ફોટક પદાર્થ અને સંખ્યાબંધ શંકાસ્પદ શખ્સો પકડાયા છે તે જોતાં એમ લાગે છે કે, આ આતંકીઓ દિલ્હીથી શરૂઆત કરીને અન્ય સ્થળોએ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કરવા માગતા હતા. આશા રાખીએ કે, મોતનો મસાલો પકડાયા પછી હવે અન્ય સ્થળો બચી ગયાં હશે. મુંબઈ અને દિલ્હીમાં ભૂતકાળના આતંકી સિરિયલ ધડાકાનું પુનરાવર્તન નહીં થાય એવી ખાતરી નથી - પણ તંત્ર સાવધાન છે. એક વાત આપણે સ્વીકારવી જોઈએ કે, સરહદ ઉપર ભારતીય સેના સાવધાન છે, પણ દેશની અંદર આપણી ગુપ્તચર એજન્સીઓ કાચી પડી છે. કેટલાક દિવસો દરમિયાન જમ્મુ-કાશ્મીર, ફરીદાબાદ અને ગુજરાતમાં આતંકવાદી પગેરું પકડાયું અને તપાસ શરૂ થઈ છતાં દિલ્હીમાં આતંક અટકાવી શકાયો નહીં ? સ્ફોટક પદાર્થો સાથે એકે ૪૭ અને રાઈફલ - પિસ્તોલ પણ જપ્ત થઈ છે. મોતનો આ સામાન આવ્યો ક્યાંથી? કેવી રીતે? આ પ્રશ્નોના જવાબ તપાસ અહેવાલમાં મળશે પણ જવાબ નહીં પરિણામ મળવું જોઈએ. આતંકના મૂળ સુધી - પાકિસ્તાન સુધી પહોંચવું પડશે. નોંધપાત્ર બાબત એ છે કે, કાશ્મીરી ડોક્ટરો હવે આતંકી ચેહરા-કે હાથા બન્યા છે. મુખ્યપ્રધાન ઓમર અબદુલ્લા હવે રાજ્યનો દરજ્જો કયા મોંઢે માગશે? એમણે તો માથું નીચું કરીને દેશની માફી માગવી જોઈએ. મોદી સરકારે સત્તા સંભાળી તે પહેલાં દિલ્હી અને દેશભરમાં આતંકી હુમલાનો કાળો ઈતિહાસ લખાયો છે. સંસદ ભવન ઉપર પણ 'આક્રમણ થયું હતું ! અને વર્ષ ૨૦૦૦ના ડિસેમ્બરમાં લાલ કિલ્લા ઉપર ત્રણ આતંકી લશ્કર-એ-તોયબા દ્વારા હુમલો થયો હતો. રાજપૂતાના રાઈફલના થાણા ઉપર આક્રમણ કરીને ભાગી છૂટયા પણ ત્રણ ઠાર થયા અને ચોથો આરીફ ૨૦૦૫માં ફાંસીના માચડે ચડયો હતો. આ વિસ્ફોટ આપણા જ દેશના કેટલાક નમકહરામ લોકોએ કર્યો છે ત્યારે સેક્યુલરવાદનાં નામે વોટ માગતા નેતાઓએ હવે 'ચોરની મા'ની જેમ મોઢાં છુપાવવાને બદલે માફી માગવી જોઈએ. આપણી એજન્સીઓએ આતંકીઓને મૂળસોતાં ખતમ કરવા જોઈએ. કાનૂની કાર્યવાહી કાનૂન અને ઈન્સાનિયતના દુશ્મનો માટે નથી - એન્કાઉન્ટર એકમાત્ર ઉપાય છે. પાકિસ્તાની આતંકનો જવાબ આતંક જ હોય. દેશભરમાં આતંકવાદ વિરોધી જબરદસ્ત 'જેહાદ' શરૂ કરીને સાપના રાફડામાંથી વીણીવીણીને આતંકવાદીઓને જહન્નમ ભેગા કરવામાં હવે વિલંબ નહીં પરવડે.

**એટલું જ નહીં આ ઉપકરણોને કારણે આપણી જિંદગી મનોરંજનથી ભરપૂર અને ઝડપી થઈ ગઈ છે.**

# શિક્ષકો હવે 'અપાર' માટે સજ્જ

## લાઈનમાં લગાડવાની વાત છે, અને એક ધકે ક્યાંય કામ પતતું નથી જે સૌ લોકો જાણે છે તો તેના માટે કેટલો સમય જોઈ શકે અને કેવી રીતે આ કામ થઈ શકે ?

છેલ્લા છ એક મહિના થયા શિક્ષકોને પણ વિચાર કરતા મૂકી દીધા છે કે પોતે શિક્ષકની નોકરી કરી રહ્યા છે કે પછી જન સુવિધા કેન્દ્ર નું કામ કરી રહ્યા છે. શિષ્યવૃત્તિ માટે બેંકનું ખાતું ખોલાવવું,ચાલો ત્યાં સુધી તો બરાબર છે પરંતુ ધીરે ધીરે તેની સાથે રેશનકાર્ડને જોડવામાં આવ્યું,હવે તેમાં પણ પાછા વિદ્યાર્થીનું નામ હોવું જોઈએ તેનો નંબર જનરેટ થયેલો હોવો જોઈએ અને પાછો આધાર સાથે તેનું લિંક થયેલું હોવું જોઈએ. જેની સાથે ન તો શિક્ષક, વિદ્યાર્થી અને શિક્ષણ વિભાગ માટે કંઈ લેવાદેવા હોય છતાં પણ તે શિક્ષકો પાસે ફરજિયાત કામ કરાવડાવી રહ્યા છે, હજુ તેમાંથી પણ શિક્ષકો કામ પતાવીને બહાર નથી આવ્યા ત્યાં તો પાછું હવે નવું વિદ્યાર્થીના આપાર આઈડી બનાવવાની શરૂઆત શિક્ષકો પાસે થઈ ગઈ છે કે જેનો નિવેડો કોઈ પણ કાળે આવે એવું હાલના સંજોગો મુજબ તો લાગતું નથી! બધા વિભાગે જ્યારે હાથ ઊંચા કરી દીધા હોય ત્યારે એ કામ હવે શિક્ષકો ઉપર થોપ્યું હોય એવું તો નથી ને? કારણ કે જે કામ પહેલી વખત આધાર કાર્ડ ને બનાવતી વખતે કરવાનું અને ધ્યાન માં લેવાનું હતું, તે જે તે સમયે લીધું નહિ અને હવે ઓનલાઈન બધા કામો માટે આધાર જરૂરી બન્યું છે ત્યારે તેની વિગતો ના આંકડા ક્યાંય સરખા મેચ થતાં નથી. જેમ કે નામ, નામ સુધારા વધારા, અટક નામની આગળ કે પાછળ, જન્મ તારીખ વિગેરે.આવા અગત્ય ના દસ્તાવેજ બનાવતી વખતે જે તે વખતે આ કામ એજન્સીઓ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓને આપ્યું અને હવે તેમાં રહેલ ખામી ની દસ બાર વર્ષે ખબર પડી અને તેમાં સુધારા વધારા નું કહેવાતું સૌથી મુશ્કેલ કામ હવે વિદ્યાર્થીનું આઈડી બનાવવા ભાગરૂપે શિક્ષકો પાસે કરવામાં આવી રહ્યું છે, અને તે પણ વિદ્યાર્થીઓના શિક્ષણ અને ભવિષ્યના ભોગે. આ બધા વધારાના કામોના કારણે જ આજે શિક્ષકોના સંબંધો વિદ્યાર્થીઓ અને તેના વાલી તેમજ ગ્રામજનો સાથે પણ ધીરે ધીરે વણસી રહ્યા છે કારણ કે આવી બધી વધારાની કામગીરી કાયમી શિક્ષકોને વાલીઓ પાસે ફરજિયાત કરાવવાની આવે છે કે જે અન્ય વિભાગની હોય છે. વાલીઓ તો તેમજ સમજે છે કે આ શિક્ષકોને ભણાવવાનું લાગતું નથી!તંત્રએ ખાલી એટલો જ વિચાર કરવો જોઈએ કે જો દરેક નાગરિકના ખાલી મફત માં આધાર કાર્ડ બનાવવામાં જ જો ૧૦ થી ૧૨ વર્ષ જતા રહ્યા હોય,તો હવે તો તેમાં સુધારા વધારા કરવાની કામગીરી છે, ફરીથી બધા લોકોને ભેગા કરવાની વાત છે,લાઈનમાં લગાડવાની વાત છે, અને એક ધકે ક્યાંય કામ પતતું નથી જે સૌ લોકો જાણે છે તો તેના માટે કેટલો સમય જોઈ શકે અને કેવી રીતે આ કામ થઈ શકે ? શરૂઆતમાં તો આ કામ ફ્રી માં હતું છતાં પણ દસ વર્ષ જેવો સમય લાગ્યો તો આ તો હવે તો ૫૦ થી ૧૦૦ રૂપિયા દઈને એમાં સુધારા વધારા નાગરિકોને કરવાના થશે તો તે કઈ રીતે શક્ય બને અને તે પણ સમય અને પૈસાનું વ્યય કરીને.જો ખરેખર જ આધાર રેશનકાર્ડ,બેંક ખાતુ અને આવા અપાર આઈડી કાર્ડ જેવા જ દસ્તાવેજો ખરેખર સરકાર માટે અને નાગરિકો માટે અગત્યના જ હોય તો શા માટે દરેક ગામે ગામ,શાળાએ શાળાએ, તેના જાણકાર વહીવટી તંત્ર અને તેના સોર્સિંગ એજન્સીઓને નિમણૂક કરી અને યોગ્ય સમય આપીને મોકલવામાં નથી આવતા કે જે ગામે ગામ અને સોસાયટીમાં જઈ અને દરેક નાગરિકને આ સુવિધા પૂરી પાડે. મોટા પાયે જાહેરાતો કરી અને સ્થાનિક આગેવાનોને કેમ આવા કામોમાં સાથે જોડવામાં નથી આવતા કે જેથી કરીને ઓછા સમયમાં, ઓછા ખર્ચે, ઓછી મહેનતે આવો અશક્ય લાગતા કામો માં સુધારો કરી શકાય.હજુ ભવિષ્યના ભારતમાં જન્મનારા નાગરિકો માટે પણ જો આવી સુવિધા લાગુ કરી હોય તો એકદમ સરળ જ છે કે જન્મતાની સાથે જ જન્મનું દાખલો અને આધાર કાર્ડ સાથે નીકળવું જોઈએ, તેનો એક જ નાગરિકતા નંબર હોવો જોઈએ અને તેની અંદર જે તે નાગરિકના જન્મથી મરણ સુધીના બધા જ જરૂરી શિક્ષણ કે અન્ય દસ્તાવેજો,પ્રમાણપત્ર કે અન્ય સરકારી વહીવટી કામગીરી ના કાગળો તેમાં સામેલ થતા જાય,ઉમેરતા જાય જે રીતે કોમ્પ્યુટર માં ફોલ્ડર ની અંદર ફોલ્ડર કે ફાઈલ ઉમેરી કે અપડેટ કરી શકીએ છીએ અને જ્યારે પણ કોઈને પણ જરૂર પડે તો એક નંબર નાખતા જ આ ઓનલાઈન જમાનામાં બધી વિગતો તેમાં નંબરની સાથે મળી રહે, અને એક જ જગ્યાએ સુધારો કરતા બધા જ ડોક્યુમેન્ટમાં જે તે તારીખથી સુધારા વધારા થઈને પ્રિન્ટ આવી શકે જે હાલના આધુનિક જમાનામાં સરળતાથી શક્ય છે પણ તેઓ તંત્રને હાલના સમયે વિચાર આવે તો જ શક્ય બને.આવી બધી વધારાની અન્ય વિભાગની કામગીરી પણ શિક્ષકો પાસે વિદ્યાર્થીના શિક્ષણ અને ભવિષ્યના ભોગે કરાવવાતી હોવાથી જ માસ્તર કહેવાતો માસ્તર આજે શિક્ષક થઈને ઊભો રહી ગયો છે અને જે માન સન્માન તેનું સમાજ કે ગામમાં હતું એ ધીમે ધીમે આવા વધારાના કામોને કારણે ઓછું થઈ રહ્યું છે અને હજી જો શિક્ષકે આ બધું જાળવવું હશે તો પોતાને આવા વધારાના કામો સામે એક થઈ બાયો ચડાવી,વિદ્યાર્થીના,પોતાના અને ભારતના ભવિષ્યને ધ્યાને લઈને તંત્રને સજાગ કરવું જ પડશે, કેમ કે શિક્ષક જ ભારતના ભવિષ્યનું નિર્માણ કરી રહ્યો છે.વાલીઓ બીજું કઈ સમજતા નથી કે ભાઈ આ પરિપત્ર શું છે, કે નિયમ શું છે,ઉપરથી શિક્ષકોને શું કામગીરી સોંપવામાં આવે છે . તે એટલું જ જાણે છે કે શિક્ષકોને ખાલી ભણાવવાનું જ હોય છે. જ્યારે નવી શિક્ષણ નીતિ લાગુ કરવા જઈ રહ્યા છીએ ત્યારે શિક્ષક ની વિદ્યાર્થીઓને ખૂબ જ જરૂરિયાત છે માટે નીતિ ઘડનારને પણ આ સમયે કહેવા માગું છું કે નિશાળને જન સુવિધા કેન્દ્ર બનાવવાનું બંધ કરી વિદ્યાર્થીઓને કેળવવાનું કામ કરવું જોઈએ નહીં તો,આ વર્ગખંડની અંદર વિદ્યાર્થી મૂંઝાતો રહી જશે. આ મૂંઝાયેલી પરિસ્થિતિ નો ખ્યાલ અત્યારે નહીં આવે, કારણ કે તેની અસરો ભવિષ્યમાં થતી હોય છે.



# ભારતીય સંગીતકારોનું ગ્રેમીના મંચ પર પ્રભુત્વ

## અનુશ્કા શંકર, શક્તિ અને ચારુ સુરીને મળ્યાં નોમિનેશન




ારતીય શાસ્ત્રીય સંગીત વર્ષોથી વિશ્વ કક્ષાએ લોકપ્રિય રહ્યું છે. અનેક કલાકારોએ હંમેશા કહ્યું છે કે તેમને પોતાના દેશ કરતાં વિદેશોમાં વધુ સન્માન મળે છે. આ જ વાત ભારતીય ફિલ્મની ઓસ્કારમાં હાજરીમાં પણ દેખાય છે. પછી તે 'સ્લમ ડોગ મિલિયેનર' હોય કે પછી 'નાટુ નાટુ'. આ જ વાત વિશ્વ પ્રતિષ્ઠિત સંગીત માટેના ગ્રેમી એવોર્ડ્ઝમાં પણ જોવા મળે છે.

તાજેતરમાં જ ૬૮મા એન્યુઅલ ગ્રેમી એવોર્ડ્ઝ માટેના નોમિનેશનની યાદી જાહેર થઈ છે. જેમાં કેટલાંક ભારતીય અને ભારતીય મૂળના કલાકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં સૌથી વધુ જાણીતું નામ જાણીતા સિતાર વાદક અને ઈન્ટરનેશનલ મ્યુઝિશીયન અનુશ્કા શંકરનું છે. વિશ્વ વિખ્યાત સિતાર વાદક ભારત રત્ન પંડિત પવિ શંકરના પુત્રી અનુશ્કા શંકરને તેમનાં લેટેસ્ટ આલ્બમ 'ચેપ્ટરૈં – વી રીટર્ન ટુ લાઈટ' માટે નોમિનેશન મળ્યું છે. આ પ્રોજેક્ટ તેમણે જાણીતા સરોદ વાદક આલમ ખાન અને તાલ વાદક સારથિ કોરવાર સાથે મળીને તૈયાર કરાવ્યું છે. તેને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક આલ્બમ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ આલ્બમ ભારતીય મૂળ અને ભારતીય શાસ્ત્રીય સંગીત સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું હોવા છતાં તેનો સાઉન્ડ ઘણો આધુનિક છે, આ પ્રકારના સંગીત માટે છેલ્લા વીસ વર્ષથી અનુશ્કા શંકર કામ કરી રહ્યાં છે.

તેમના પિતા પંડિત રવિશંકર વિવિધ કેટેગરીમાં ચાર વખત ગ્રેમી એવોર્ડ જીતી ચૂક્યા હતા. વર્ષ ૨૦૨૪ના ગ્રેમી એવોર્ડ્ઝમાં તેમની બંને દિકરીઓ સિતાર વાદક અનુષ્કા શંકર અને અમેરિકન સિંગર નોરા જોન્સ શંકર પણ નોમિનેટ થયાં હતાં. જેમાંથી નોરા જોન્સને બેસ્ટ ટ્રેડિશનલ પોપ વોકલ આલ્બમ 'વિઝન્સ' માટે એવોર્ડ મળ્યો હતો. જ્યારે અનુશ્કાને ત્યારે ગ્રેમીમાં બે નોમિનેશન મળ્યાં હતાં, 'ચેપ્ટર ૨ – હાઉ ડાર્ક ઈટ ઈઝ બિફોર ડોન' અને 'અ રોક સમવેર'. આ સાથે તેના કુલ ૧૧ ગ્રેમી નોમિનેશન થઈ ગયાં છે. પરંતુ તેઓ ફરી એક વખત એવોર્ડ ચૂકી ગયાં હતાં. ત્યારે હવે તેમને આ વર્ષે એવોર્ડ મળી જાય એવી આશા છે.

જ્યારે બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક આલ્બમની કેટેગરીમાં આ વર્ષે ભારતીય મૂળના ત્રણ આલ્બમ રેસમાં છે. અનુશ્કા શંકર ઉપરાંત મ્યુઝિક કમ્પોઝર સિદ્ધાંત ભાટીયાનું 'સાઉન્ડ્ઝ ઓફ કુંભા' કુંભ મેળાના અવાજો પર આધારીત આધ્યાત્મિક ઉર્જા અને અવાજોથી પ્રેરિત આ આલ્બમ છે.

આ વર્ષે શક્તિનું 'માઈન્ડ એક્સ્પ્લોઝન(૫૦મી એનિવર્સરીની ટુરનું લાઈવ)' પણ રેસમાં છે, જેમાં લિજેન્ડરી જેઝ ફ્યુઝન ગ્રુપની જોન મેકલેગ્લિન અને ઉસ્તાદ ઝાકીર હુસૈનની આગેવાનીમાં પાંચ દાયકાની સફર રજૂ થઈ છે. અનુશ્કા શંકર અને શક્તિ બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક માટે પણ નોમિનેશન મળ્યાં છે. અનુશ્કા શંકરની ધુનો ડેબ્રેક અને શ્રીનિઝ ડ્રીમ બંને આ કેટેગરીમાં સ્પર્ધામાં છે. આ પ્રકારનું ભારતીય સંગીતનું પ્રભુત્વ અને વિસ્તાર દર્શાવે છે કે

ભારતીય શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત કે પછી પ્રયોગાત્મક સંગીતને કોઈ સીમાઓ નડતી નથી.

આ ઉપરાંત ભારતીય મૂળના ઈન્ડો અમેરિકન પિઆનિસ્ટ અને કંમ્પોઝર ચારુ સુરીને પણ બેસ્ટ કન્ટેમ્પરરી ઈન્સ્ટ્રુમેન્ટલ આલ્બમ કેટેગરીમાં શયન આલ્બમ માટે નોમિનેશન મળ્યું છે. જેમાં ભારતીય લોકસંગીત અને જેઝનો પ્રયોગ છે.

# હું ૩૦ વર્ષે હતો એના કરતાં વધુ તાકાત અને હળવાશ અનુભવું છું : મિલિંદ સોમણ

## ૬૦ વર્ષના થયેલાં મિલિંદ સોમણે સાબિત કર્યું છે કે ઉંમર વધે તેમ વધુ સારા દેખાઈ શકાય છે

મિલિંગ સોમણ એક એવો એક્ટર, મોડેલ અને ફેશન આઈકોન છે, જે ૯૦ના દાયકાથી આજસુધી એટલો જ યુવાન દેખાય છે. તાજેતરમાં તે ૬૦ વર્ષનો થયો છે, ત્યારે તેણે એક ઈટરવ્યુમાં હેલ્ધી અને ફિટ રહેવા માટે તેને ક્યાંથી પ્રેરણા મળે છે અને તેના માટે આ ઉંમરનું શું મહત્વ છે, તે અંગે વાત કરી હતી. સૈય્યમી ખેરે બે આયર્નમેન રેસ પુરી કરી છે, તેની ચર્ચા ઘણા સમયથી છે. પરંતુ મિલિંદ સોમણે ૫૦ અને ૬૦ વર્ષની ઉંમરે બે આયર્નમેન પુરી કરી છે. તેણે જણાવ્યું, "જ્યારે મેં ૫૦ વર્ષની ઉંમરે આયર્નમેન પુરી કરી ત્યારે એ મારી ઇચ્છા શક્તિ ચકાસવા માટે કરી હતી. જ્યારે ૬૦ વર્ષે તે મારા માટે શરીર, મન, શિસ્ત અને સાતત્યની ઉજવણી સમાન બની ગઈ હતી. મેં અનુભવ્યું છે કે ઉંમર વધવાની સાથે તમે ધીમા પડતા નથી, અશિસ્ત અને અનિયમિતતાને કારણે ધીમા પડો છો. આત્મ સન્માન એ તમારા શરીર અને મન માટે છે, જે તમે કલ્પી પણ ન શકો એવા પરિણામ આપી શકે છે. આજે ૬૦ વર્ષે હું ૩૦ વર્ષો હતો એના કરતાં વધુ મજબુત, હળવો અને આઝાદ હોવાનું અનુભવું છું."મિલિંદે કહ્યું, "તમારું શરીર નક્કી નથી કરતું કે તમારી ઉંમર કેટલી છે – તમારો અભિગમ નક્કી કરે છે. મેં એવાં ૨૦ વર્ષનાં લોકો જોયાં છે, જે થાકેલાં હોય અને ૭૦ વર્ષનાં પણ જોયાં છે જે ઉઠે અને સવારે દોડવા જવા માટે ઉત્સુક હોય. આ સમય થંભાવાની વાત નથી, આ કોઈ હેતુ અને ખુશી સાથે આગળ વધવાની વાત છે."

પોતાની ફિટનેસની વ્યાખ્યા અંગે મિલિંદ માને છે, "સારા દેખાવું એ કાયમી નથી. સારું અનુભવવું એ કાયમી છે. જ્યારે તમે શક્તિ, શાંતિ અને તંદુરસ્તી પાછળ ભાગો ત્યારે તમને આત્મવિશ્વાસ આપોઆપ મળી જાય છે. લોકો કહેતા હોય છે, હું તૈયાર હોઈશ ત્યારે શરૂઆત કરીશ. પણ જો તમે તમારી જાતને આવું કહ્યા કરશો, તો તમે ક્યારેય તૈયાર નહીં થાઓ. પછી તમે ૨૦ના હોય, ૪૦ કે ૬૦ – તમારા શરીરને પ્રેમ કરવાનો અને તેને મનાવવાનો શ્રેષ્ઠ સમય ત્યારે જ છે. મારા માટે તંદુરસ્તી એ આઝાદી છે. પહાજ ચડવાની આઝાદી, દરિયામાં તરવાની આઝાદી, ખુલ્લાં પગે દોડવાની આઝાદી કે પછી કોઈ મહેનત વિના ઊંડા શ્વાસ લેવાની આઝાદી. આયર્નમેન અને મેરેથોન મારું લક્ષ્ય નથી. કે એબ્ઝ બનાવવા અને મેડલ જીતવા એ મારો હેતુ નખી – એ મારું શરીર હજું બધું કરી શકે છે એનો આનંદ છે. એ જ મારી સાચી સફળતા છે."



# રણબીર કપૂરની 'રામાયણ'માં શ્યામક દાવર કોરિયોગ્રાફી કરશે

## ડાન્સ માસ્ટર શ્યામક દાવરે રામાયણમાં કામ કરવાના અનુભવ વિશે વાત કરી

યશ ચોપરાની ૧૯૯૭માં આવેલી ડાન્સ ડ્રામા ફિલ્મ 'દિલ તો પાગલ હે'ને આજે પણ લોકોના દિલોમાં યાદગાર બનાવનાર ડાન્સ માસ્ટર હવે ફરી એક વખત પોતાના ડાન્સનો જાદુ બતાવશે, એ પણ સમગ્ર દેશ જેની રાહ જુએ છે એવી રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'માં. તેમણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તે નિતિશ તિવારીની આ ફિલ્મમાં કોરિયોગ્રાફી કરી છે. શ્યામક દાવરે કહ્યું, "હવે આ જે નવી ફિલ્મ હું કરી રહ્યો છું, એ દિલ તો પાગલ હે નથી, એ રામાયણ છે. તો ચલો રાહ જોઈએ અને જોઈએ કે શું થશે. હું હંમેશા મારી નવી ફિલ્મ વિશે ઉત્સુક હોઉં છું. હા, હું આ ફિલ્મ કોરિયોગ્રાફ કરી રહ્યો છું. આ ફિલ્મની કોરિયોગ્રાફી ઘણી અલગ છે, એટલે જ હું એ ફિલ્મ કરી રહ્યો છું." શ્યામકે 'દિલ તો પાગલ હે' પછી ૧૯૯૯માં 'તાલ' ફિલ્મ માટે પણ કોરિયોગ્રાફી કરી હતી. તેઓ પોતાના ડાન્સ ક્લાસ અને દેશના બાળકોને ડાન્સની તાલીમ આપવા માટે પણ જાણીતા છે. આજે ઘણા એવા કલાકારો છે, જેમણે બાળપણમાં શ્યામક દાવર પાસે તાલીમ લીધી છે. તેમણે તાલ માટે કરેલી કોરિયોગ્રાફી પણ યાદગાર છે, સાથે જ તેઓ ઈન્ટરનેશનલ સ્ટેજ પર મોટા શો પણ કરી ચુક્યા છે. નિતેશ તિવારીની રામાયણ બે ભાગમાં બની રહેલી ફિલ્મ છે, જેમાં આ મહાકાવ્યને નવા દૃષ્ટિકોણ સાથે રજૂ કરવામાં આવશે. જેમાં રનબીર કપૂર ભગવાન રામનો રોલ કરશે અને સાઈ પલ્લવી સીતાનો રોલ કરશે. જ્યારે યશ રાવણ, સની દેઓલ હનુમાનના રોલમાં જોવા મળશે. આ ફિલ્મનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

# અનીતે હોરર કોમેડીમાં કિઆરાની જગ્યા લીધી? ડિરેક્ટરે આખરે ખુલાસો કર્યો

જ્યારથી અનીત પડ્ડા અને અહાન પાંડેની 'સૈયારા' આવી ત્યારથી અનીત પડ્ડા જેન ઝીનો નવો ચહેરો બની ગઈ છે. વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ આપ્યા પછી હાલ તે તેની કોલેજની ફાઈનલ એક્ઝામની તૈયારીઓ કરી રહી છે. તેની પરીક્ષાઓ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પુરી થશે. પછી તે મેડોકની 'શક્તિ શાલિની'નું શૂટ શરૂ કરશે.

અંગે સુત્રોના જણાવ્યા અનુસાર, "આટલી નાની ઉંમરે અનીત આટલી મોટી સફળતા બની ગઈ છે, તે બહુ મોટી વાત છે. તે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં તેની કોલેજની ફાઈનલ પરીક્ષાઓ આપશે. તેના પછી તે દિનેશ વિજાનની શક્તિ શાલિની માટે કામ શરૂ કરશે. તે હાલ પોલિટિકલ સાયન્સમાં બી.એનો અભ્યાસ કરી રહી છે. તે કામ અને અભ્યાસ બંને એકસાથે સારી રીતે મેનેજ કરી રહી છે."

અનીત મેડોકની કોઈ ફિલ્મમાં લીડ રોલ કરનારી સૌથી નાની ઉંમરની એક્ટ્રેસ છે, કે માત્ર ૨૨ વર્ષની છે. તેની ફિલ્મ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આ સાથે જ અનીતે આ ફિલ્મમાં કિઆરાને રિપ્લેસ કરી હોવાની વાત પર ફિલ્મના ડિરેક્ટર અમર કૌશિકે સ્પષ્ટતા પણ કરી છે.

મેડોકના હોરર કોમેડી યુનિવર્સની સ્ત્રીથી શરૂઆત કરનાર અમર કૌશિકે જણાવ્યું, "કિઆરા સુંદર કલાકાર છે. કશું જ નક્કી થયું નહોતું, તેથી મને પણ ખબર નથી કે આ બધું કઈ રીતે બહાર આવ્યું. હું તો હંમેશા કિઆરા સાથે કામ કરવા માગું છું. તમે જ્યારે સ્ટોરી લખો ત્યારે તમારા મનમાં વિચાર હોય છે અને તમે જેમ આગળ વધો તેમ તમને ખ્યાલ આવે છે કે આ પાત્રમાં કોણ ફિટ બેસે છે. જ્યારે સૈયારા આવી ત્યારે અમે હજુ શક્તિ શાલિની લખી રહ્યા હતા."

જ્યારે કિઆરા આ ફિલ્મ ક્યારેય કરવાની હતી કે નહીં, તે અંગે અમર કૌશિકે કહ્યું, "કોઈ નક્કી થયું નહોતું. એવું કશું જ હતું નહીં. અમે માત્ર વિચારવામાં હતા કે આ રોલ માટે કોને લઈ શકાય. ક્યારેક તો આપણને આખી વાતની ખબર પણ ન હોય અને વાતો વહેતી થઈ જતી હોય છે."

થમ્મા ફિલ્મ વખતે શક્તિ શાલિનીનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું. આયુષ્યમાન અને રશ્મિકાની આ ફિલ્મની પોસ્ટ ક્રેડિટમાં એ જાહેર કરી દેવાયું હતું કે અનીત પડ્ડા આ ફિલ્મમાં લીડ રોલ કરશે.

જોકે, આ ફિલ્મ અંગેની અન્ય કોઈ માહિતી હજુ જાહેર થઈ નથી. અમર કૌશક લખે છે અને આ ફિલ્મ મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું આગળનું પ્રકરણ હશે એ નક્કી છે. અત્યાર સુધીમાં આ યુનિવર્સમાં સ્ત્રી, સ્ત્રી ૨, મુંજ્યા, ભેડિયા, અને તાજેતરમાં રિલીઝ થયેલી થમ્મા સહિતની ફિલ્મ આવી ચુકી છે. આ બધી ફિલ્મની સંયુક્ત ગ્લોબલ કમાણી ૧૫૦૦ કરોડે પહોંચી છે. થમ્માએ હજુ સુધીમાં ૧૮૦ કરોડની કમાણી કરી છે.

# અનુશ્કા શર્માની 'છકડા એસ્કપ્રેસ'ની વીમેન્સ વર્લ્ડ કપમાં જીત બાદ ડિમાન્ડ

## મેકર્સ ઓટીટી પર ફિલ્મ રિલીઝ કરવા કોશિશ કરશે






અનુશ્કા શર્માની ૨૦૨૨માં 'કાલા' પછી કોઈ ફિલ્મ જોવા મળી નથી. ત્યારે તેના ફેન્સને ફરી એક વખતે તેની કોઈ ફિલ્મ જોવા મળશે એવી શક્યતા હવે છે. સાત વર્ષે તેની કોઈ ફિલ્મ જોવા મળશે. તેણે ૨૦૨૨માં ઝુલન ગોસ્વામી પરની સ્પોર્ટ્સ બાયોપિક 'છકડા એક્સપ્રેસ' શૂટ કરી હતી. પરંતુ કોઈના કોઈ કારણસર આ ફિલ્મ રિલીઝ થઈ શકી નહોતી. ત્યારે હવે એવા અહેવાલ છે કે તેઓ આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવાની કોશિશ કરી રહ્યા છે. હવે ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમની ઐતિહાસિક જીત પછી લોકોને ફરી એક વખત આ ફિલ્મ જોવામાં રસ પડ્યો છે. તેથી વર્લ્ડ કપ જીત્યા ત્યારથી આ ફિલ્મ માટે સોશિયલ મીડિયા પર માગણી કરવામાં આવી રહી છે.આ અહેવાલો અનુસાર, ફિલ્મના પ્રોડ્યુસર્સે ઓટીટી પ્લેટફોર્મને સીધું જ લખ્યું છે, કે તેઓ આ ફિલ્મ તેમના પ્લટફોર્મ પર રિલીઝ કરવા પર વિચાર કરે.એવા પણ અહેવાલ છે કે તેમણે નેટફ્લિક્સ ઈન્ડિયાનો સંપર્ક કર્યો છે. જેથી તેઓ પોતાના આંતરિક વિખવાદોથી ઉપર ઉઠીને આ ફિલ્મ પર વિચાર કરે જેથી તેમની ફિલ્મ વાસ્તવિક જીવનમાં લોકો સુધી પહોંચી શકે અને સવારનો સૂરજ જોઈ શકે. સાથે તેમણે એવું પણ લખ્યું કે આ ફિલ્મ જુલન જેવી હસ્તી પર બનેલી છે, જે ખરેખર દર્શકો સુધી પહોંચવાને લાયક છે.આ અંગે એક સુત્રએ જણાવ્યું કે પ્રોડક્શન હાઉસે બજેટથી બહાર નીકળીને આ ફિલ્મ બનાવી છે પરંતુ જે રીતે ફિલ્મ બની છે, તેનાથી નેટફ્લિકસની ટીમ શરૂઆતમાં ખુશ નહોતી. સુત્રે જણાવ્યું કે તેમ છતાં આ ફિલ્મ એક મજબુત ફિલ્મ છે. તેથી હવે ટીમમાં આંતરીક ચર્ચાઓ શરૂ થઈ છે. તેથી એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં ફિલ્મની ટીમ તરફથી આ અંગે કોઈ સારા સમાચાર આવી શકે છે.બોલિવૂડમાં કોઈ કોઈને મદદ કરતું નથી : અર્શદ વારસીસંતાનો એક્ટર બને તો, અર્શદ વારસી તેમના નામ ડિરેક્ટરને સૂચવશે નહીંઅર્શદ વારસીએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં એક્ટર્સના કલાકારો ઈન્ડસ્ટ્રીમાં આવે ત્યારે તેમનામાં સંઘર્ષ અને અનુભવનો અભાવ હોવાની વાત કરી છે. ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગે વારંવાર ચર્ચાઓ થતી રહે છે. ત્યારે અર્શદ વારસીએ કહ્યું છે કે બોલિવૂડમાં કોઈ કોઇનું નથી.પોતાના બાળકો પણ એક્ટર્સ બનવા માગે છે, તે અંગે ઈન્ટરવ્યુમાં કહ્યું, "હા, મારો દિકરો અને દિકરી બંને એક્ટિંગ કરવા માગે છે. મારો દિકરો હાલ સિદ્ધાર્થ આનંદને આસિસ્ટ કરે છે,

# શો-શરાબાઃ યે ફિલ્મ માંગે વોર!

ભારતીય સિનેમામાં યુદ્ધ પર આધારિત ફિલ્મ્સનો એક યુગ પાછો ફરી રહ્યો છે. ૨૦૨૫ અને ૨૦૨૬માં રિલીઝ થનારી ફિલ્મ્સ અને વેબ સિરીઝ કેવી રીતે આ જોનરને નવો આકાર આપી રહી છે, તેના પર એક વિગતવાર નજર કરીએ.

સૌથી પહેલા વાત કરીએ ૨૦૨૬માં આવનારી ફિલ્મ 'બોર્ડર ૨'ની, જે ૧૯૯૭ની કલ્ટ-ક્લાસિક ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે. મૂળ ફિલ્મ, જે રાજસ્થાનના લોન્ગેવાલા યુદ્ધ પર આધારિત હતી, તેણે માત્ર ૧૨૦ સૈનિકો અને તેમના ગણ્યાગાંઠ્યા વાહનોએ પાકિસ્તાની ટેન્કોના કાફલાને કેવી રીતે રોક્યો તેની અદ્ભુત ગાથા રજૂ કરી હતી. તેનું સંગીત, સની દેઓલનો જુસ્સો અને જવાનોની લાઈફનું મિશ્રણ આજે પણ યાદગાર છે.

પણ આ વખતે યુદ્ધની ઘટના અલગ હશે. નિર્માતાઓની સૌથી મોટી ચેલેન્જ એ છે કે એ બધા મૂળ ફિલ્મના ભાવનાત્મક ઊંડાણ, યાદગાર સંગીત અને પાવરફુલ ડાયલોગ્સને આધુનિક, ગ્રાફિકલી એડવાન્સ વોરફેર સાથે કેવી રીતે જોડે છે. આ ફિલ્મમાં જો દર્શકોને માત્ર જૂના ટ્રેન્ડનું પુનરાવર્તન મળશે તો જરૂર નિરાશ થઈ શકે છે, પરંતુ જો મેકિંગમાં સરહદ પરના કોઈ નવા ઓપરેશનની બારીકાઈઓ રજૂ કરશે તો તે એક માસ્ટરપીસ સાબિત થઈ શકે છે.

બીજો સૌથી મહત્ત્વપૂર્ણ અને ભાવનાત્મક પ્રોજેક્ટ છે 'ઈક્કિસ', જે ડિસેમ્બર ૨૦૨૫માં થિયેટર્સમાં રિલીઝ થશે. આ ફિલ્મનો વિષય ભારતીય સેનાના ઈતિહાસના સૌથી બહાદુર પણ દુઃખદ પ્રકરણોમાંથી એક છે. તે સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાળની બાયોપિક છે. માત્ર ૨૧ વર્ષની ઉંમરે ૧૯૭૧ના યુદ્ધમાં એ શહીદ થયા હતા અને ભારતીય સેનાના સૌથી યુવાન પરમ વીર ચક્ર (ફઝ) વિજેતા બન્યા હતા.ફિલ્મનું નામ 'ઈક્કિસ'(૨૧) છે, જે તેમની શહાદતની ઉંમર દર્શાવે છે. આ ફિલ્મમાં અરુણ ખેતરપાળનું પાત્ર અમિતાભ બચ્ચનના દોહિત્ર અગસ્ત્ય નંદા ભજવી રહ્યો છે. આ ફિલ્મ માત્ર યુદ્ધની બહાદુરી જ નહીં, પણ એક યુવાનના પરિપક્વ થવાની યાત્રા બતાવશે એવું લાગે છે.આ ફિલ્મના ડિરેક્ટર શ્રીરામ રાઘવન છે, જેમણે 'અંધાધૂન' અને 'બદલાપુર' બનાવી હતી. શ્રીરામ રાઘવનનું હ્યુમર અને લેખન આ બાયોપિકને પરંપરાગત દેશભક્તિની વાર્તામાંથી બહાર કાઢીને એક ઊંડાણભરી વોર ડ્રામાનું સ્વરૂપ આપી શકે છે, જેમાં યુદ્ધની ભયાનકતા અને માનવતા બંને એકસાથે જોવા મળશે.એ ઉપરાંત વેબ સિરીઝની દુનિયામાં, 'ઓપરેશન સફેદ સાગર' (૨૦૨૬) એક એવું ઓપરેશન લાવી રહી છે, જે મોટાભાગના ભારતીયો માટે અજાણ્યું છે. ૧૯૯૯ના કારગિલ યુદ્ધ દરમિયાન જ્યારે ભારતીય સેના જમીન પર લડી રહી હતી. ત્યારે ભારતીય વાયુસેનાએ ઊંચા પહાડો પર હવાઈ હુમલાઓ કર્યા હતા, જેને 'ઓપરેશન સફેદ સાગર' નામ આપવામાં આવ્યું હતું.આ ઓપરેશન અત્યંત જોખમી હતું, કારણ કે ફાઈટર જેટ્સ અને હેલિકોપ્ટર્સને કારગિલ જેવા ઊંચા અને ખરબચડા પહાડી વિસ્તારોમાં ઉડાવવા પડતા હતા, જ્યાં પાકિસ્તાની ઘૂસણખોરો ઊંચાઈનો ફાયદો લઈને બેઠા હતા. આ સિરીઝના પાઈલોટ્સની વ્યૂહાત્મક મુશ્કેલીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સિરીઝૈં છલ્લના બલિદાનને યોગ્ય રીતે શ્રદ્ધાંજલિ આપશે એવું તેના પ્રોમોઝ પરથી લાગી રહ્યું છે.





# દક્ષિણ આફ્રિકાને ભારતીય સ્પિનરોનો ભય, પ્રથમ ટેસ્ટ અગાઉ આકરી પ્રેક્ટિસ કરી

## બાવુમા, રિકલટન, માર્કરમ અને ઝોર્ઝી સહિતના આફ્રિકાના બેટ્સમેનોએ નેટ્સમાં નોંધપાત્ર સમય વિતાવ્યો

**કોલકાતા, તા. ૧૨**

પાકિસ્તાન સામે રાવલપિંડી ટેસ્ટ જીતીને ઉત્સાહ સાથે કોલકાતા આવી પહોંચેલી દક્ષિણ આફ્રીકાની ક્રિકેટ ટીમે શુક્રવાર ભારત વિરુદ્ધ પ્રથમ ટેસ્ટ અગુ સ્પિનરોનો સામનો કરવા નેટ્સમાં આકરી પ્રેક્ટિસ કરી હતી. ભારતીય સ્પિનર્સનો ભય દક્ષિણ આફ્રિકાની ટીમને સતાવી રહ્યો છે જેને પગલે પ્રોટીઝ ટીમે કલાકો સુધી નેટ્સમાં સ્પિનર્સ સામે રમવાની પ્રેક્ટિસ કરીને પરસેવો પાડ્યો હતો. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાએ ડબલ્યુટીસીની નવી સાઈકલની શરૂઆત પાકિસ્તાન વિરુદ્ધની શ્રણી ૧-૧થી ડ્રો કરીને કરી હતી. બીજી ટેસ્ટમાં આફ્રિકાનો આઠ વિકેટે વિજય થયો હતો. જૂનમાં દક્ષિણ આફ્રિકા સૌપ્રથમ વખત

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન બન્યું હતું. કેપ્ટન ટેમ્બા બાવુમા ફિટ થઈને ટીમમાં પરત ફર્યો છે અને તેના નેતૃત્વમાં આફ્રિકન ટીમ ભારતીય બોલર્સના પડકારનો સામનો કરશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં દક્ષિણ આફ્રિકાની ટીમે બેટિંગમાં સ્પિનર્સનો સામનો કરવા માટે તનતોડ મહેનત કરી હતી. પ્રેક્ટિસ સત્રમાં આફ્રિકાની સમગ્ર ટીમ હાજર રહી હતી. બાવુમાએ થ્રો ડાઉનની પ્રેક્ટિસ કરી હતી.

સીનિયર બેટ્સમેન એડન માર્કરમે ઓપનિંગ બેટ્સમેન રિયાન રિકેલટન સાથે બેટિંગ કરી હતી. બેંગલુરુમાં પ્રેક્ટિસ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ૪૦૦થી વધુ રન ચેઝ કરીને ભારત-એ ટીમને હરાવવામાં સફળતા મેળવી હતી. પાકિસ્તાન સામે બાવુમાની ગેરહાજરીમાં ચોથા ક્રમે બેટિંગ કરનાર ટોની ડી ઝોર્ઝીએ ૧૭૫ રન ફટકારતા તેનો આત્મવિશ્વાસ વધ્યો છે. ૨૮ વર્ષીય આ બેટ્સમેન સ્પિન સામે સૌથી શ્રેષ્ઠ ખેલાડી છે. ઝોર્ઝી ભારતીય ધરતી પર દબાણ હેઠળ રમશે તે નક્કી છે.

ભારતમાં ત્રીજા દિવસથી પિચમાં ટર્નિંગ જોવા મળે છે ત્યારે આફ્રિકાના બેટ્સમેનોએ આક્રમક રમત રમીને વિશાળ સ્કોર નોંધાવવા માટે પ્રેક્ટિસ પર ધ્યાન આપ્યું હતું.કેપ્ટન બાવુમા ટીમમાં પરત ફરતા હવે બેટિંગ ક્રમમાં ફેરફાર સ્વાભાવિક છે. ડેવાલ્ડ બ્રેવિસ જે પાકિસ્તાન સામેની ટેસ્ટ સિરીઝમાં ખાસ સ્કોર નોંધાવી શક્યો નહતો તેને આરામ આપવામાં આવી શકે છે. જ્યારે આરામ માટે બીજા વિકલ્પ તરીકે ટ્રિસ્ટન સ્ટબ્સને ધ્યાનમાં લઈ શકાય છે. દક્ષિણ આફ્રિકાનો ૧૯૯૨માં ટેસ્ટ રાષ્ટ્ર તરીકે પુનઃ સમાવેશ થયા બાદ ભારત સામે ૧૭ ટેસ્ટ શ્રેણી રમ્યું છે. કાયમ ગૃહ ટીમનો દબદબો જોવા મળ્યો છે. આફ્રિકા આઠ સિરીઝમાં વિજેતા રહ્યું છે, ભારત પાંચ સિરીઝ જીત્યું છે અને ચાર ડ્રો રહી છે. ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા નવ સિરીઝ પૈકી સાત જીત્યું છે અને બે ડ્રો રહી છે. ભારતે ઘરઆંગણે આઠ પૈકી પાંચ સિરીઝ જીત્યું છે અને દક્ષિણ આફ્રિકા ૧૯૯૯-૦૦ને બાદ કરતા ક્યારેય ભારતમાં ટેસ્ટ સિરીઝમાં વિજય મેળવી શક્યું નથી. દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝ પૂર્વ ભારતીય ટીમના સુકાની શુભમન ગિલ, ડાબોડી ઓપનર યશસ્વી જયસ્વાલ અને સાઈ સુદર્શને નેટ્સમાં પરસેવો પાડ્યો હતો. ગિલે પ્રથમ ટેસ્ટ અગાઉ ટેકનિક પર કામ કર્યું હતું અને દોઢ કલાક પ્રેક્ટિસ કરી હતી. આ ઉપરાંત ભારતીય ખેલડીઓએ સ્લિપ ફિલ્ડિંગની પ્રેક્ટિસ પણ કરી હતી. ડાબોડી ઓપનર જયસ્વાલે સૌપ્રથમ રવિન્દ્ર જાડેજાના સ્પિન બોલિંગ આક્રમણનો સામનો કર્યો હતો અને બાદમાં પેસર નીતીશ રેડ્ડીની બોલિંગમાં અભ્યાસ કર્યો હતો. એક કલાક નેટ્સમાં રમ્યા બાદ તેણે બોલિંગ કોચ મોર્ને મોર્કલના માર્ગદર્શનમાં અડધો કલાક થ્રોડાઉનની પ્રેક્ટિસ પણ કરી હતી. મોર્કલે સ્વયં ડાબોડી બેટ્સમેનને તીવ્ર પેસ અને બાઉન્સ સાથે થ્રોડાઉનની પ્રેક્ટિસ કરાવી હતી.

# આઈપીએલનું મિડ ઓક્શન ડિસેમ્બરમાં દુબઈમાં યોજાશે

**નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમયિર લીગ (આઈપીએલ)ની આગામી સિઝન માટે મિડ ઓક્શન ડિસેમ્બર મહિનામાં અબુ ધાબી ખાતે યોજાશે તેમ બીસીસીઆઈએ જણાવ્યું છે. આ ત્રીજી વખત આઈપીએલની હરાજી વિદેશમાં યોજાશે. અગાઉ ૨૦૨૩માં આઈપીએલ ઓક્શન દુબઈમાં યોજાયું હતું. ત્યારબાદ ૨૦૨૪માં જેદ્દાહ ખાતે આઈપીએલ હરાજી થઈ હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ આ વર્ષે ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ અબુ ધાબી ખાતે મિડ ઓક્શન યોજાશે. અબુ ધાબીને અંતિમ હરાજી સ્થળ તરીકે પસંદ કરાયું હોવાનું અધિકારીએ નામ નહીં જણાવવાની શરતે કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે દિવાળીના સમયે સાઉદી અરબમાં મેગા ઓક્શન યોજાયું હોવાથી આ વર્ષે મિડ ઓક્શન યોજાશે.આ ઓક્શન અગાઉ ફ્રેન્ચાઈઝ ટ્રેડ વિન્ડો દ્વારા કેટલાક ખેલાડીઓની અદલા બદલી કરી શકે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ચેન્નાઈ સુપર કિંગ્સ પાસેથી રાજસ્થાન રોયલ્સ ડાબોડી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાને ટ્રેડ કરી શકે છે. જ્યારે છ વખતની ચેમ્પિયન સીએસકે રાજસ્થાનના સંજૂ સેમસનને મેળવે તેવી અપેક્ષા છે.

# ઘર પર ગોળીબારના બીજા જ દિવસે નસીમ મેદાન પર ઉતર્યો

**કરાચી, તા.૧૨**



પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહને રાવલપિંડીમાં શ્રીલંકા સામેની પહેલા વનડે માટે પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો છે. હાલમાં જ લોઅર ડીરમાં શાહના પરિવારના ઘર પર હુમલો થયાના એક દિવસ પછી તે ક્રિકેટના મેદાનમાં ઉતાર્યો હતો.

૨૨ વર્ષીય આ ફાસ્ટ બોલરે મેદાનમાં ઉતર્યો, ઘરે પાછા ફરતી વખતે મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે નોંધપાત્ર સંયમ અને વ્યાવસાયિકતા દર્શાવી. સોમવારે અજાણ્યા બંદૂકધારીઓએ નસીમના ઘરના મુખ્ય દરવાજા પર ગોળીબાર કર્યો હતો.આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. સદનસીબે, હુમલામાં કોઈને ઈજા થઈ નથી. પોલીસે પુષ્ટિ આપી છે કે, હુમલાખોરો અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યા પછી તરત જ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

ગોળીબારના સંદર્ભમાં પાંચ શંકાસ્પદોની અટકાયત કરી છે. પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું છે કે, હુમલો સ્થાનિક જમીન વિવાદમાંથી થયો હતો. જિલ્લા પોલીસ અધિકારીએ નસીમના પિતાને આ મામલે સંપૂર્ણ સમર્થન અને ન્યાયની ખાતરી આપી છે.

આઘાતજનક ઘટના છતાં, નસીમ ધ્યાન કેન્દ્રિત રહ્યો અને શ્રીલંકા સામેની પ્રથમ વનડેમાં રમવાનું પસંદ કર્યું, ચાહકો અને સાથી ખેલાડીઓ તરફથી તેની સ્થિતિસ્થાપકતા માટે પ્રશંસા મળી.

# શુભમન ગિલ V/S બાવુમા કેપ્ટન તરીકે સિરીઝમાં કોણ ભારે પડશે?

**કોલકાતા : તા.૧૨**



ઈડન ગાર્ડન્સ અને દક્ષિણ આફ્રિકા વચ્ચેનો સંબંધ ફક્ત ક્રિકેટનો જ નહીં, પણ લાગણીઓનો પણ છે. ૧૯૭૦માં રંગભેદ નીતિના કારણે દક્ષિણ આફ્રિકા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના દરવાજા બંધ કરી દીધા હતા. ૨૧ વર્ષના વનવાસ પછી જ્યારે ટીમ પરત ફરી ત્યારે ભારતે તેમનું સ્વાગત કર્યું હતું. ૧૯૯૧ની ઐતિહાસિક વનડે શ્રેણીની પહેલી મેચ ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી. તે દિવસે, સ્ટેડિયમ લોકોથી ભરેલું હતું, લગભગ ૧૦૦,૦૦૦ દર્શકો દક્ષિણ આફ્રિકાની ટીમનો ઉત્સાહ વ્યક્ત કરી રહ્યા હતા.

ત્રણ દાયકા પછી, દક્ષિણ આફ્રિકાનું ભલે આટલું સ્વાગત ન થાય, પરંતુ ટેસ્ટ મેચ માટેનો ઉત્સાહ અકબંધ રહેશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન અને ભારત વચ્ચેની આ મેચ વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચશે. આ ટેસ્ટ મેચ બંને ટીમોના કેપ્ટન માટે પણ એક મોટી કસોટી છે. ટેસ્ટ ચેમ્પિયનશિપ જીત્યા પછી પહેલીવાર ટેમ્બા બાવુમા શ્રેણીમાં કેપ્ટનશીપ કરશે. ક્યારેય એક પણ ટેસ્ટ હાર્યા વિના, તેની પ્રતિષ્ઠા દાવ પર લાગશે. બીજી તરફ, શુભમન ગિલે ઘરઆંગણે કેપ્ટન તરીકે સારી શરૂઆત કરી છે પરંતુ તે જાણશે કે વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કેટલો મોટો તફાવત છે. જવાબદારી સંભાળ્યા પછી બંનેએ પોતાના ટેસ્ટ પ્રદર્શનમાં સુધારો કર્યો છે. ગિલે ઈંગ્લેન્ડમાં કેપ્ટન તરીકેની પોતાની પહેલી શ્રેણીમાં રેકોર્ડ ૭૫૪ રન બનાવ્યા હતા. તેમણે ૧૦ ઈનિંગ્સમાં ૭૫.૪૦ની સરેરાશથી અને ચાર સદી સાથે આ રન બનાવ્યા હતા. તેમના પ્રદર્શનને કારણે જ ભારતે ઈંગ્લેન્ડને તેમની ઘરઆંગણે એક મજબૂત પડકાર આપ્યો, શ્રેણી ૨-૨ થી ડ્રો કરી. ઈંગ્લેન્ડ જવા રવાના થયા પહેલા આ અશક્ય લાગતું હતું. ટેમ્બાની લાંબી કારકિર્દી છે અને આ દરમિયાન કેટલીક ઉપયોગી ઈનિંગ્સ રમી છે. જોકે, ૬૪ ટેસ્ટ પછી તેમની સરેરાશ માત્ર ૩૫.૨૨ છે, જે તેમને મહાન ખેલાડીઓમાં સ્થાન આપતી નથી. કેપ્ટનશીપ સંભાળ્યા પછી, તેમની બેટિંગમાં પણ સુધારો થયો છે. તેમણે કેપ્ટન તરીકે ૧૭ ઈનિંગ્સમાં ૫૬.૯૩ ની સરેરાશથી રન બનાવ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, દક્ષિણ આફ્રિકાએ કંઈક એવું હાંસલ કર્યું જે તેમના દેશના ઘણા દિગ્ગજ કેપ્ટનો હાંસલ કરી શક્યા નહીં. તેમણે ૨૭ વર્ષ પછી દેશ માટે ICC ટ્રોફી જીતી.

# રવિન્દ્ર-સંજુના સેમસનટ્રેડ ડીલમાં વિલંબ, સેમ કુરન અવરોધ બન્યા

**નવી દિલ્હીઃ તા.૧૨**

IPL ૨૦૨૬ પહેલા, રાજસ્થાન રોયલ્સના સંજુ સેમસન અને ચેન્નાઈ સુપર કિંગ્સના રવિન્દ્ર જાડેજા અને સેમ કુરન વચ્ચે ટ્રેડ ડીલ થવાની છે. બંને ફ્રેન્ચાઈઝીઓએ આ કરાર પર ચર્ચા કરી છે, અને પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઝ્જીદ્ધ સેમસનના બદલામાં જાડેજા અને કુરનને રાજસ્થાન રોયલ્સને ઓફર કરી રહ્યું છે. વેપાર કરાર ૪૮ કલાકમાં પૂર્ણ થશે. જોકે, લગભગ બે દિવસ પછી પણ, આ કરાર સત્તાવાર રીતે પૂર્ણ થયો નથી. જોકે, આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં વિલંબ સેમ કુરનને કારણે થયો છે. સેમ કુરનને કારણે આ સોદો હજુ સુધી નક્કી થયો નથી. રાજસ્થાન રોયલ્સ પાસે હાલમાં વિદેશી ખેલાડીઓનો સંપૂર્ણ ક્વોટા છે, તેથી તેઓ તેમની ટીમમાં બીજા કોઈ વિદેશી ખેલાડી (જેમ કે સેમ કુરન) ઉમેરી શકતા નથી. સેમ કુરનને ઉમેરવા માટે રાજસ્થાને ઓછામાં ઓછો એક વિદેશી ખેલાડી રિલીઝ કરવો પડશે. સમસ્યા એ છે કે રાજસ્થાન રોયલ્સ પાસે તેમના ખિસ્સામાં ફક્ત ૩૦ લાખ બાકી છે, અને સેમ કુરનનું હરાજીમાં વેચાણ મૂલ્ય ૨.૪ કરોડ છે. રાજસ્થાન રોયલ્સ શ્રીલંકાના ખેલાડીઓ મહિષ થીક્ષના અને વાનિન્દુ હસરંગાને રિલીઝ કરી શકે છે જેથી સેમ કુરન માટે જગ્યા બનાવી શકાય અને તેમનું પર્સ વધી શકે.





# રણજીમાં જમ્મુ-કાશ્મીરની દિલ્હી સામે ઐતિહાસિક જીત

**નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરની ટીમ સામે રણજી ટ્રોફી માંદિલ્હીની ટીમને હારનો સામનો કરવો પડ્યો છે. ૬૫ વર્ષ પછી યજમાન ટીમ પ્રથમ વખત હારી છે. ઓપન રકામરાન ઈકબાલની સુપર્બસદીને પગલે જમ્મુ-કાશ્મીરની ટીમને સાત વિકેટે વિજય મળ્યો છે. ચાર મેચ બાદદિલ્હી હવે ગ્રૂપડીમાં આઠ ટીમોમાં છઠ્ઠા ક્રમે ફેંકાઈ ગઈ છે અને તેની પાસે માત્ર સાત પોઈન્ટ્સ જ છે. હવે કોઈ ચમત્કાર સર્જાય તોતેને નોક આઉટ્સમાં પ્રવેશવાની તક મળે તેમ છે.ખરાબ વ્યૂહ અને ખેલાડીઓની પસંદગી તેમજ સ્માર્ટ કેપ્ટેન્સીના અભાવને કારણે દિલ્હીની ટીમ સારું પ્રદર્શન કરી શકી નથી. જીત માટે ૧૭૯ રનનો ટાર્ગેટ ચેઝ કરતાં જમ્મુ-કાશ્મીરને અંતિમ દિવસે ૧૨૪ રનની જરૂર હતી. ઓપનર ઈકબાલે ૧૪૭ બોલમાં ૧૩૩ રન ફટકારીને પોતાની ટીમને જીત અપાવી હતી. અગાઉ બન્ને ટીમો ૪૩ વખત સામ સામે ટકરાઈ છે. જેમાં દિલ્હીનો ૩૭ વખત વિજય થયો છે.

# ઈડન ગાર્ડનમાં ૬ વર્ષે ટેસ્ટ : ભારત ૧૩ વર્ષથી હાર્યું નથી

**કોલકાતા, તા.૧૨**

ઈડન ગાર્ડન્સ છ વર્ષ પછી ટેસ્ટ મેચનું આયોજન કરવા માટે તૈયાર છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચની શ્રેણીની પહેલી મેચ શુક્રવારથી અહીં શરૂ થઈ રહી છે. શુભમન ગિલની ટીમ આ સ્ટેડિયમમાં ૧૩ વર્ષની અજેય શ્રેણી ચાલુ રાખવાના સૌથી મોટા પડકારનો સામનો કરશે.

ભારત ૨૦૧૨ પછી અહીં એક પણ મેચ હાર્યું નથી. અહીં તેનો છેલ્લો પરાજય ડિસેમ્બર ૨૦૧૨ માં ધોનીની કેપ્ટનશીપ હેઠળ ઈંગ્લેન્ડ સામે હતો. ત્યારબાદ, ટીમે ચાર મેચ રમી, જેમાં ત્રણ જીતી અને એક ડ્રો રહી. ઈડન ગાર્ડન્સ ખાતે ટીમનો છેલ્લો મુકાબલો નવેમ્બર ૨૦૧૯ માં વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ બાંગ્લાદેશ સામે હતો, જે ગુલાબી બોલથી ભારતનો પહેલો ડે-નાઈટ મેચ પણ હતો. કોહલીની સદીએ ભારતને ફક્ત ત્રણ દિવસમાં એક ઈનિંગ્સ અને ૪૬ રનથી મેચ જીતવામાં મદદ કરી. ત્યારથી આ ભારતીય ટીમનો અહીં પહેલો મુકાબલો હશે.

ગિલ ઓસ્ટ્રેલિયા સામેનીર્ઙ્ક અન્ ૨૦ શ્રેણી પછી તે ટેસ્ટ શ્રેણી રમશે. ઓસ્ટ્રેલિયામાં આઠ ઈનિંગ્સમાં તે એક પણ અડધી સદી ફટકારવામાં નિષ્ફળ ગયો. તેનો સર્વોચ્ચ સ્કોર ૪૬ રન હતો. તેણે પોતાની ટેકનિક સુધારવા માટે નેટમાં લગભગ દોઢ કલાક વિતાવ્યો. નેટ પ્રેક્ટિસ પહેલાં, મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને સહાયક કોચ સિતાંશુ કોટક તેમની સાથે લાંબી વાતચીત કરતા જોવા મળ્યા, સંભવતઃ તેમની રમવાની શૈલી વિશે ચર્ચા કરતા. ગિલ પાછળથી સ્લિપ ફિલ્ડિંગ પ્રેક્ટિસ માટે તેમના સાથી ખેલાડીઓ સાથે જોડાયો. ત્યારબાદ તે યશસ્વી સાથે નેટ પર ગયો. સ્પિનથી શરૂઆત કરતા, ગિલે જાડેજા અને સુંદરનો સામનો કર્યો. ફાસ્ટ બોલિંગ નેટમાં, ગિલે પહેલા બુમરાહનો સામનો થોડી ઓવરો માટે કર્યો. ત્યારબાદ તેણે નીતિશ કુમાર રેડ્ડી અને કેટલાક સ્થાનિક ક્લબ બોલરોનો સામનો કર્યો. ત્યારબાદ સપોર્ટ સ્ટાફના એક સભ્યએ તેના માટે ઊંચાઈથી નીચે ફેંકવા માટે સાઇડઆર્મનો ઉપયોગ કર્યો. આનાથી ગિલને વધારાના ઉછાળા અને ગતિ સાથે બોલ સામે પ્રેક્ટિસ કરવાની તક મળી. નેટમાં એક કલાકથી વધુ સમય વિતાવ્યા પછી, ગિલ બોલિંગ કોચ મોર્ને મોર્કેલની દેખરેખ હેઠળ ૩૦ મિનિટના થ્રોડાઉન માટે મેદાન પર ગયો, જેમણે વ્યક્તિગત રીતે તેને નજીકથી બોલિંગ કરી. તમિલનાડુના સાઈ સુદર્શને પણ પોતાની નેટ ઓપનિંગ કરી. તેણે દક્ષિણ આફ્રિકા અ સામે ભારત અ માટે બે



બિનસત્તાવાર ટેસ્ટમાં ફક્ત ૮૪ રન બનાવ્યા. ટીમ મેનેજમેન્ટ તેને ત્રીજા નંબરના બેટ્સમેન તરીકે તૈયાર કરી રહ્યું છે, પરંતુ તે અત્યાર સુધી અપેક્ષાઓ પર ખરો ઉતર્યો નથી. કેએલ રાહુલ, જુરેલ, કુલદીપ અને સિરાજે વૈકલ્પિક પ્રેક્ટિસ સત્રમાં ભાગ લીધો ન હતો, પરંતુ સુદર્શન વિરામ વિના નહોતો. યશસ્વીએ મોર્કેલ અને થ્રોડાઉનનો સામનો કરીને વિકેટ પર લાંબો સમય વિતાવ્યો. ડાબોડી બોલર સારી લયમાં દેખાતો હતો, આત્મવિશ્વાસથી ડ્રાઈવ અને પુલ પર રહ્યો હતો.તેણે તાજેતરમાં રણજી ટ્રોફીમાં રાજસ્થાન સામે મુંબઈ માટે ૬૭ અને ૧૫૬ રન બનાવ્યા હતા. ધ્રુવ જુરેલના ફોર્મને ધ્યાનમાં લેતા, તેના ત્રીજા નંબર પર બેટિંગ કરવા અંગે ઘણી અટકળો ચાલી રહી છે.એવી અટકળો છે કે જુરેલને બેટ્સમેન તરીકે જાળવી રાખવામાં આવી શકે છે કારણ કે વિકેટકીપર ઋષભ પંત ઈજામાંથી સ્વસ્થ થયા પછી રમવા માટે તૈયાર છે. જુરેલે વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીમાં પોતાની કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી.તેણે દક્ષિણ આફ્રિકા અ સામેની બીજી મેચમાં બંને ઈનિંગ્સમાં સદી ફટકારીને બેટિંગ ક્રમમાં સ્થાન મેળવવાનો પોતાનો દાવો મજબૂત બનાવ્યો. તેણે અત્યાર સુધીમાં સાત ટેસ્ટ રમી છે, જે બધી ટીમે જીતી છે. શુભમન ગિલ આ શ્રેણી દરમિયાન ૩,૦૦૦ ટેસ્ટ રન પણ પૂર્ણ કરી શકે છે. આ સિદ્ધિ મેળવવા માટે તેને ૧૬૧ રનની જરૂર છે. તે આ સિદ્ધિ મેળવનાર ૨૮મો ભારતીય ખેલાડી બનશે. અત્યાર સુધીમાં, તેણે ૩૯ ટેસ્ટમાં ૨,૮૩૯ રન બનાવ્યા છે, જેમાં દસ સદીનો સમાવેશ થાય છે. વધુમાં, ગિલ ૫૦ છગ્ગા ફટકારનાર નવમો ભારતીય બનવાથી ચાર છગ્ગા દૂર છે. તે પહેલાથી જ ૪૬ છગ્ગા ફટકારી ચૂક્યો છે. દક્ષિણ આફ્રિકા ૨૯ વર્ષથી ઈડન ગાર્ડન્સ પર જીતની શોધમાં છે. તેઓએ ત્યાં ત્રણ મેચ રમી છે, જેમાં તેમનો એકમાત્ર વિજય ડિસેમ્બર ૧૯૯૬ માં પહેલી મેચમાં ૩૨૯ રનથી મળ્યો હતો. ત્યારથી તેઓ બંને મેચ હારી ગયા છે. ઝડપી બોલરોમાંથી, ફક્ત બુમરાહ પ્રેક્ટિસ માટે આવ્યો હતો. તેણે લગભગ ૧૫ મિનિટ સુધી બંને સ્ટમ્પ પર હળવી બોલિંગ કરી, ઓફ સ્ટમ્પને નિશાન બનાવ્યું. તેના જમણા ઘૂંટણ પર હળવી પટ્ટી હતી, પરંતુ તેણે ગંભીર અને મોર્કેલની દેખરેખ હેઠળ બોલિંગ કરી. લગભગ ત્રણ કલાકની પ્રેક્ટિસ પછી, ટીમના થિંક ટેન્ક - ગંભીર, કોટક, મોર્કેલ અને ગિલ - એ મુખ્ય પિચનું નિરીક્ષણ કર્યું. મોર્કેલ અને ગિલે ક્યુરેટર સુજાન મુખર્જી સાથે ૧૫ મિનિટ સુધી પિચ પર ચર્ચા પણ કરી. તેમના હાવભાવ દર્શાવે છે કે મેનેજમેન્ટ સંપૂર્ણપણે સંતુષ્ટ નહોતું. પિચ ભૂરા રંગની દેખાતી હતી અને તેના પર ધૂળના ડાઘ હતા. અત્યાર સુધી આ મેદાન પર રમાયેલી બે રણજી ટ્રોફી મેચોમાં, ભારતીય ફાસ્ટ બોલરો આકાશદીપ અને શમીને પહેલા દિવસે શરૂઆતમાં જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બંગાળ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ સૌરવ ગાંગુલીએ પહેલાથી જ સ્પષ્ટતા કરી છે કે ટીમ મેનેજમેન્ટે ટર્નિંગ પિચની વિનંતી કરી નથી. દક્ષિણ આફ્રિકા પાસે પેસ અને સ્પિન બંનેનો સમાવેશ થાય છે. કાગીસો રબાડા અને માર્કો જાનસેન ફાસ્ટ બોલિંગ વિભાગનું નેતૃત્વ કરશે. કેશવ મહારાજ, સિમોન હાર્મર અને સેનુરન મુથુસામીની રિપોન ત્રિપુટીએ પાકિસ્તાનમાં શાનદાર પ્રદર્શન કર્યું.

# જેબી મોદી કેન્સર સેન્ટરમાં ૫ હજાર દર્દીઓની સારવાર

## ભરૂચ-નર્મદા જિલ્લાના ૫,૦૦૦થી વધુ કેન્સર દર્દીઓને અંકલેશ્વરની હોસ્પિટલનો લાભ



અંકલેશ્વર, તા.૧૨

ભરૂચ અને નર્મદા જિલ્લાના કેન્સર દર્દીઓ માટે અંકલેશ્વરનું જે. બી. મોદી કેન્સર સેન્ટર આશાનું કેન્દ્ર બની રહ્યું છે. શ્રીમતી જયાબેન મોદી હોસ્પિટલ હેઠળ કાર્યરત આ સેન્ટરે શરૂઆતથી અત્યાર સુધીમાં ૫,૦૦૦થી વધુ કેન્સર દર્દીઓને વિવિધ પ્રકારની સારવાર પૂરી પાડીને આરોગ્યક્ષેત્રે મહત્વનો માઈલસ્ટોન રચ્યો છે.

સેન્ટર ખાતે સર્જિકલ, મેડિકલ, રેડિયેશન અને ગાયનેક ઑન્કોલોજી જેવી વિશિષ્ટ સેવાઓ ઉપલબ્ધ છે. અદ્યતન GE Discovery IQ Gen 2 PET/CT સ્કેનર અને Vital Beam LINAC રેડિયેશન સિસ્ટમ જેવી આધુનિક તકનીકોથી દર્દીઓને ચોક્કસ નિદાન અને અસરકારક ઉપચાર મળી રહ્યો છે. ત્રણેય વિભાગોના સંકલનથી વન-રૂફ કેર સિસ્ટમ કાર્યરત છે, જેના કારણે સમયસર નિદાન, યોગ્ય સારવાર અને ઝડપી આરોગ્યલાભની શક્યતા વધે છે. અંકલેશ્વરમાં અદ્યતન ઉપચાર સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી હવે ભરૂચ અને નર્મદા જિલ્લાના દર્દીઓને અમદાવાદ કે વડોદરા સુધી જવાની જરૂર નથી.સેન્ટરના ડે-કેર કીમોથેરાપી યુનિટમાં દર્દીઓને એજ દિવસે સારવાર મળી રહે છે. કેન્સર અંગે જાગૃતિ વધારવા માટે સેન્ટર દ્વારા મોઢા, સ્તન અને ગર્ભાશયના કેન્સર માટે સ્ક્રિનિંગ કેમ્પો, ફેક્ટરીઓ તથા શાળાઓમાં જાગૃતિ કાર્યક્રમો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય ચકાસણી શિબિરો યોજાય છે.દૂરથી આવતા દર્દીઓ માટે વિના મૂલ્યે એમ્બ્યુલન્સ પીકઅપ-ડ્રોપ સેવા શરૂ કરવામાં આવી છે.ટૂંક સમયમાં દર્દીઓ અને તેમના કુટુંબીજનો માટે રહેવા-જમવાની સુવિધાવાળી ડોર્મિટરીનું લોકાર્પણ થવાનુ છે. તે ઉપરાંત દર મહિને ૫૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓને "અમૃતા પૌષ્ટિક આહાર કીટ" હેઠળ પોષણક્ષમ આહાર પૂરું પાડવામાં આવે છે. કેન્સર સારવાર સાથે પેઈન મેનેજમેન્ટ, પેલિયેટિવ કેર, પોષણ માર્ગદર્શન, ફિઝિયોથેરાપી, મનોવૈજ્ઞાનિક સહાય અને ટોબેકો સેસેશન પ્રોગ્રામ જેવી સેવાઓ પણ પૂરી પાડવામાં આવે છે. ગ્રામ્ય તથા ઔદ્યોગિક વિસ્તારોમાં જાગૃતિ અને નિદાન કેમ્પો દ્વારા સામાન્ય લોકોમાં કેન્સર અંગે જાગૃતિ વધારવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે. બી. મોદી કેન્સર સેન્ટરનો હેતુ એ છે કે દરેક દર્દીને ગુણવત્તાસભર, પરવડે તેવી સારવાર માનવતાભર્યા માહોલમાં મળી રહે. અંકલેશ્વરથી શરૂ થયેલી આ પહેલ આજે ભરૂચ અને નર્મદા જિલ્લાની હજારો પરિવારો માટે આરોગ્ય અને આશાનું પ્રતિક બની ગઈ છે.

# પ્રા.શાળાના આચાર્ય અજય પટેલ ગોળાફેંકમાં રાજ્ય કક્ષાએ પ્રથમ

## ઓલપાડની સરસ પ્રાથમિક શાળાનાં આચાર્યની સિદ્ધિ

સુરત, તા.૧૨

સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિક ચેમ્પિયનશીપ ૨૦૨૫ અંતર્ગત રાજ્ય કક્ષાની રમત ગમત સ્પર્ધાઓ સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત, સાપુતારા ખાતે યોજવામાં આવી હતી. જેમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી ગોળાફેંક સ્પર્ધાનાં ઓપન પુરુષ વિભાગમાં ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત સરસ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા અજયકુમાર લક્ષ્મણભાઈ પટેલે રાજ્ય કક્ષાએ અવ્વલ સ્થાન પ્રાપ્ત કરી રમતગમત ક્ષેત્રે ઓલપાડ તાલુકા સહિત સમગ્ર સુરત જિલ્લાનું નામ રોશન કરેલ છે.તાલુકા તથા જિલ્લા કક્ષાએ અનેકવિધ સિદ્ધિઓનો ભૂતકાળ ધરાવતાં તેમજ નેશનલ રમતમાં ભાગીદારી ધરાવનાર આ યુવા શિક્ષક અજય પટેલની ઝળહળતી ઉપલબ્ધિ બદલ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર હર્ષદ ચૌહાણ, એસ.એમ.સી. સભ્યો, શાળા પરિવાર, સમસ્ત ગ્રામજનો સહિત સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલે અભિનંદન પાઠવ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.




# ગોપીતળાવ પાસેના મલ્ટી લેવલ પાર્કીંગના ગેટ પર જ રીક્ષાનો અડ્ડો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

સુરત મહાનગર પાલિકા દ્વારા સંચાલિત ગોપીતળાવ નજીકના મલ્ટીલેવલ પાર્કિંગના ગેટ પર જ રીક્ષા ચાલકોનું પાર્કીંગ ઉભું થઇ ગયું છે. પાર્કિંગ માટે આવતા વાહનોને અડચણ ઉભી કરનારા આ રીક્ષા ચાલકોને કારણે મેઈન રોડ પર ઘણી વખત ટ્રાફીક જામ પણ થતું હોય છે. રીક્ષા ચાલકો જાણે રોડ રસ્તા અને સરકારી પ્રોપર્ટી પોતાની હોય તેમ મનફાવે તેમ ઝીરો રૂટ ગણાતા રસ્તાઓ પર પણ ગમેતેમ રીક્ષા ઉભી રાખી દેતા હોય છે. આ તો માત્ર એક ઉદાહરણ છે સમગ્ર શહેરમાં જ્યાં જુઓ ત્યાં આજ સમસ્યા છે. ખાસ કરીને કોટ વિસ્તારમાં પણ આજ મોકાણ જોવા મળી રહ્યું છે.

# શું છે SIR? જાણો ચૂંટણી પંચના ખાસ આયોજન વિશે

**SIR એ માત્ર ટેકનિકલ પ્રક્રિયા નથી, પરંતુ લોકશાહી મજબૂત બનાવવાનો આધારસ્તંભ છે**

સુરત, તા.૭

ભારતીય ચૂંટણી પંચે તાજેતરમાં 'Special Intensive Revision' એટલે કે SIRની શરૂઆત દેશભરનાં ૧૨ રાજ્યોમાં કરી છે. આ પહેલનો હેતુ મતદાર યાદી વધુ ચોક્કસ, સંપૂર્ણ અને સુધારેલી બનાવવાનો છે, જેથી દરેક લાયક નાગરિકનું નામ યોગ્ય રીતે નોંધાય અને કોઈ મતદાર ચૂંટણી પ્રક્રિયાથી વંચિત ન રહે.

SIR એટલે એવી ખાસ પ્રક્રિયા, જેમાં ચૂંટણી પંચ મતદાર યાદીની સઘન સમીક્ષા કરે છે. સામાન્ય રીતે આ સુધારો ત્યારે હાથ ધરવામાં આવે છે, જ્યારે પંચને લાગે છે કે યાદીમાં મોટી અસંગતતાઓ છે, જેમ કે મૃત્યુ પામેલાં લોકોનાં નામ હજુ પણ નોંધાયેલાં રહેતાં હોય, ડુપ્લીકેટ એન્ટ્રીઓ હોય અથવા કેટલીક માહિતી અધૂરી હોય. આવી પરિસ્થિતિમાં સામાન્ય વાર્ષિક સુધારો પૂરતો નથી રહેતો, અને તેથી 'Special Intensive Revision' જરૂરી બને છે.

કાયદા મુજબ દરેક ચૂંટણી પહેલા અથવા જરૂરિયાત અનુસાર મતદાર યાદીમાં સુધારો કરવો આવશ્યક છે. છેલ્લી SIR પ્રક્રિયા ૨૧ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૨-૨૦૦૪ માં કરવામાં આવી હતી.

SIRની પ્રક્રિયા ખૂબ જ વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવે છે. દરેક વિસ્તારમાં બ્લોક લેવલ ઓફિસર્સ (BLOs) ની નિમણૂક થાય છે, જે ઘરો સુધી જઈને માહિતી ચકાસે છે. તેઓ ફોર્મ દ્વારા નવા મતદારોની નોંધણી, જૂના નામ કાઢી નાખવા અથવા ભૂલો સુધારવા માટે અરજી સ્વીકાર કરે છે. દરેક બૂથ પર ચકાસણી શિબિરો યોજાઈ શકે છે, જેથી મતદારો સીધા ર્ભ્ન્ સાથે સંપર્ક કરી શકે. જો કોઈ મતદાર પરિણામથી અસંતોષિત હોય, તો તે જિલ્લા મેજિસ્ટ્રેટ કે રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારી પાસે અપીલ કરી શકે છે.

SIR પ્રક્રિયા દરમિયાન ચૂંટણી પંચ નવા મતદારો ઉમેરવા ઉપરાંત જુના ડેટા સાથે તુલના કરીને યાદીનું નવું સંસ્કરણ તૈયાર કરે છે. કેટલીકવાર તો આખી મતદાર યાદી નવી બનાવવાની જરૂર પડે છે, ખાસ કરીને જ્યારે મતવિસ્તારની સીમા બદલાય અથવા ચૂંટણી પહેલાં સુધારાની જરૂર જણાય.

વાર્ષિક સુધારો અને SIR વચ્ચેનો તફાવત એ છે કે વાર્ષિક સુધારો નિયમિત પ્રક્રિયા છે, જે દર વર્ષે હાથ ધરવામાં આવે છે. જ્યારે જૈંઇ ખાસ પરિસ્થિતિઓમાં હાથ ધરવામાં આવે છે, જ્યાં મોટાપાયે સુધારાની જરૂર હોય.

મતદારો માટે SIR એટલા માટે અગત્યનું છે કારણ કે આ સમયગાળામાં તેઓ પોતાનાં નામની ચકાસણી કરી શકે છે, ભૂલો સુધારી શકે છે અને જો નામ નોંધાયેલું ન હોય તો ઉમેરણી માટે અરજી કરી શકે છે. આથી કોઈ પણ નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે સુનિશ્ચિત થાય છે.

આ રીતે SIR માત્ર એક તકનીકી પ્રક્રિયા નથી, પરંતુ લોકશાહી મજબૂત બનાવવાનો આધારસ્તંભ છે. ચૂંટણી પંચનો આ પ્રયાસ એ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે દેશનાં દરેક નાગરિકને મતદાન માટે તૈયાર કરે છે અને લોકશાહી પ્રક્રિયાને વધુ વિશ્વસનીય બનાવે છે.

### BLO ઘરે આવે ત્યારે કોણે કોણે પુરાવા આપવાના રહેશે?

- ૩૭ વર્ષ કે તેથી વધુ વર્ષનાં મતદાર અર્થાત ૧ લી જૂલાઈ ૧૯૮૭ પહેલાં જન્મેલાં વ્યક્તિએ પોતાનું કે લોહીનુ સગપણ ધરાવતાં કોઈ પણ એક વ્યક્તિનું નામ વર્ષ ૨૦૦૨ ની મતદારની યાદીમાં હશે તો કોઈ પુરાવો આપવાનો નથી.
- ૨૧ થી ૩૭ વર્ષ સુધીનાં મતદારે અર્થાત ૧ લી જૂલાઈ ૧૯૮૭ થી બીજી ડિસેમ્બર ૨૦૦૪ વચ્ચે જન્મેલાં વ્યક્તિએ પોતાનું કે પોતાનાં સંબંધી પૈકી કોઈ એકનું નામ મતદાર યાદીમાં હશે તો તેમણે કોઈ પુરાવો આપવાનો થતો નથી. પણ નામ ન હોય તો પોતાનો અને સંબંધી (માતા- પિતા કે અન્ય લોહીના સગા) નો એમ કુલ બે પુરાવા આપવા પડશે.
- ૨૧ થી ઓછી વયનાં અર્થાત બીજી ડિસેમ્બર ૨૦૦૪ પછી જન્મેલાં દરેક મતદારે પોતાનાં બે સંબંધીના નામ યાદીમાં ચાલતાં હોય તો કોઈ પુરાવો આપવાનો નથી, પરંતુ , વર્ષ ૨૦૦૨ ની મતદાર યાદીમાં નામ ન હોય તો પોતાનો અને સબંધીના બે એમ ત્રણ પુરાવા આપવા પડશે.

**દિલ્હી બ્લાસ્ટ કેસ :**
**પહેલા પાનાનું ચાલુ**

રામબન જિલ્લામાં, પોલીસ, સેના, CRPF અનu SOG એકમોની સંયુક્ત ટીમોએ ડ્યુટી મેજિસ્ટ્રેટ સાથે મળીને જિલ્લાભરના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં કામગીરી હાથ ધરી હતી. કામગીરી દરમિયાન, સુરક્ષા દળોએ રામબનના વિવિધ વિસ્તારોમાં સક્રિય આતંકવાદીઓ અને ઓવરગ્રાઉન્ડ વર્કર્સ (OGW) ના સંબંધીઓ અને જાણીતા સહયોગીઓના ઘરની તપાસ કરી. પોલીસ ટીમોએ કોઈ રાષ્ટ્રવિરોધી કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું નથી તેની ખાતરી કરવા માટે અનેક પરિસરનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું.

**દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટના**
**પહેલા પાનાનું ચાલુ**

કારણે દબાણ હેઠળ હતો. તે ઉતાવળે ફરીદાબાદથી એક કારમાં નીકળી ગયો જેમાં અધૂરો IED હતો, જેનાથી વિસ્ફોટ થયો. આ કારણે જ બ્લાસ્ટની અસર સીમિત રહી અને ક્રેટર કે છરા મળ્યા નહીય

સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર કોઈ નિશાન પર ટકરાઈ ન હતી કે કોઈ ઈમારતમાં ઘૂસી ન હતી, એટલે કે આ આત્મઘાતી કાર બોમ્બ વિસ્ફોટ નહોતો. વિસ્ફોટમાં ઉમરનું મોત થયું હતું. પોલીસે વિસ્ફોટના કાટમાળમાંથી મળેલા શરીરના ભાગોને ઓળખવા માટે તેની માતા પાસેથી ડીએનએ નમૂના એકત્રિત કર્યા છે.

સોમવારે સાંજે લગભગ ૬:૫૨ વાગ્યે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર ૧ પાસે એક સફેદ i૨૦ કારમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. સૂત્રો કહે છે કે કારમાં વિસ્ફોટક સામગ્રી ફરીદાબાદમાં જપ્ત કરાયેલી સામગ્રી જેવી જ હતી. આ મોડ્યુલ જૈશ-એ-મોહમ્મદ અને અંસાર ગઝવત-ઉલ-હિંદ સાથે જોડાયેલું છે, જે જમ્મુ અને કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં સક્રિય છે.

ઉત્તર પ્રદેશના હાપુડમાં પોલીસે બે દાણચોરો પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો જપ્ત કર્યા છે. બંને દાણચોરોની ધરપકડ કરવામાં આવી છે. તેમની ઓળખ શોભિત અને વિજેન્દ્ર સિંહ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે અંદાજે ૨.૫ કિલોગ્રામ વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા છે.

**એનડીએ ફરી શાસક :**
**પહેલા પાનાનું ચાલુ**

૬૫-૭૩ બેઠકો પર સંતોષ માનવા પડશે તેવું જણાવાયું છે. આમ અનેક એકઝીટ પોલ દર્શાવે છે કે બિહારમાં ભાજપનું 'મોટાભાઈ'નું સ્ટેટસ ભાજપ ગુમાવી શકે છે.

આરજેડી તેના ગત ચૂંટણીના સૌથી મોટા પક્ષના લાભ ગુમાવી શકે છે અને તેને ૫૩-૫૮ બેઠકો મળશે. જયારે મહાગઠબંધન માટે કોંગ્રેસ પક્ષ કમજોર કડી બની શકે છે પણ જો મતની દ્રષ્ટીએ જોઈએ તો મહાગઠબંધન સૌથી વધુ ૨૩.૩% મતો મેળવી જશે તેવું પીપલ્સ પલ્સ એકઝીટ પોલ દર્શાવે છે તો ભાજપ ૨૧.૪ જનતાદળ ૧૭.૬ વોટ-શેર હાંસલ કરી જશે.

જો કે સિમાંચલમાં જે ભારે મતદાન થયું તે સૌથી મોટુ સસ્પેન્ડ છે. અહી મુસ્લીમ મતદારોમાં મહાગઠબંધનનો ઝોક હતો તેમ મનાય છે અને તેથી જો અહી તે મુજબ મતદાન થયું હોય તો તેવી ઘડીએ બેઠકોમાં કોઈ નવો ટ્રેન્ડ બની શકે છે. બિહારના સવર્ણોનો ઝોક એનડીએ તરફી રહ્યો હોવાનું મનાય છે પણ જનસુરાજ પક્ષે જે શિક્ષિત મતદારો ઉભા રાખ્યા હતા તે ભાગ પડાવી ગયા હોય તે પણ શકય છે.

**મુંબઈ એરપોર્ટ પર**
**પહેલા પાનાનું ચાલુ**

સબસ્ટન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યા હતા. કસ્ટમ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય દાણચોરી નેટવર્ક સાથે સંભવિત લિંક્સ નક્કી કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

**કોંગ્રેસને**
**પહેલા પાનાનું ચાલુ**

કોંગ્રેસના એક દિગ્ગજ નેતા રહ્યા છે. તેઓ ત્રણ વખત ધારાસભ્ય (૧૯૮૫-૨૦૦૪) અને બે વખત સાંસદ (૧૯૯૮, ૨૦૦૪) તરીકે ચૂંટાયા હતા. આ ઉપરાંત, તેઓ ૨૦૦૦ થી ૨૦૦૩ સુધી બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે અને બિહાર સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી તરીકે પણ સેવા આપી હતી.

**ભૂટાનમાં**
**પહેલા પાનાનું ચાલુ**

ભૂતાન સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં તેમના વ્યાપક પ્રયાસોની પ્રશંસા કરી. ઉર્જા, વેપાર, ટેકનોલોજી અને કનેક્ટિવિટીમાં સહયોગની ચર્ચા કરી. ગેલેફુ માઈન્ડફુલનેસ સિટી પ્રોજેક્ટની પ્રગતિની પ્રશંસા કરી, જે આપણી એક્ટ ઈસ્ટ પોલિસી સાથે સુસંગત છે."

મંગળવારે અગાઉ, વડા પ્રધાન મોદીએ ભૂટાનના ચોથા રાજાની ૭૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા સમારોહમાં પણ હાજરી આપી હતી અને ભારત અને ભૂટાન વચ્ચેની સ્થાયી મિત્રતા અને આધ્યાત્મિક સંબંધોને પુનઃપુષ્ટિ આપી હતી.૧૧ નવેમ્બર, ૧૯૫૫ ના રોજ જન્મેલા, જિગ્મે સિંગ્યે વાંગચુકે ભૂટાનના ચોથા રાજા તરીકે સેવા આપી હતી. તેમનું શાસન ૧૯૭૨ થી ૨૦૦૬ સુધી ચાલ્યું, અને તેમને ભૂટાનના સૌથી સ્વપ્નદ્રષ્ટા અને પ્રિય રાજાઓમાંના એક માનવામાં આવે છે. તેમના નેતૃત્વ હેઠળ, ભૂટાને આધુનિકીકરણ કર્યું, રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી અને એક અનોખી ખુશી-આધારિત ફિલસૂફી અપનાવી જેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. પ્રધાનમંત્રી મોદી અને ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે ઊર્જા, ક્ષમતા નિર્માણ, કનેક્ટિવિટી, ટેકનોલોજી, સંરક્ષણ અને સુરક્ષા સહિત વિવિધ પ્રકારના સહયોગ પર વ્યાપક ચર્ચા કરી.પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો પછી, બંને નેતાઓએ સંયુક્ત રીતે ૧૦૨૦ મેગાવોટ પુનાત્સાંગચૂ-II હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું, જે ભારત અને ભૂટાન વચ્ચેનો એક મોટો સહયોગ છે અને બંને દેશો વચ્ચે વધતી જતી ઊર્જા ભાગીદારી પર ભાર મૂકે છે.

**ઈસ્લામાબાદ**
**પહેલા પાનાનું ચાલુ**

શાહબાઝની સરકારના મંત્રીઓ પાસે આ કરવાની કુશળતા છે. તેનું તાજેતરનું ઉદાહરણ ઈસ્લામાબાદ કોર્ટ બોમ્બ વિસ્ફોટમાં જોવા મળ્યું.

હકીકતમાં, આ વિસ્ફોટ અંગે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે, "આ હુમલાઓ ભારત સમર્થિત આતંકવાદનો ભાગ છે જેનો હેતુ પાકિસ્તાનને અસ્થિર કરવાનો છે. ભારતીય આશ્રય હેઠળ અફઘાન ધરતી પરથી આ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે, તેની ગમે તેટલી નિંદા કરીએ તો પણ તે પૂરતું નથી."

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું હતું કે, "આપણે યુદ્ધમાં છીએ. આ હુમલો ઈસ્લામાબાદમાં થઈ રહ્યો છે, અફઘાન સરહદ પર કે બલુચિસ્તાનમાં નહીં. તાલિબાન શાસકો પાકિસ્તાનમાં આતંકવાદને રોકી શકે છે, પરંતુ આ યુદ્ધને ઈસ્લામાબાદ લાવવાનો સંદેશ કાબુલથી આવ્યો છે."એક તરફ, શાહબાઝ શરીફ દાવો કરે છે કે વિસ્ફોટ ભારતના સમર્થનમાં કરવામાં આવ્યો હતો, જ્યારે તેમના પોતાના સંરક્ષણ પ્રધાન દાવો કરે છે કે હુમલો તાલિબાન દ્વારા કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાનના નિવેદનો અસંગત છે. આમ, ભારતને બદનામ કરવાની પાકિસ્તાનની ખોટી ચાલ ફરી એકવાર ખુલ્લી પડી ગઈ છે.શાહબાઝ શરીફનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર ચાલી રહેલા હિંસક તણાવનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એવી છે કે ત્રણ રાઉન્ડની વાતચીત પછી પણ, બંને દેશો સહમતિ સુધી પહોંચી શક્યા નથી. કતાર અને તુર્કીની મધ્યસ્થી હેઠળ બંને પક્ષો મળી રહ્યા છે, ત્યારે અફઘાનિસ્તાન પાકિસ્તાની હુમલાની જવાબદારી સ્વીકારે છે જેમાં છ લોકો માર્યા ગયા હતા અને પાંચ ઘાયલ થયા હતા.

**જી-૭**
**પહેલા પાનાનું ચાલુ**

મંત્રીઓની બેઠક દરમિયાન યુકેના વિદેશ મંત્રી યવેટ કૂપરને મળીને આનંદ થયો. અમે અમારા સંબંધોમાં સકારાત્મક ગતિને સ્વીકારી અને મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ભારત-યુકે વિઝન (INGB) ૨૦૩૫ ને પુનઃપુષ્ટિ આપી."

જર્મન વિદેશ મંત્રી જોહાન વાડેફુલ અને ભારતીય વિદેશ મંત્રીએ ભારત-ઈ સંબંધોને આગળ વધારવાની ચર્ચા કરી અને મધ્ય પૂર્વ, ઈન્ડો-પેસિફિક અને અફઘાનિસ્તાનમાં વિકાસ પર મંતવ્યો શેર કર્યા. વિદેશ મંત્રીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું, "આપણી વ્યૂહાત્મક ભાગીદારી અને ભારત-ઈ સંબંધોને આગળ વધારવા પર ચર્ચા કરી. મધ્ય પૂર્વ/પશ્ચિમ એશિયા, ઈન્ડો-પેસિફિક અને અફઘાનિસ્તાન પર વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું."ભારત બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયા જેવા દેશો સાથે કેનેડાની અધ્યક્ષતામાં ય૭ વિદેશ મંત્રીઓની બેઠકમાં આમંત્રિત ભાગીદાર તરીકે ભાગ લઈ રહ્યું છે. બે દિવસીય કાર્યક્રમ વૈશ્વિક સુરક્ષા, આર્થિક સ્થિતિસ્થાપકતા, ઊર્જા સહયોગ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભાગીદારીને મજબૂત બનાવવા પર કેન્દ્રિત છે.અગાઉ, ભારતના વિદેશ મંત્રાલયે સોમવારે કહ્યું હતું કે, "ય-૭ વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશ મંત્રીની ભાગીદારી વૈશ્વિક પડકારોનો સામનો કરવા અને આંતરરાષ્ટ્રીય મંચો પર વૈશ્વિક દક્ષિણના અવાજને મજબૂત બનાવવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે કામ કરવાની ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે."

**નાણામંત્રી**
**પહેલા પાનાનું ચાલુ**

ટેક્ષ ૩૦%માંથી ૨૦% થઈ શકે તો ૩૦થી૫૦ લાખ સુધી કમાનારને ૨૫%નો ટેક્ષ લાગુ થશે.

આમ આ વર્ગને સ્લેબમાં ૫%નો ઘટાડો થશે. જો ઉદ્યોગ-વ્યાપાર સંગઠન પીએમડીસીસીઆઈની આ ભલામણ સ્વીકારાય તો કોર્પોરેટ કર બાદ આવક વધી તેવું વ્યક્તિગત કરમાં બની શકે છે અને લોકો કર ભરવા આગળ આવશે. વાસ્તવમાં ૩૦% ઉપરના સરચાર્જ ગણતરીમાં લેતા કુલ ૩૯% જેવો ટેક્ષ વસુલાય છે.

**ચેમ્બર ઓફ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કે, માત્ર મનુષ્ય શરીરથી જ સાધના કરી શકાય છે. આધ્યાત્મિક ચેતનાથી પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી સાધના અને સાધનાના માધ્યમથી સિદ્ધી પ્રાપ્ત થાય છે. આજ્ઞા ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી સાતેય ચક્ર એકટીવ થઇ જાય છે. ધ્યાનની સાધનાથી સંકલ્પ શકિત પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી ઉર્જા પ્રાપ્ત થાય છે, આથી તેઓએ બધાને સવાર—સાંજ ધ્યાન કરવાની સલાહ આપી હતી. તેમણે કહયું કે, આજના યુગમાં મનુષ્યનું શરીર રોગી બનતું જાય છે, જેથી મનુષ્યએ રોગી નહીં પણ યોગી બનવું જોઈએ. મનુષ્ય એ કર્મયોગી પણ બની શકે છે અને ભકતયોગી પણ બની શકે છે.

શાકુંત આશ્રમના ડિરેકટર સુશ્રી કવિતા ગુપ્તાએ સાઉન્ડ થેરપી સંદર્ભે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ડો. મન્શાલીએ પ્રકૃતિ— આયુષ કોન્કલેવનો કોન્સેપ્ટ બનાવ્યો હતો અને આ કોન્સેપ્ટને લોકો સુધી પહોંચાડવા માટે એમનો સિંહફાળો રહયો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને સ્વસ્થ જીવન જીવવું એ જ સાચા અર્થમાં આયુષનો મંત્ર છે.

રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી પ્રોફેસર ડો. દીપક રાઉતે ૧૧/૧૧ ના દિવસે ૧૧:૧૧ કલાકે મેનીફેસ્ટેશન ગ્લોબલ કોન્શીયનેસ વિષે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી શ્રી ચિરાગ ગજ્જરે કોન્કલેવમાં ઉપસ્થિત ૭૦૦થી વધુ વ્યકિતઓને ઓરા કલીનિંગ અને ૭ ચક્રાસ બેલેન્સીંગ કરાવ્યું હતું.

ચેમ્બર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સરસાણા સ્થિત પ્લેટીનમ હોલમાં એકજ સ્થળે વધુમાં વધુ વ્યકિતઓને આ અનોખી પ્રવૃત્તિ દ્વારા રેકી હિલીંગ કરાવવા માટે વર્લ્ડ રેકોર્ડ ઓફ એકસલન્સ—ઈંગ્લેન્ડ દ્વારા ડો. ચિરાગ ગજ્જરને વર્લ્ડ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શ્રી સાઇ યોગ એન્ડ રેકી હિલીંગ સેન્ટર— સુરતને સિફા બુક ઓફ રેકોર્ડ?સ ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવ અંતર્ગત ૨૦થી વધુ સ્ટોલ ધરાવતું મેગા એકઝીબીશન પણ યોજાયું હતું, જેમાં આયુષ પ્રોડક?ટ્સ, હર્બલ વેલનેસ, નેચરલ લાઈફસ્ટાઈલ, હેલ્થકેર ઈનોવેશન અને હર્બલ પ્રોડકટસનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના સભ્યો અને નાગરિકો મળી ૭૦૦થી વધુ વ્યકિતઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહયા હતા. ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને આયુષ કમિટીના કો—ચેરમેન ડો. નિપેશ પટેલે મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષના પરિચય આપ્યા હતા. આયુષ કમિટીના કો—ચેરપર્સન ડો. પારૂલ પટેલે કાર્યક્રમના અંતે કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા. આયુષ કમિટીના ડો. વિશાલ શાહ અને ડો. શિલ્પા અગ્રવાલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**ભારત સરકારના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

દ્વારા સમગ્ર સંશોધન અહેવાલ સ્વીકાર્ય બાદ આ પ્રોજેક્ટમાં સંકળાયેલ અર્થશાસ્ત્ર વિભાગનાં ૧૦ વિદ્યાર્થીઓ હીરપરા આરતી દિનેશભાઈ, રાવલ દિવ્યા રમેશભાઈ, મકવાણા સ્નેહિલ રામજીભાઈ, જમોડ મેરાભાઇ ખીમાભાઈ,મેઘના બદલાની, શિતલરમેશભાઈ માલી, સોડવડિયા વંદના ભરતભાઈ, ટંડેલ કૌનિલકુમાર ભરતભાઈ,વૈશાલીબેન જીવનભાઈ ખારવાઅનેયશકુમાર મહેશભાઈ રાણાને કેપેસીટી બિલ્ડીગ ઓફ યુનિવર્સિટીસ ઓન મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુશનનો કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કરવા માટે ડેવલોપમેન્ટ મોનીટરીંગ એન્ડ ઈવેલ્યુશન ઓફિસર (DNEO) નીતિ આયોગ દ્વારા પ્રમાણપત્રો એનાયતકરવામાં આવ્યા હતા. જે આજ રોજ તારીખ ૧૧/૧૧/૨૦૨૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડાનાં વરદહસ્તે તમામ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓને આ સફળતા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સમગ્ર સંશોધન પ્રોજેક્ટમાંડીસ્ટ્રીકટ કો-ઓર્ડીનેટર તરીકે અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકશ્રીડૉ.યોગેશ એન.વાંસિયા અને ડૉ.મનીષ આર.પટેલ દ્વારા તેમની સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર સંશોધન પ્રોજેક્ટમાં નોડલ ઓફીસર તરીકે અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક અને વડાશ્રી ડૉ.ગૌરાંગ ડી.રામી દ્વારા સેવાઓ આપી હતી.આ સંશોધન માટે નિતી આયોગ દ્વારા યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગને ૩,૭૬,૦૦૧/- રૂપિયાનું અનુદાન નિતીઆયોગ દ્વારા પ્રાપ્ત થયું હતું. પ્રસ્તુત સંશોધન પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

**ગ્રીન ટી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અને પરંપરાનું મનોહર પ્રદર્શન થયું છે, જે "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની જીવંત અનુભૂતિ કરાવે છે.આ પ્રકાશ પર્વ—૨૦૨૫ વડે ભારતના વિકાસ અને એકતાનું અદ્ભુત દ્રશ્ય સર્જાયું છે જે રાષ્ટ્રપ્રેમ, ગૌરવ અને ભવિષ્ય પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે.

ભારત પર્વ—૨૦૨૫ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ વડાપ્રધાનશ્રીના "વિકસિત ભારત"ના વિઝનને ઉજાગર કરતું રાષ્ટ્રીય પ્રદર્શન છે. એકતા નગરનો આ પ્રકાશ પર્વ ભવિષ્યના ઉજ્જવળ ભારતનો સંદેશ આપી રહ્યો છે જ્યાં પ્રગતિ, એકતા અને દેશભક્તિ એકસાથે ઝળહળે છે.

**લોકકળાની લોકપ્રિય**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પરદાદાના સમયથી કઠપુતળી કળા અમારી ઓળખ છે.પહેલા ગામે ગામે જઈ લોકોનું મનોરંજન કરતા હતા, આજે સરકારની યોજનાઓ પ્રચાર—પ્રસારનું માધ્યમ બની ગઈ છે. ભારત પર્વ—૨૦૨૫માં અમારી કળા રજૂ કરવાની તક મળી એ અમારા માટે ગૌરવની વાત છે. અહીં સરકાર તરફથી રહેવા—જમવાની સગવડ સાથે દૈનિક રોજગારી પણ મળી રહી છે." કઠપુતળીનો ખેલ માત્ર મનોરંજન નહીં, પરંતુ સામાજિક સંદેશ આપતું જીવંત માધ્યમ છે. આ કળા દ્વારા કલાકારો ગામડાંમાં સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય અને સરકારની યોજનાઓ અંગે જાગૃતિ આપી રહ્યાં છે. પવનભાઈ કહે છે કે, "આ કળા એ લોકો સુધી પહોંચવાનો સૌથી સહજ માર્ગ છે, કારણ કે કઠપુતળીની ભાષા દરેક સમજે છે."

કઠપુતળી શબ્દ સાંભળતાં જ બાળપણની મીઠી યાદો તાજી થઈ જાય છે, ફાનસના અજવાળે ગામની શેરીમાં ભેગા થયેલા બાળકો અને વડિલો વચ્ચે જીવંત થતી કઠપુતળી કળા, તે સમયના ટેલિવિઝન કે મોબાઇલ વિહોણા યુગમાં લોક મનોરંજનનું મુખ્ય સાધન હતી.

આજના ટેકનોલોજી યુગમાં ભલે મનોરંજનના સાધનો બદલાયા હોય, પરંતુ કઠપુતળી કળાએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. હવે આ કળા પપેટ થિયેટરના સ્વરૂપમાં શૈક્ષણિક અને સામાજિક સંદેશ આપવા માટે ઉપયોગમાં લેવાય છે.

ભારતમાં કઠપુતળીની કળા આશરે બે હજાર વર્ષ જૂની માનવામાં આવે છે. રાજસ્થાનની ધરતી આ કળાની જનની ગણાય છે. પાતળી દોરીથી નચાવવામાં આવતી કઠપુતળીઓ દ્વારા કલાકારો મહારાણા પ્રતાપ, અમરસિંહ રાઠોડ જેવા શૂરવીરોની શૌર્યગાથા અને લોકપ્રસંગોની જીવંત પ્રસ્તુતિ કરે છે. આ કળા રાજસ્થાનની સંસ્કૃતિ અને પરંપરાનું ગૌરવરૂપ પ્રતીક બની રહી છે.ભારત પર્વ—૨૦૨૫માં દેશના વિવિધ રાજયોની લોકકળાઓએ ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યસભર ઝલક પ્રગટ કરી છે. તેમાં કઠપુતળી કળાનું પ્રદર્શન લોકપ્રિય આકર્ષણ બની ગયું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પરિસરમાં કઠપુતળી કળાની રમઝટ જોતા લોકો ઉત્સાહથી તાળી પાડી ઉલ્લાસ વ્યક્ત કરી રહ્યા છે.સરકાર દ્વારા કલાકારોને રહેઠાણ, ભોજન સહિત રોજગારી પણ આપવામાં આવી રહી છે, જે લોકકળાઓના પુનર્જીવનનો ઉત્તમ પ્રયાસ ગણાય છે.પવનભાઈ કહે છે કે, "ભારત પર્વ અમને અમારી કળાને નવા મંચે રજૂ કરવાની તક આપી છે. લોકો આનંદ પણ મેળવે છે અને સરકારના સંદેશા પણ સરળતાથી સમજે છે."ભારત પર્વ—૨૦૨૫ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ પરંપરા અને પ્રગતિ વચ્ચેનો જીવંત પુલ છે. અહીં લોકકળા, પરંપરાગત કારીગરી અને આધુનિક ભારતની ઝલક એકસાથે જોવા મળે છે. એકતા નગરમાં ગુંજતી કઠપુતળીની ધૂન એ સાબિત કરે છે કે ભારતીય પરંપરા આજે પણ જીવંત છે.

**છેલ્લા પાનાનું ચાલુ**
**જમીન અને દુકાનને**

આ ત્રણેય જણાએ જમીન તેમજ દુકાનના દસ્તાવેજ કરી આપ્યા ન હતા. જમીન અને દુકાન અન્યને વેચાણ કરવાનું કાવત્રુ ઘડાયું હોય આ અંગે ગઈકાલે વેપારી પ્રમોદ જાંગીડ દ્વારા અલથાણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

**હાઈકોર્ટના ચીફ**

યોગ્ય પ્રતિનિધિ ન મળ્યું હોવાના મુદ્દે સુરતના વેપારી અબ્દુલ વ્હાબ સોપારીવાલા દ્વારા હાઈકોર્ટમાં રીટ પીટીશન કરવામાં આવી હતી. જેમાં સોપારીવાલાના સિનીયર વકીલ ઝમીર શેખે હાઈકોર્ટ સમક્ષ રજુઆત કરી હતી. જે-તે સમયે આ સુનાવણી સમયે હાઈકોર્ટે સરકારને કમિટી રચવાનો અધિકાર છે તેમજ જણાવી કોઈ હસ્તક્ષેપ કર્યો ન હતો. દરમિયાન સુરતનાં વેપારી અબ્દુલ વ્હાબ સોપારીવાલાએ સુરતના સિનીયર એડવોકેટ ઝમીર શેખ મારફતે કોર્ટના ચુકાદા સામે હાઈકોર્ટમાં લેટર્સ પેટન્ટ અપીલ (એલપીએ) દાખલ કરી હતી.

જેની આવતીકાલે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને ડી.એન.રાયની ખંડપીઠ સમક્ષ સુનાવણી થશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૧૨ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫





દિવાળી વેકેશનમાં સરથાણા નેચરપાર્ક સુરતીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. કુદરતી વાતાવરણ વન્યજીવોને નિહાળવા માટે રેકોર્ડબ્રેક લોકોએ મુલાકાત લીધી હતી. નેચર પાર્કમાં ટહેલતા સિંહ-વાઘ સહિતના વન્યજીવોની મસ્તી, આરમની ક્ષણો કેમેરેમાં કંડારાઈ હતી.

# ભરૂચની વિશાલ્યકરણી ફાર્મા કંપનીમાં પ્રચંડ ધડાકા, બેનાં મોત

## સાયખા જીઆઈડીસીમાં બલ્ક ડ્રગ ઇન્ટરમિડિયટનું ઉત્પાદન કરતી કંપનીમાં ભીષણ આગથી ૨૪ જણા ઈજાગ્રસ્ત, રાત્રે અઢી વાગે પ્રચંડ ધડાકાથી સમગ્ર ઔધોગિક વિસ્તાર ધ્રુજી ઉઠ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની સાયખા GIDC માં આવેલી બલ્ક ડ્રગ ઈન્ટરમીડિયેટ બનાવતી વિશાલ્યકરણી ફાર્મકિમમાં મંગળવારે મધરાતે થયેલા પ્રચંડ વિસ્ફોટ સાથે ભભૂકી ઉઠેલી આગમાં બે કર્મચારીઓના મોત જ્યારે ૨૪ ને ઈજા પહોંચી છે.



ગુજરાતના ઔધોગિક ગઢ ભરૂચ જિલ્લામાં મંગળવારની મધરાતે પોણા ૩ વાગ્યાના અરસામાં સાયખાની કંપનીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટે ૨૫ કિલોમીટરના વિસ્તારને હચમચાવી દીધો હતો. સાયખા GIDC ની વિશાલ્યકરણી ફાર્મકિમ તમામ પ્રકારના કેન્સર, HIV, લોહીની ગાંઠો સહિતની ગંભીર બીમારીઓ માટેની દવા બનાવે છે. મંગળવારે રાતે કંપનીમાં ઉત્પાદન ચાલી રહ્યું હતું ત્યારે તીવ્ર વસ્ફોટ થયો હતો. જે બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. કંપનીમાં વિસ્ફોટની તીવ્રતા એટલી ભયાનક હતી કે, આસપાસની ૬ જેટલી કંપનીના સ્ટ્રક્ચરને પણ નુકશાન થયું હતું. તો ચેક ૨૫ કિમી દૂર ભરૂચ સુધી ધડાકાના કંપન મધરાતે અનુભવાયા હતા. વિસ્ફોટ સાથે આગની જાણ થતાં જિલ્લાના ફાયર ફાઈટરો, એમ્બ્યુલન્સ , ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, જિલ્લા વહીવટી તંત્ર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને પોલીસ દોડતી થઈ ગઈ હતી.

એક હજાર સ્કવેર મીટરમાં ફેલાયેલી કંપની કાટમાળમાં પરિવર્તિત થઈ ગઈ હતી. જિલ્લાની વિવિધ એજન્સીની ટિમો અને પોલીસ દ્વારા રાહત બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. આગ ઉપર ૧૦ જેટલા ફાયર ફાઈટરોની મદદથી ૪ કલાકમાં કાબુ મેળવ્યા બાદ કુલિંગ પ્રોસેસ હાથ ધરાઈ હતી. કાટમાળમાં રૂપાંતર થયેલી કંપનીમાંથી ૨ મૃતદેહ બળી ગયેલી હાલતમાં મળી આવ્યા હતા. તો હજી પણ બે કામદારો લાપતા હોવાનું તેમજ ઘટનામાં કુલ ૨૪ કર્મચારીઓને નાની મોટી ઈજા થયું હોવાનું બહાર આવ્યું હતું. ઈજાગ્રસ્તોને ભરૂચ સિવિલ સહિત ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઈન્સ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગના અધિકારી આશુતોષ મોરૈયાએ પ્રાથમિક માહિતી આપી હતી કે, કુલિંગ સિસ્ટમ પુરી થયા બાદ અંદર તપાસ કર્યા પછી હજી મૃતદેહ મળવાની શક્યતા નકારી શકાતી નથી. ભયાનક વિસ્ફોટ સાથે લાગેલી ભીષણ આગનું પ્રાથમિક કારણ બોઈલર કે રો-મટિરિયલ્સ એરિયા કે ત્રણ સ્ટોરેજ એરિયામાં ઘટેલી ઘટના હોય શકવાની હાલ આશંકા સેવાઈ રહી છે. જોકે તપાસ બાદ જ ઘટનાનું સાચું કારણ બહાર આવી શકે તેમ છે. ઔધોગિક હોનારતમાં હજી પણ મૃત્યુઆંક વધવાની શકયતા પણ સેવાઈ રહી છે.

# સુરભી ડેરીમાં પોલીસ દરોડાના બે દિવસ પહેલાં જ મનપાના આરોગ્ય વિભાગે સેમ્પલો લીધા હતા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

સુરતી સુરભી ડેરીના બે યુનિટ પર એસઓજી પોલીસે દરોડા પાડી નકલી પનીરનો જથ્થો જપ્ત કર્યો હતો. સુરત શહેરમાં નકલી ખાદ્ય સામગ્રીની ભરમાર છે. છાશવારે નકલી ખાદ્ય સામગ્રી વેચનારા સામે કાયદેસરની કાર્યવાહી પણ થતી હોય છે. પોલીસ દ્વારા આવા નકલી ઉત્પાદકોનાં સંચાલકો સામે ત્વરિત કાર્યવાહી પણ કરવામાં આવતી હોય છે. જ્યારે લોકોના સ્વાસ્થ્ય સાથે છેંડા કરનારા સામે કડક કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગર પાલિકાના ફુડ ઈન્સ્પેકશન બ્રાંચની છે. મોટાપાયે નકલી પનીરનું વેચાણ કરતા સુરભી ડેરી સામે પોલીસે કાર્યવાહી કરતા સુરત મનપાનું ફુડ ઈન્સ્પેકશન વિભાગ પણ દોડતું થઈ ગયું છે. ચીફ ફંડ ઈન્સ્પેકશન બ્રાંચે ખટોદરા સુરભી ડેરીમાં દરોડા પાડ્યાં એના બે દિવસ પહેલા જ પનીરના સેમ્પલો લેવાયા હોવાનું ચીફ ઈન્સ્પેક્ટર બ્રહ્મ ભટ્ટે જણાવ્યું હતું. આ સેમ્પલોનો લેબ રિપોર્ટ હજુ આવ્યો નથી, ત્યારબાદ પોલીસના દરોડા વખતે પણ પનીરના સેમ્પલો લેવામાં આવ્યા હતા. સુરતમાં અત્યાર સુધી નકલી ઘી, નકલી દારૂ, નકલી ગુડખા, નકલી કોસ્મેટિક, સહિતની ખાદ્ય સામગ્રીનો જથ્થો સહિત સમ્યાંતરે જપ્ત કર્યો હતો. તેમ છતાં સુરત શહેરમાં નકલીનો વેપાર જોરમાં ચાલતો રહે છે.

**હજુ તો પનીરના સેમ્પલોનો લેબ રિપોર્ટ આવે એ પહેલા પોલીસે દરોડા પાડી જથ્થાબંધ નકલી પનીર જપ્ત કર્યુ હતુ**

# રામનગર ગણેશ મંદિર પાસેથી બિનવારસી બેગ મળી આવતા પોલીસ દોડતી થઈ

**બોંબ અને ડોગ સ્કવોડ ઘટના સ્થળે ધસી જઈ બેગ ખોલતા વાંધાજનક કશું મળ્યું ન હતું**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

દિલ્હીના લાલકિલ્લા ખાતે થયેલા કાર બ્લાસ્ટ બાદ સુરત પોલીસ દ્વારા પણ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહી છે, એવામાં આજે રામનગર ખાતે એક બિનવારસી સુટકેસ મળી આવવાની માહિતી સુરત પોલીસને મળતા ઉચ્ચ પોલીસનો કાફ્લો ઘટના સ્થળે દોડી ગયો હતો. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમ સાથે સુટકેસની તપાસ કરવામાં આવી હતી. લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને સુટકેસને જુલેલાલ મંદીરની પાછળ ખુલ્લામાં જઈને ખોલતા તેમાંથી કંઈ જ મળ્યું ન હતું. જેથી પોલીસે પણ હાશકારો અનુભવ્યો હતો.

દિલ્હીમાં થયેલા કાર બ્લાસ્ટની ગંભીર ઘટના બાદ સુરતમાં ભૂતકાળમાં બોમ્બ પ્લાન્ટ જેવા સંવેદનશીલ કેસો સહિત કુલ ૧૫ જેટલા ગંભીર કેસો સાથે સંકળાયેલા તમામ આરોપીઓ અને શંકાસ્પદ લોકોનું એક વિસ્તૃત લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. સુરત પોલીસ આ તમામ ૧૫ કેસ સાથે જોડાયેલા લોકો પર બાજ નજર રાખી રહી છે અને તેમની દરેક હિલચાલ પર વોચ ગોઠવવામાં આવી છે. દરમિયાન આજે રાંદેર પાલનપુર પાટિયા ગણેશ મંદીર સામે બીનવારસી સુટકેસ મળી આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. રાંદેર પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો કાફલો સૌપ્રથમ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ત્યારબાદ નાયબ પોલીસ કમિશનર સહિતનો કાફલો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. ઉચ્ચ પોલીસના માર્ગદર્શન હેઠળ આ શંકાસ્પદ શુટકેસની બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કેવોડની મદદથી તપાસ કરવામાં આવી હતી. જોકે ઉપરી તપાસમાં કંઈ શંકાસ્પદ પોલીસને દેખાયું ન હતું. ત્યારબાદ લોકોની સલામતીને ધ્યાને રાખીને સુટકેસને જુલેલાલ મંદીરની પાછળ ખુલ્લા વિસ્તારમાં લઈ જઈને ખોલવામાં આવતા તેમા કંઈ જ ન હતું. હાલ પોલીસે આ શુટકેસ કોણ મૂકીને ગયો છે તેની તપાસ કરશે. કોઈએ લોકોમાં ભય ઉભો કરવા ઈરાદાપૂર્વક શૂટકેસ મૂકી છે કે કેમ તે શક્યતા સાથે પણ તપાસ કરશે.

# સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ચાર દિવસ ભાજપની પદયાત્રા

**સુરતના પ્રત્યેક વિધાનસભા વિસ્તારમાં પદયાત્રા નીકળશે**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સુરત શહેર સહિત ગુજરાતભરમાં પદયાત્રાનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે. સુરત શહેર ભાજપ દ્વારા ચાર દિવસ પદયાત્રાનું આયોજન ગોઠવી દેવામાં આવ્યું છે. સુરત શહેરની પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રમાં આ પદયાત્રાનું આયોજન ગોઠવવામાં આવ્યું છે. આજે સાંજે આ પદયાત્રા અંગે સુરત શહેર ભાજપે એક પત્રકાર પરિષદ યોજી માહિતી આપશે. સુરતમાં તા.૧૬મીથી ચાર દિવસ પદયાત્રા વિધાનસભા ક્ષેત્રમાં ફરશે. આ તબક્કે સુરત મહાનગર પાલિકા તથા સુરત કલેક્ટર કચેરી દ્વારા પણ સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# જમીન અને દુકાનનો સોદો કરી દંપતિ સહિત ત્રણ જણાએ રૂા. ૧.૮૧ કરોડની ઠગાઈ કરી

**સિટી લાઇટના વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

પલસાણાની એક જમીન તેમજ વીઆઈપીરોડની એક દુકાનનો સોદો નક્કી કરી નવા મગદલ્લાના દંપતિ સહિત ત્રણ જણાએ સીટીલાઈટ ખાતે રહેતા વેપારી પાસેથી રોકડ તેમજ બેંક ટ્રાન્સફર મારફતે રૂ.૧.૮૧ કરોડ મેળવી લઈ દુકાન જમીનના દસ્તાવેજ નહીં કરી આપી અન્ય પાર્ટીને વેચવાની પેરવી કરી હોવાની ફરીયાદ અલથાણ પોલીસ સ્ટેશનમાં વેપારી દ્વારા નોંધાવાઈ હતી.

અલથાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ન્યુ સીટીલાઈટ રોડ થોમસ સ્કુલની સામે સાંઈ દ્વાર સોસાયટીમાં રહેતા પ્રમોદ રાધેશ્યામ જાંગીડ ઉ.વ.૪૭ વેપારી છે. સને ૨૦૨૧ના સમયગાળામાં ભરથાણા વેસુ ખાતે આસ્થા કેપીટલ કોર્પોરેશનની દુકા નં.૩૦૪માં તેમની મુલાકાત નવા મગદલ્લા ખાતે રહેતા મનીષ હીરાભાઈ પટેલ તેમની પત્ની ફેરીબેન પટેલ તેમજ મગદલ્લા કરીશ્મા સ્ટ્રીટ ખાતે રેહતા પ્રિતેશ ઉર્ફે પિલ્લુ અરવિંદભાઈ પટેલે પલસાણા ખાતે આવેલી એક કિંમતી જમીન વેચાણે આપવાનું તેમજ વીઆઈપી રોડની દુકાન પણ વેચવાનું જણાવ્યું હતું.

વેપારી પ્રમોદ જાંગીડે નક્કી થયેલા સોદા મુજબ બેંક ટ્રાન્સફર તેમજ રોકડેથી અને ચેક મળી કુલ રૂ.૧.૮૧ કરોડ પટેલ દંપતિને ચુકવી દીધા હતા. જોકે સમય જતા

અનુસંધાન પાના ૭ પર



સુરત ઓલપાડ સહોલ રોડના ડિવાઈડરની રંગકામ કરવામાં આવી રહ્યું છે. સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા આ માર્ગને ખુબસુરત બનાવવા રંગકામ કરવામાં આવી રહ્યું છે.

# હાઇકોર્ટના ચીફ જસ્ટીસની ખંડપીઠમાં આવતીકાલે યુસીસી કમિટી મુદ્દે કરાયેલી લેટર્સ પેટન્ટ અપીલ પર સુનાવણી

## સુરતના વેપારી અબ્દુલ વ્હાબ સોપારીવાલાએ માઇનોરીટીમાંથી કોઇ વ્યક્તિને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું ન હોવાને મુદ્દે અગાઉ હાઇકોર્ટમાં પીટીશન કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

યુનિફોર્મ સિવિલ કોડ મુદ્દે હાઈકોર્ટમાં કરાયેલી એલપીએ પર આવતીકાલે સુનાવણી હાથ ધરાશે. માઈનોરીટીને યોગ્ય પ્રતિનિધિ નહીં મળવા મુદ્દે અગાઉ હાઈકોર્ટના ચુકાદા સામે લેટર્સ પેટન્ટ અપીલ કરવામાં આવી હતી.

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ની રાજ્ય સરકારે નિયુક્ત કરેલી કમિટિ દ્વારા થોડા સમય પહેલા અલગ-અલગ કોમ્યુનિટીના અગ્રણીઓ તેમજ વિવિધિ સમાજ (માઈનોરીટી)માં આવતા લોકોને સાંભળવામાં આવ્યા હતા. યુસીસી બાબતે તેમના મંતવ્યો અને રજુઆતો સાંભળવવામાં આવી હતી. દરમિયાન આ યુસીસી કમિટીમાં માઈનોરીટીમાંથી કોઈ વ્યક્તિને

અનુસંધાન પાના ૭ પર

### યુસીસી કમિટી બનાવવા માટે સરકારે કોઇ લેખિત ઓર્ડર કર્યો નથી : ઝમીર શેખ (સીનીયર એડવોકેટ)

આ મુદ્દે એડવોકેટ ઝમીર શેખે જણાવ્યું હતું કે, સરકારને કમિટી રચવાની સત્તા છે. સરકાર આર્ટિકલ ૧૬૨ હેઠળ કમિટી બનાવી શકે. તેમાં કોઈ કોર્ટ દખલ કરી શકે નહીં તેવા કોર્ટના ચુકાદા સામે એલપીએ (લેટર્સ પેટન્ટ અપીલ) કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, સિંગલ જજનો જે ઓર્ડર છે તે અમારા અસીલને મંજુર નથી. કારણ કે, જ્યારે કોઈ કાયદો અસ્તિત્વમાં હોય તે કાયદા મુજબ જ કાર્યવાહી થવી જોઈએ. આ મુદ્દે કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ અમલમાં છે. તો સરકારે કમિશન એપોઈન્ટ એક્ટ હેઠળ કરવું જોઈએ. વધુમાં સરકારે જાણી જોઈને કમિટી બનાવવા માટે કોઈ લેખિતમાં ઓર્ડર નથી કર્યો. લેખિત ઓર્ડર જ ન હોય તો કેવી રીતે નક્કી થાય કે આ બંધારણીય છે કે, ગેર બંધારણીય. આ બાબત પર સિંગલ જજની બેન્ચે મુદ્દો ધ્યાન પર લીધો ન હતો.

# સસ્તા સોના-ચાંદીના સિક્કાની લ્હાયમાં આધેડે ૧૦ લાખ ગુમાવ્યા

**મહિલા સહિત પાંચ જણા કરામત કરી ગયા**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

નવસારી બજાર વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષિય આધેડને ત્રણ પુરૂષ અને બે મહિલા મળી ૫ જણાની ટોળકીએ સસ્તા ભાવે સોનું તેમજ ચાંદીના સિક્કા આપવાની વાતોમાં ભોળવીને આધેડ પાસેથી રૂ.૧૦ લાખ પડાવી લીધા હતા. આધેડને છેતરી જનાર આ ઠગ ટોળકી સામે ગઈકાલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. પોલીસે ટોળકીની શોધખોળ શરૂ કરી છે. આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ગોપીતળાવની સામે નવસારી બજાર

મેઈન રોડ પ્રજાપતી પંચની વાડી પાસે રહેતા હિતેશ નવનીતભાઈ પ્રજાપતિ ઉ.વ.૫૯નો ગત ઓકટોબર મહિનામાં મોહન બાબુભાઈ ડામોર, નાથુભાઈ લાલાભાઈ વાઘેલા તેમજ પ્રેમીલા નામની એક મહિલા તેમજ એક અજાણ્યો પુરૂષ અને મહિલા મળી ૫ જણાની ટોળકી ભેટી ગઈ હતી. આ પાંચેય જણાએ હિતેશ પ્રજાપતિનો મોહનભાઈ બાબુભાઈ ડામોરનું ખોટુ નામ ધારણ કરીને તે નામનું આધારકાર્ડ બતાવ્યું હતું ત્યારબાદ ટોળકીએ આધેડને સસ્તામાં સોનુ અને ચાંદીના સિક્કા આપવાની વાત કરીને તેની પાસેથી રૂપીયા પડાવવાનું શરૂ કર્યું હતું.

ટોળકીના જાંસામાં આવી ગયેલા આધેડે ટોળકીને ૧૦ લાખ રૂપીયા આપી દીધા હતા. રૂપીયા ગજવે ઘાલી આ ટોળકી રફુચક્કર થઈ ગઈ હોય ગઈકાલે આ બાબતે હિતેશભાઈ પ્રજાપતિ દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

અંતે નોંધનીય છે કે ગઈકાલે અસલી સોનું આપવા નું કહી નકલી સોનું પધરાવી રુપીયા ૧૨ લાખ પડાવી લઈ ટોળકી ગાયબ થઈ ગઈ હતી. આ બનાવ સંદર્ભે કોસંબા પોલીસ સ્ટેશને મહિલા સહિત ત્રણ વ્યકિત સામે ગુનો નોંધાયો હતો.

# ઇ-ચલણ એપ્લીકેશન મોકલી ફ્રોડ કરતી જામતારા ગેંગના ત્રણ ભેજાબાજો ઝડપાયા

**આરટીઓના નામે કે અન્ય કોઇ એપ્લીકેશનોના મેસેજ આવે તો લોકોને સાવચેત રહેવા સાયબર ક્રાઇમ પોલીસની અપીલ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

શહેરના એક સિનીયર સિટીઝનને આરટીઓ ઈ-ચલણની ફેક મોબાઈલ એપ્લીકેશન મોકલી ૨.૪૫ લાખ પડાવી લેવાના પ્રકરણમાં સુરત સાયબર ક્રાઈમ પોલીસની ટીમે અગાઉ બે આરોપીને ઝડપી પાડ્યા બાદ ઝારખંડની જામતારા ગેંગના સભ્યો પણ આ આખા નેટવર્કમાં સંડોવાયેલા હોવાનું તપાસમાં બહાર આવતા સુરત સાયબર ક્રાઈમની ટીમે ઝારખંડના જામતારાથી ત્રણ જણાને પકડી લાવી છે. આ ત્રણેય આરોપીઓ સામે ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આંધ્ર પ્રદેશ, દિલ્હી, અસમ, હરિયાણા, કર્ણાટક અને મહારાષ્ટ્ર મળી કુલ ૧૨૧ ગુના નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે આ જામતારા ગેંગે અત્યાર સુધીમાં ૧ કરોડથી વધુ રકમની છેતરપિંડી કરી છે. આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ગઈ તા.૨૭ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ શહેરના એક સિનીયર સીટીઝનને આરટીઓની ઈ-ચલણની એપ્લીકેશન મોકલીને ઠગી લેવાયા હતા. આ અંગે સુરત સાયબર ક્રાઈમ પોલીસે મો.સરફરાઝ યાસીન અંસારી ઉ.વ.૨૪ રહે. નવાડીહ, પો.બાસ્કુપી, થાના કરોન, જી.દેવઘર, ઝારખંડ અને રિયાઝ અંસારી મો.કલીમ મીયા ઉ.વ.૨૨ રહે. જામતારા ઝારખંડ તેમજ શહાઝાદ અંસારી નુર મોહમદ ઉ.વ.૨૦ રહે. જામતારા ઝારખંડથી ઝડપી લેવાયા છે.

આ ત્રણેયની ધરપકડ અગાઉ પોલીસે લઈક નફીઝ અને મો.અસલમ ઉર્ફે ગુડુ મકબુલ ઉર્ફે હારૂન અંસારીને ઝડપી પાડ્યા હતા. આ તમામની પુછપરછમાં સામે આવ્યું હતું કે, મો.સરફરાઝ સંતોષ મંડલ અને સિંકદર મંડલ જામતારા અને દેવઘર જિલ્લામાં રહીને ભારતના અલગ-અલગ રાજ્યમાં લોકોને વોટ્સએપ ઉપર બોગસ તથા બનાવટી આરટીઓ ઈચલણની એપ્લીકેશન મોકલી ફોન હેક કરી મોબાઈલ ફોનમાંથી ડેટા કાઢી લઈ રૂપીયા ટ્રાન્સફર કરી લેતા હતા. રૂપીયા ઉપાડવા માટે એક ગેંગને કલકત્તામાં પણ સક્રીય કરી હતી.

**પશ્ચિમ રેલવે**

**પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક**

સહાયક કોમર્શિયલ મેનેજર (બી), મુંબઈસેન્ટર-૪૦૦ ૦૦૮ હરાજી કેટેલોગ નં.: MMCT-PnUT-૨૫-૨૧ આમંત્રિત કરે છે. કરારનો પ્રકારઃ- સામાન્ય કરાર. શ્રેણીઃ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ . સ્ટેશન અને સ્થળઃ વાપી, વલસાડ, બીલમોરા, અને નવસારી સ્ટેશન ખાતે ટોઈલેટ બ્લોક્સ. કરારનો સમયગાળોઃ- ૩ વર્ષો. ઈ-હરાજીની તારીખઃ ૧૯.૧૧.૨૦૨૫. ઈ-હરાજીનો સમયઃ- ૧૨.૦૦. નોંધઃ નિર્ધારિત બિડરોને વિનંતી કરવામાં આવે છે કે આઈઆર ઈપીએસ વેબસાઈટ (www.ireps .gov.in) પર ઈ-હરાજી લિંકિંગ મોડ્યૂલ ની મુલાકાત લો. લોટ દીઠ વિગતો હેઠળ ઉલ્લેખિત કેટેલોગમાં ઉપલબ્ધ છે. શરુઆતી કોલિંગ ઓફ સમયગાળો ૩૦ મિનિટ છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ ૧૦ મિનિટ છે. લોટ દીઠ બંધ થવાનો સમય આઈઆરઈપીએસના ઈ-હરાજી મોડ્યૂલ પર જોઈ શકાય છે.

0771

અમને લાઈક કરો facebook.com/WesternRly